કુમાર

અંક ૧૩૭ મો

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

વૈશાખ
૧૯૯૨

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત





શિવનું નૃત્ય · ઇલોરાની મૂર્તિ ઉપરથી રેખાચિત્ર · આલેખક: શ્રી જગન્નાથ અહિવાસી



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહક વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છૂટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.

પિતાનાં ફૂલ

· શિખરિણી ·

અમે જેની ખાંધે વજન ફિકરોનું થઇ ફર્યા
બધે આયુર્માર્ગે, જગની ગલીકૂંચી વિવિધમાં,
ચડાણે, ઊંડાણે શિરવિટમણાંઓ થઈ ભમ્યા;
અમે લાવ્યા એ રે શરીર નિજ ખાંધે ઉચકીને,
અહીં લાવ્યા એ રે શરીર નિજ ખાંધે જનકનું.

અને જેનાં હાડે પૂરવજદીધી પ્રાણસરણી
પુરાણી પોષાઈ વહી અમ મહીં કૌતુકવતી,
અમે આવ્યા એ રે નિજ જનકના હાડઢગની
પડી સાનીમાંથી અગનબચિયાં ફૂલ વીણવા.

ભરી વાળી સાની ધખધખ થતી ટોપલી મહીં,
અને પાસે વ્હેળો ખળળ વહતો ત્યાં જઈ જળે
ડબોળી, ટાઢોળી, જરીક હલવી, ને દૂધસમા
પ્રવાહે સ્વર્ગંગાજલ થકી શકે તારક વીણ્યા!

વીણ્યા તારા, ફૂલો, જગનું બધુંયે સુંદર વીણ્યું,
ન લાધે સ્હેજે જે, શિવ સકલ આજે મળી ગયું;
શમ્યા મૃત્યુશોકો, અમર ફરકંતી નિરખીને
પિતાનાં ફૂલોમાં ધવલ કલગી વિશ્વક્રમની.

ઉમાશંકર જોષી

❡ ફૂલ એટલે મૃતજનના અવશેષ–હાડકાં. ચિતા શમી ગયા પછી બીજી સવારે પિતાનાં એ 'અગનબચિયાં ફૂલ' વીણવા જતા પુત્રોને યાદ આવે છે કે જેના ખભા ઉપર જીવન આખું પોતે ફિકરનો બોજો બનીને ભમ્યા તે પિતાને પોતાના ખભા પર તેઓ અહીં લાવ્યા; અને જે હાડમાં પૂર્વજોથી વહી આવતી પ્રાણસરણી પોષાઇ તથા જે કાલક્રમે પોતામાં પણ પ્રકટ થઈ તે હાડના અવશેષો પોતે આજે વીણે છે. ❡ અને પછી, ધખધખતી રાખ ટોપલીમાં ભરી, પાસેના વહેળામાં ડબોળી ટાઢી પાડતાં, રાખ પાણીમાં વહીને ધવલ ફૂલ હાથ આવ્યાં;—જાણે સ્વર્ગંગાના દૂધ જેવા પ્રવાહમાંથી તારાઓ લાધ્યા! તારાઓ જ નહિ, જગમાં જે કંઇ સુંદર છે, જે કંઈ કલ્યાણમય છે તે બધું જ જાણે આ ફૂલો સાથે મળી ગયું. પછી તો મૃત્યુના શોક–આક્રોશ પણ શમી ગયા; કેમકે પિતાનાં એ ફૂલોમાં વિશ્વક્રમની ધવલ કલગી ફરકતી દેખાતી હતી. ❡ પૂર્વજોની પ્રાણસરણીથી માંડીને, શિવ અને સુંદરનું તથા વિશ્વક્રમની ઉત્ક્રાન્તિનું પિતાનાં ફૂલમાં ઉત્તરોત્તર દર્શન કરતું વિચારનું ઉડ્ડયન એ આ કાવ્યના વણાટમાં સોનેરી તાર છે, અને મહીં 'અગનબચિયાં ફૂલ' જેવા સાદી ભાષાના સુંદર વર્ણો ચમકે છે.



શ્રી ઉદયશંકરની નૃત્યકલા પર ઊડતી નજર



ઉદયશંકરનું 'ઇન્દ્રનું નૃત્ય'

● તા. બીજી અને ત્રીજી મેની રાત્રિઓ અમદાવાદના કંઇક નગરજનોને ચિરસ્મરણીય બની હશે. વર્ષોથી નૃત્ય અથવા નાચ તરફ નજર કરવાનું પાપ સમજી આંખ મીંચી બેઠેલી જનતાએ પહોળે હાથે ભારતના આ લાડકા કલાધરને વધાવી લીધો છે. માત્ર પ્રસિદ્ધિએ જ તેના તરફનું આકર્ષણ વધાર્યું છે એમ કહેનારાઓની ભૂલ ત્યારે જ ભાગે, જ્યારે તેને એકવાર નૃત્યમંચક પર, સ્થળ અને અવકાશ ઉપર અજબ આંદોલનો ને કલામય રેખામંડળોમાં ઘૂમતો જુએ. અને એના પ્રચંડ મોજાં સમા એ નૃત્યવિહારમાં સન્નારી સિમ્કીનું નારીતત્ત્વ જ્યારે રૂપેરી રોશની ફેંકે છે ત્યારે પુરુષ અને પ્રકૃતિનો સનાતન યોગ સહજ પ્રત્યક્ષ થઇ જાય છે. ઘણીવાર એવું બને છે કે પુરુષની ગમે તેવી ઉત્કૃષ્ટ છટા ને લાલિત્ય, સ્ત્રીસુલભ માર્દવ તથા સુકોમળતા આગળ મંદ ભાસે છે; પણ આ બે જણના નૃત્યમાં તો ઉભયના કલાંને ઉત્તેજનારાં પ્રેરણાડોલનોથી એકમેકના અધિકાર દીપી ઊઠે છે.

પણ સન્નારી સિમ્કીના પવિત્ર સમર્યાદ ભાવવિલાસોની મોહિની અનુભવ્યા પછી યે શ્રી ઉદયશંકર રંગમંચના એક અને અદ્વિતીય સ્વામી તરીકે વિજયી જ રહે છે. આના પાત્રાલેખો વિષે એમ કહી શકાતું નથી. આનાબાઈ જે પાત્રોને સાથે રાખતાં તે પોતાના વર્તુલની શોભાપૂર્તિ કરવા પૂરતું જ લાગતું. ઉદયશંકર તો જે પરમેશતત્ત્વનો પ્રતિનિધિ બને છે તેને યોગ્ય નરોત્તમરૂપે ભાસે છે. પણ એ નૃત્યલીલાઓ નામનિર્દેશથી કે શબ્દોના વર્ણનથી શી રીતે હિસાબમાં લાવી શકાય? વાયુના સુસવાટાની જેમ તે પ્રવેશ કરે છે અને તેણે ખાસ યોજેલાં હિંદી વાજિંત્રો એકેએક તાલ અને રણકાર કે કદમ પર એક પછી એક ક્રમ સાચવતા નૃત્યની ગતિ પ્રમાણે આરોહ અને અવરોહના મેળ પાર ઉતારે છે ત્યારે જ ઉદયશંકરની કળાનું પ્રભુત્વ ખ્યાલમાં ઊતરે છે. એની નજરનો ભાગ કે ડોકનું ડોલવું કે હાથનું કંપવું એવી સફળતાથી વાજિંત્રોની ભાષામાં સ્વરવ્યંજના આપે છે કે વાજિંત્ર નૃત્યને પ્રેરે છે કે નૃત્ય વાજિંત્રને પડકારે છે એ કહેવું કઠિન થઇ પડે.

શ્રી ઉદયશંકરનો વાજિંત્રસમૂહ આધુનિક નૃત્યકળામાં એક અગત્યનું પ્રકરણ પૂરું પાડે છે. હિંદુસ્તાનના ખૂણેખૂણેથી એકઠાં કરેલાં વાજિંત્રો—કુદરતે નીપજાવેલા શંખના પંચમ નાદથી માંડી ખરજનો ધમકાર કરતી બર્મી ઘંટાના તદ્દન નવીન પ્રયોગ સુધીનાં અનેકવિધ વાદ્યો—નૃત્યમૂર્તિઓની દૈવીવાણી સુસ્પષ્ટ રૂપે પ્રકટ કરતાં જણાય છે. હિંદી રાગરાગિણીના આલાપો અને તાલમેળોમાં એ વાદ્યો જ્યારે એકાગ્ર બની નૃત્યની આરતી જમાવે છે ત્યારે કળા અને સંસ્કૃતિનાં સન્માન પ્રજાઓ શા માટે કરે છે તે સહજમાં પ્રત્યક્ષ થાય છે.

તાલ, સંગીત, અભિનય વગેરેની અપૂર્વ સાધનાની પ્રતીતિ કરાવવા ઉપરાંત શ્રી ઉદયશંકરે હિંદી કળા ને શિલ્પે સંઘરેલી એક એક નૃત્યપ્રતિમાનો સાંગ પ્રયોગ પોતાનાં નૃત્યવિધાનોમાં સાક્ષાત્ કરી બતાવ્યો છે. અટપટી કે અકળ લાગતી શિલ્પકૃતિમાંની અપ્સરાઓ ઉપરાંત શિવ, વિષ્ણુ ને કાર્તિકેયનાં ભવ્ય દેવસ્વરૂપોનો તેમના અલંકારો સમેત સૂક્ષ્મતમ અભ્યાસ કરી નૃત્યનું સંપૂર્ણ ચિત્રસર્જન કરવામાં આ કલાકારની નિપુણતા બીજા અનેક સ્વાંગનિષ્ણાતોથી ચડી જાય છે. પરંતુ આ યુગે નેપથ્યરચનામાં જે પ્રગતિ બતાવી છે તેનો લાભ લેવાનું તેમણે કેમ સ્વીકાર્યું નથી એ ચિત્રયોજનાના અભ્યાસીને પ્રશ્નરૂપ લાગે છે. માત્ર નૃત્યનાં સૂચનો પર જ શ્રદ્ધા ધરાવનાર આ કલાકારને ગામેગામથી મળી શકતી સગવડો પર જ આધાર રાખવો પડે છે. વાતાવરણમાં સ્વરની આટલી સૂક્ષ્મ ચોકી રાખનાર ઉદયશંકરના નૃત્યકોને કાળી જવનિકા આગળ વાજિંત્રોના ઢગલા પાસે બેઠેલા જોઇએ છીએ ત્યારે વાજિંત્રોની દુકાન કે સંગ્રહસ્થાનનો ખ્યાલ પહેલો આવી જાય છે; તેમજ કામનાં ન કામનાં બધાં વાજિંત્રોની એકસામટી હાજરી, નજરને નવા વિચારો અથવા કુતૂહલ પેદા કરે છે. તેની સમીપમાં થતા નૃત્યની માનસસૃષ્ટિમાં તે વિક્ષેપક બને છે. શ્રી ઉદયશંકરે તો યુરોપની અનેક નેપથ્યરચનાઓ જોઇ હશે જ, છતાં આ પ્રકાર શા માટે તેમણે પસંદ કર્યો છે તે સમજાતું નથી. મનુષ્ય જેમ પ્રસંગોચિત કલાસ્વાંગ ધરે છે તેમજ પૃષ્ઠજવનિકાનું રૂપાંતર પણ થવું જોઇએ અને બીનઉપયોગી આકર્ષણો દૂર રાખવાં જોઇએ. શ્રી ઉદયશંકરના

બધા જ પ્રયોગોમાં પ્રકાશનો એકસરખો છૂટથી થતો ઉપયોગ પણ તેમની કળ ઉપર ઓછાયો નાખે એવું લાગે છે. જેમ સંગીતના સૂરો અને તાલોનાં બળ પર તેમણે નિયંત્રણો સાચવ્યાં છે તેવી જ રીતે પ્રકાશના રંગો અને વધઘટ તેમના પ્રયોગોમાં બહુ જ મહત્ત્વનો ફાળો આપી શકે.

શ્રી ઉદયશંકરના નૃત્યપ્રયોગો જોનાર પ્રત્યેક જણ, ભલે તે રાગરાગણી તાલમાપ કે નૃત્યના ભેદો જાણતો હોય કે ન હોય તોપણ, એટલું તો જરૂર અનુભવે છે કે નૃત્યના આહ્લાદ ભોગવ્યા વિના જીવનવિકાસ અધૂરો જ રહે છે, અને ગમે તે વયના માણસ માટે નૃત્યમાં અનુકૂળ પ્રકારો મળી રહેવાનો અવકાશ છે જ. નૃત્યની ઊર્મિથી જે ડોલી શકતા નથી તેમનામાં સંસ્કાર અને સાનની સચ્ચાઇ છે કે નહિ તે શંકાસ્પદ છે. ઉદયશંકરનાં નૃત્યવિદ્યાનો ભારતીય જનતાને એકતાન ને એકલયમાં ડોલતી કરવાનાં પુન્ય પામ્યાં છે; પણ એક વાત સખેદ લખવી પડે છે કે તેમના પ્રવાસો ભારતની ગરીબી આગળ ખર્ચાળ તમાશો બને છે ગુરુદેવ રવીન્દ્રનાથે શાંતિનિકેતન સ્થાપી તેમના જ્ઞાનનું ગંગાદ્વાર સ્થાપ્યું: ઉદયશંકરજીની કળાનો સાચો સમારંભ તો ત્યારે જ થશે કે જ્યારે એમનાં પ્રતિનિધિ સ્વરૂપો એમનાં દેહ-ડોલનનો મર્મ ભારતને એકેએક ખૂણે પ્રચારતા થશે. **ર.મ.રા.**



એક અમેરિકન કલાકારે આલેખેલું ચિત્ર 'લિટરરી ડાઇજેસ્ટ' ઉપરથી

કારમા ભણકાર—યુદ્ધનો પિશાચ

● કલા, સાહિત્ય, સ્થાપત્ય, વિજ્ઞાન વગેરેની અજબ પ્રગતિ સાધી રહેલું જગત સંસ્કૃતિના ઇતિહાસમાં નવું પ્રકરણ નિહાળી રહ્યું છે, એ વખતે આ શું? જગતની શાંતિ પર ડોળા કકડાવતો યુદ્ધનો પિશાચ દેશેદેશના ખૂણા ધુણાવી રહ્યો છે. જગતની અત્યારની આવી સ્થિતિને આલેખતું એક અમેરિકન કલાકારનું ચિત્ર આ ઉપર આપ્યું છે. યુદ્ધનો પિશાચ માનવજાતને શસ્ત્ર ખેંચવાનો પડકાર કરે છે, અને યુવાન તથા સશક્ત આદમીઓને ઘરનાં મેહમાયા તજી, સ્નેહના તંતુઓ છેદી, સંસ્કૃતિની પ્રગતિ તથા માનવકલ્યાણના પ્રયત્નો છોડી, મેદાન પડવાનાં આહ્વાન થવા લાગ્યાં છે. શું થશે એ કોણ કહી શકે? આ સંસ્કૃતિ, આ કળા, અને વિજ્ઞાન સાહિત્યના આ ભંડારો પર યુદ્ધની કારમી જ્વાળાઓ વરસશે? માનવસમાજ છિન્નભિન્ન બની સંહારનું માળખું માત્ર બની રહેશે? કે સમજુ માનવી યુદ્ધના એ પિશાચને ખાળીને તદ્દન નવીન આદર્શોપર દેશપરદેશના સંબંધો ઘડશે? વાદ અને સ્પર્ધા વિહોણું જગત એકમેકને સહાય અને સેવા આપવાનું વ્રત લેશે? સ્ત્રી-પુરુષ-બાળકના સંબંધોમાં કોઈ નવી કલ્યાણ-સાધક સમાજરચના પ્રવર્તશે? કોણ કહી શકશે? આજ તો યુદ્ધના વિજયઉપહાર રૂપે નરમુંડની માળાઓ જ દેખાય છે!

લેખકોને

જેમણે અમને લખાણો મોકલ્યાં છે એવા સૌ લેખકોને વિનંતિ છે કે બીજાં રોકાણોને લીધે અમારી પાસે એકઠાં થએલાં કાવ્યો–લેખો વિષે નિર્ણયો કરવામાં અણધારી ઢીલ થઇ છે; તે માટે દિલગીરી સાથે ક્ષમા યાચીએ છીએ, અને વહેલામાં વહેલી તકે એના નિર્ણયો કરવાની આશા રાખીએ છીએ. જેમણે પોસ્ટેજ મોકલ્યાં છે એમને નિર્ણય થયે તરત ઉત્તર મળી જશે.—સંપાદક

નોંધ અને અર્થ

દરિયાનાં જીવન જુદાં, એના ભોંયા-ની દિશ જુદી, એની જબાન જુદી. એમાં પાંડિત્ય, વ્યુત્પત્તિ, જોડણી અને સમન્વયનો બોજ નહિ. જીવન મરણના ખાંડાખેલ રમનારને જીભના લોચા વા-ળવા પરવડે નહિ. એ ખેલ ખેલનારા ગયા; સાથે એની સાબદી બોલી યે ગઇ. તેમાં યે ઇસ્કોલિયાં ભણતરે તો શહેરી જીવનની નમાલી જરૂરિયાતો પૂરતો અ-ધુરો શબ્દભંડોળ જ સાચવ્યો છે. કો-ળિવા, કાછિયા, માછી, ગિયાણા, ખેડૂ, કારીગર વગેરે વચ્ચે આજનો ઇસ્કો-લિયો પંડિત, સઢ ખુવા ભાંગેલી કિસ્તી પેઠે દિશ વગરનો સલવાઈ રહે છે. તેમાં, આ તો ગામડાંમાં યે હવે નાબૂદ થઈ ગયા જેવી બોલી. જ્યાં મૂળ જ ઉખેડાઈ ગયું ત્યાં ટેટા ક્યાંથી ઓળખાય?

એટલે આવા દરિયાઇ કિસ્સાને જરીક લાક્ષણિક ઓપ આપવા જતાં ખુશ્કી જવાને માટે લીટીએલીટીએ સૂચિ-ચિહ્નો ભરવાં પડે છે. કેટલાકોએ લખ્યું કે ‘હડકી વારી આઇ’ અમને સમજાઈ નહિ. એવાઓ માટે ‘કુમારે’ કાળજી-પૂર્વક સૂચિ મંગાવી છાપી હતી; છતાં એમાં પણ ઘણાને મજા ન પડી. પાણી-દાર અખરોટનાં કવચ તોડી ખાવા કરતાં બધાને હવે ‘ક્રૉસ ઍન્ડ બ્લૅક-વેલે’ વિલાયતથી કાઢી મોકલેલો તૈયાર મગજ જોઇએ છે;--કારણ આજના જ-વાનની હથેલીમાં જોર નથી, શહેરી ઘરમાં પાંદુડી રહેતી નથી, અને કમાડની બેવડ વચ્ચે અખરોટ ભાંગે એવાં કમાડ પણ આજના ઘરધણીઓ બનાવતા નથી!

આ ઉણપ પૂરવા જોડિયાના રા.રા. હરિલાલ રંગીલદાસ માંકડે હામ ભીડીને પુષ્કળ મહેનતે એક નાનોસરખો, અને વ્યુત્પત્તિવિદ્વાનોને પેટપૂરતી લડાઇ કરાવે એવો, પણ ગૂજરાતની આ વિષેની હી-ણપત ટાળનારો કોષ તૈયાર કર્યો છે. એ બહાર પડશે ત્યારે ‘સુકાની’ને નાખવા બોલાવીને ફરી એનો ખુશ્કી તરજુમો કરવાની મહેનત બચી જશે.

દરમિયાન આ નીચે સમજૂતી આપી



વિક્રમની અઢારમી સદીના આથમણ દાયકાની આ કહાણી છે.

બંગલા સાયરની માથેનરી કંઠારે, આજની પેઠે તે વખતે પણ, અનેક બંદરો ધીખતાં વહાણવટાંની હૂંફે લાહોલા વેપાર ખેડતાં હતાં. એ બંદરોની જિંદગી, આજની પેઠે જ, માટીના માણસ કરતાં યે વધારે ક્ષણભંગુર રહેતી હતી—રહે છે; કારણ . . . . . .

કારણ કે બલરામનો દેહ વીંધી નીકળેલા હજાર ફણાએ ફૂંફાડતા ભોરીંગરાજ પેઠે, હિમાચલનો દેહ વીંધી નીકળેલાં અને અસંખ્ય મુખે સાગરસંગમ શોધતાં ગંગા જમનાં અને બ્રહ્મપુત્રાનાં પ્રચંડ જલપૂર, લાખ્ખો-નાં જીવનસાધન બનતાં અને હજારોને મૃત્યુદાન દેતાં, કંઠારેકંઠારે આસમાની સુલતાનીના સમવિષમ દાવ ખેલી રહ્યાં છે. ઘર, ખેતર, ગામ ને શહેરને વર્ષો સુધી વહાલસોઇ માતા જેવી શીતળ ગોદમાં હુલાવી, કોક દિ' અણ-ચિંતવ્યા રોષથી બધાંને પાતાળપેટમાં ગરક કરી દેતાં અને કંઠારે વસની મહાપ્રજાઓને અકારણ ભાગ અભાગ નવાજતી વિધાતા જેવાં આ તાગ વગરનાં નીરપૂર, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ બનાવતાં આજે પણ કામરૂ–ગૌડમાં તારણમારણ મહાકાલી જેવાં ગાજી રહ્યાં છે.

આવાં પાણીની ઉત્તર કંઠાર ઉપરના એક નામચીન બંદરના બારામાં મેઘલી સાંજનો સમય હતો. દેશદેશના ઝંડા અને મુલકમુલકની ભરતીનાં ભોમિયાં નાનાંમોટાં અનેક જહાજો જાણે દિવસભરની હાડમારીનો થાક ઉતારતાં હોય તેમ ઊતરતા જુવાળની આલડને ઝોંકેઝોંક બેય તરફના રસ્સા ઢીલતાણ કરતાં મોરા-વાંઢાર હીંચોળા લેતાં પડ્યાં હતાં; જ્યારે કેટલાંક મોરા-સંગર નાંગરેલાં હોવાથી, ઝડપતા ભાઠાની આડરે કે ઠેલાતાં, રાજસવારીના દમામથી પરવારી ગેલમાં આવેલા માતંગરાજ પેઠે સાત્રી–ઘોડી ડોલતાં'તાં અને એમ ડોલતાં ઠેલાતાં મોરદિશ બદલાવવાં મંડ્યાં હતાં.

અને આ જહાજમેહફિલ જાણે જગજગની પાણીપંથારમાં જડેલી આપવીતી પરવીતી આપસઆપસને કહી સંભળાવતી હોય તેમ, વહાણ-વહાણેથી જૂજવા જૂજવા અવાજો અસોસ આવ્યા કરતા હતા. આ સૌદાગરી આરમારીની મેહફિલમાં, બહુરંગી દુનિયાનો એકે ય રંગ અણપૂર્યો નો'તો.

એક બાજુ, કોઇ કદાવર સીનાનો ભૂમ, માદરવતન ઇરાનની મગરૂર સાગરગાથા કહેવાને હોય તેમ, ઊંચા મોરાના એક કોઇશમી બગલા તરફ હળવી હલકે ઘૂમતો જતો'તો; જ્યારે જાસમી ચાંચિયાઓના કરપીણ કિસ્સા-ઓથી સડતી બંદૂલની રખે એ અફસરી દિમાગના ઇરાનીને ધમક આવે એ બીકે એ બગલો પડખે પડેલા કોઇ હમવતન ધાઉ તરફ સરકતો જતો'તો.

એક બાજુ વળી વલંદાઓનો ફૌજી ઝંડો ઉડાડતી એક ફતેહમાર

આ વાર્તાનો સાચો રસ માણવા માટે વાર્તાને બંને પડખે આપેલી નોંધ અને અર્થ વાંચવાં જરૂરી છે. પહેલાં એકવાર નોંધ વાંચી જવી; અને પછી વાર્તાની સાથોસાથ ધ્યાનપૂર્વક અર્થ જોતા રહેવા. કેવળ વાર્તા વાંચવાના ઉપરચોટિયા રસથી નહિ, પણ અભ્યાસક બુદ્ધિના સ્થિર રસથી વાંચવાથી વાર્તાનો ખરો આનંદ મળશે. અને એકવાર વાર્તાના વ્હેણમાં લેવાયા પછી તો . . .

બે ય પડખે પડેલા હબસી શંબૂક અને હેબાટી જગનીના સારધાર ગંદા ખલથી પોતાની રંગરૌનકને અલવલ ન આવે એ બીકે હોય તેમ, ફંદાસાપણ ઉપર હાથીમથા ધક્કડાઓનો હાર લુડાવતી'તી; અને આવો નમાલો પડોશ વાત માટે પણ નાલાયક હોય તેમ, દૂર પડેલા કોઇ ફિરંગી બરછા સાથે ફનોસ (ફાનસ)ના ઝાટકારા મારી ઇશારાથી જાણે ગપ્પાં હાંકતી'તી.

. . .અને આમ ને આમ, નજર પણ ન પહોંચે ત્યાં સુધી, બેડા ને બગલા, કોટિયા ને પડાવ, ડન્ગા ને ધૂડ, ગંજા ને ધાઉ, ખચ્ચર ને ગંજાવર, મંઝી ને બતેલા (વહાણોની વિવિધ જાતો)ની જાણે મેહફિલ જામી પડી હતી; સાંજ પડ્યે ગામને પાદરે બેઠેલા વડીલો વચ્ચે જાણે ટાબરિયાંઓ ધમાચકડી કરતાં હોય તેમ હોડી, કટારી, કિસ્તી, તર, સંપાન વગેરે પણ આ મેહફિલમાં ચારે કોર આમથી તેમ દોડધામ કરતાં હતાં. એ મેહફિલની જબાન સમજાય તેને સાત સાગર ઉભરાય એટલો રસ પડે. કમનસીબે, અચાનક ઇતિહાસ બની ગએલા એ કાળમાં તો, આટલા રસને તો માત્ર ટીપું સમજે એવી બડિયા તુમજાવાળા જવાનો આ દેશમાં જનમતા હતા. અફસોસ એ છે કે એ ચિરંજીવી જવાનોને 'હતા' કહેનાર પણ આજે જનમતા નથી!

બહરી અલગારથી દૂરદૂર, દોમદોમ સાહ્યબીવાળું એક મોટું શહેર, ઝડપથી ઊતરતાં અંધારાંમાં ઝગમગવા માંડ્યું હતું. શહેરભરનો કોલાહલ કોસિયા–સુરિયા વાવડાએ લ્હેરાતો પાણી ઉપર થઇ વહાણવહાણને તૂતકે પહોંચતો હતો અને સદાપરદેશી વહાણખેડુઓનાં દિલમાં, નિતવિખૂટી ધણિયાણીની સૂરીલી હલક, ગોસગોસને ગાળે મળતી દોસ્તીના એખલાસ, ઘરઓરડાંના જવલ્લે મળતા વિસામાની શીળપ, અને દરિયાદરિયાની માઝમ શેરીઓની પેલે પાર ઉછરતાં બાલુડાંઓના કિલ્લોલ, એ બધાંના ભણકા ઉઠાડતો હતો. કાળોતરા આકાશમાં ઝબકતા તારામંડળ પેઠે અંધારી પાણીવાટોમાં જહાજ જહાજનાં ફનોસ ચમકવા માંડ્યાં હતાં. 'ધીરે' પાછા ફરતા નાખવા, સિરાંગ, તંડેલ, ખારવા વગેરે પાસેથી રોજી મેળવવાની હરીફાઇમાં જાતજાતની કિસ્તી કટારીઓ, ઉતરતા વોનીતાણમાં હલેસાને ઇશારે સાગી મારતી, એકબીજાંને ઠેલની હડસેલતી, ફુડધા પાસેની અસંખ્ય પગથારોને ઘેરી વળી હતી.

આ પગથારની માથલી શેરીઓની અંધારી ભૂલભુલામણીમાં, ભોળા સાયરબચ્ચાઓને મડાંવળ નીચોવનાર કાંઠા-બઝાર લાગી પડી હતી. એ બઝારમાં કિસમકિસમનાં આરબી કાવાખાનાં, ઇસ્લામાબાદી હુક્કાખાનાં, પંજાબી હમામખાનાં, ચીનાઇ ચંડૂલખાનાં અને દુનિયા આખીનાં ચૂડેલ-ખાનાંઓ પોતપોતાનો હરામપેશો ધમધોકાર ચલાવી રહ્યાં હતાં.

છે—વાર્તા વાંચતાં અર્થ જોવા માટે. જોકે વીરકથાઓ તો સમજાય નહિ અને હૈયું ધડકાવે તો યે બસ છે. બહુ બચપણમાં કૅપ્ટન મરાયટની વાતો વાંચતાં તમારા આ'સુકાની'ને કોષની જરૂર નહોતી પડી, કારણ કોષ જોવા જેટલી ધીરજ જ રહેતી નહોતી! વીરગાથા હમેશાં સ્વયંદીપક હોય છે—વેદાન્ત પેઠે એમાં 'ડુકૃઞ્‌કરણે' કરનારાના હાથમાં કાચલી રહે છે, પણ ટોપરૂં વેડફાઇ જાય છે.

આ કોષ લખતી વખતે ગૌડ દેશમાં 'પદ્દાં'ને લાડકે નામે ઓળખાતી નદરાણી પદ્માની બંને કંઠાર હિંદોળા લેતી સરતી જાય છે. આજે 'પદ્દાં' શાંત સુહાગિણી નગરનારી જેવી હસતી દેખાય છે; છાતીએ બાલુડાં જેવી 'સ્ટીમર ઑસ્ટ્રિચ' ને હુલાવી રહી છે; આકાશ સ્વચ્છ છે; છતાં બે ય કંઠારે એના ચંડ સ્વભાવની અનેક નિશાનીઓ પણ દેખાતી જાય છે.

જે કિસ્સો 'ધુટાકિયા બાણ'માં વર્ણવ્યો છે તે જગ્યા અહીંથી બહુ દૂર નથી મકના નાયકના કોટિયા 'આશા-પુરા'નાં પઠાણ નીચે ત્યારે પણ આ જ જલ સમુદ્ર રૂપે ઊછળતાં હતાં. 'પદ્દાં' તો કૈલાસથી ચાલી આવી છે ના? એના દક્ષકન્યા રૂપે ગૌરવશાળી આત્મભોગ, ઉમા રૂપે ઉગ્ર તપ, ભીલડી રૂપે રંગતાન, અને ચંડી રૂપે કૈલાસનાથના ખુદના દેહ ઉપરનાં તાંડવ—એ બધું 'પદ્દાં'ના સ્વભાવમાં જરૂર પ્રત્યક્ષ થાય છે. તેવી જ એની બહેનપણીઓ મેઘના, બ્રહ્મપુત્રા અને જમનાં. એના દેહ પોતાનામાં સમાવતાં ફાંગફાંગે સાગરરાજ પણ ધડકી રહ્યો છે. કાંઠેકાંઠે ગરીબ ગ્રામવાસીઓ દૂધ, ફૂલ અને શ્રીફળ 'પદ્દાં'નાં જલમાં પધરાવતા દેખાય છે; સ્ટીમરના તુતકેથી બીજાં શ્રીફળો અંદર ઉમેરાય છે. વિધાતા જેવી નિશ્ચલ ભાવવાળી 'પદ્દાં'ના પેટની વાત કોઇથી સમજાય એમ નથી.

ત્યાં તો દૂરથી એકાદ દારૂણ ધડાકો સંભળાય છે; એ સાંભળી મુસાફરો એક-બીજાનાં મોં સામે અવશ બની જુએ છે. કોક ભાવિક 'પદ્દાં'નાં ભજનિયાં બોલવા માંડે છે, અને એ ધડાકાના પડઘા શમી

જતાં 'દોયા મા' 'દોયા મા' (દયા, મા!) એમ આર્ત સ્વરે બોલે છે.

આ ધડાકા વિષેની અનેક અટકળ-કથાઓ શરૂ થઇ શમી જાય છે, અને જગદંબા જેવાં રૂપાળાં સ્મિત કરતી 'પદ્દાં' ગૌરવભરી વહી રહે છે.

ધુડાકિયો બાણ: બાણ=ભરતીઓ મોજાં. બેંગાલ ગેઝેટિયરમાં આવા બાણ સાથે, આ તરફ સંભળાતા ધડાકાઓને કંઈક સંબંધ હોય એવો મત દર્શાવ્યો છે. જ્યાં એ સંભળાય ત્યાંનાં નામ સાથે 'ગન્સ' શબ્દ જોડાય છે; જેમકે, બોરિસાલ ગન્સ, ખુલ્ના ગન્સ, પતંગા ગન્સ વ૦


લાહૈલા: પાર વગરનો, ઈલાહી

જમનાં: પણ ગંગાસાગરમાં મુક્તિ પામતી જમનાંનો અહીં અણધાર્યો અવતાર પૂરવ બંગાલમાં થયો છે. પ્રથમ બ્રહ્મપુત્રામાં સામેલ થએલાં એ કૃષ્ણજળ, કુદરતના કોઈ ધમસાણમાં ફરી જુદાં પડી ગોલપારા, દિબ્રુગઢ ને ડૂબરી રસ્તે પ્રકટ થાય છે.


કામરૂ: આસામ; ગૌડ: પૂરવ બંગાળ

આલડ: વળતાં પાણી

બેય તરફના રસ્સા: ફિક્સ્ડ મૂરિંગ્સ (Fixed Moorings). વહાણને બંને બાજુ રસ્સા બાંધ્યા હોય તે (નીચેનું ચિત્ર)



મોરાસંગર નાંગરેલાં: સ્વિંગિંગ મૂરિંગ્સ (Swinging Moorings) નીચેના ચિત્ર મુજબ વહાણને એક જ બાજુ રસ્સા બાંધ્યા હોય તે.



ભાઠો: ઊતરતો જુવાળ, ઓટ.

રૈંક: જુવાળની પ્હેલતરી ઠેલ.

એ કાંઠા-બજારની પાછેતર અંધી પોળમાંના એક ખંડિયેર કાવાખાનાના બંધ દરવાજા પાછળ લાંબી પાટ ઉપર ચટાઇ બિછાવી ત્રણ માણસો ધીમે સાદે ગુફતેગોમાં મશગૂલ બેઠા હતા. ત્રણે વચ્ચે ચાર હાથ ઊંચો ને દોઢ વામની નળીવાળો હુક્કો પડ્યો હતો, જે વડે વારાફરતી એકેક જણ છાતીભર દમ ખેંચી ચલમમાં ભડકો ઉઠાડતો હતો. આ ભડકાથી જે ધુમાડિયો ઉજાશ થતો તે સિવાય એ કાવાખાનામાં કાળું અંધારૂં હતું. એ વિસાતા-બુઝાતા ઉજાસમાં પણ ત્રણેયના ચહેરા બહારથી ઢળી પડતા પરંતુ ભીતર ખોફનાક ઊંડાણ છુપાવતા સાગર જેવા લાગતા હતા. આમાંનો એક તે આ કાવાખાનાનો માલિક ઓલિમિયાં (અલી મિયાં) માંજી; બીજા બે હતા પચ્છમધરાના ખારવા, મકનો નાયક અને કાનજી માલમ.

ઓલિમિયાં માંજીનો દેખીતો ધંધો કાવો વેચવાનો હતો, પણ એના કાવાખાનામાં વાંસળા ફરે તો ય ફુટી પ્યાલી મળે એમ ન હતું. એના કાવાખાનાની ચારે દીવાલોમાં જ નહિ, પણ છતમાં ને ભોંયમાં વટીક જાતજાતના છૂપા દરવાજાઓ હતા, કારણ ઓલિમિયાં માંજી તે કાળનો આલમમશહૂર દાણચોર હતો. નાજુક બાંધણીનું છતાં લોખંડી સીસમનું એનું બદન, ચમકદાર માંજરી એની આંખો, નમુછિયા શાળીચકા ચહેરા નીચે ફુલફ લગાવેલી એની કાળી નાની દાઢી—એ બધું જોનારને તુરત જ સાવચેત કરવા પૂરતું હતું. અંગ્રેજી, ફરાંસી (ફ્રેંચ), હિંદુ અને પઠાણી એની આસપાસની અનેક રિયાસતોમાં એના શાગિર્દો પેધા પડ્યા'તા. એમાં યહુદી, રૂમી ને ફિરંગી, વલંદા ને અંગ્રેજ, ઇસાઇ ને મુસલમાન, હિંદુ ને સંથાલ, મગ ને ચકમા, નાગા ને ભુતિયા બધાંની ભરતી થતી'તી. ખારવાઓ, માંજીઓ, સિપાઇઓ, તાયફાઓ, મદારીઓ, બાવાઓ, વેપારીઓ અને જુદીજુદી રિયાસતોના નાના મોટા અમલદારો સુદ્ધાંનો એમાં સમાવેશ થતો હતો. આ બધાની બહાદુરી, ચાલાકી અને બદમાશીના કારસ્થાનનાં પઠાણ અને સાજ માંજીના ખંડિયેર કાવાખાનામાં મંડાતાં. માંજીની ફૂંકે એ બધા બેડિયાતોના સઢમાં વાવડો પૂરાતો, પણ બેવફા નીવડનારની કિસ્તી માંજીની વસીલાદાર કિન્નાખોરીના ખડકો ઉપર ફના થઇ જતી.

આસપાસ સો સો કોસની રિયાસતો ઓલિમિયાં માંજીને જીવતો પકડી ઘાણીમાં પીલવાનાં સ્વપ્નાં, વર્ષો થયાં સેવતી આવી હતી; પણ આ ચપરખંધા માંજીના પેશા (ધંધા)માં જેટલું જવાન સાહસ ને સીનાદાર મર્દાનગી હતાં તેટલો જ અઢળક નફો પણ હતો; એટલે માંજીને મારનાર કરતાં બચાવનારની સંખ્યા દેખીતીરીતે વધારે મોટી હતી.

ઓલિમિયાં માંજીની બોડમાં આવનાર નાખવાઓ એનાથી કોઇ રીતે ઊતરે એવા ન હતા. માંજીનાં વહાણ બાંધે તે એના જોખા (જોખમ)નો ખ્યાલ કરીને જ. અને ખસૂસ એ જોખાથી લલચાઇને જ મકનો નાયક અને કાનજી માલમ એના કાવાખાનામાં સોદો બેસાડવા આવ્યા હતા.

કોટિયો 'આશાપુરા', મકનો નાયક અને કાનજી માલમ, એ ત્રણે પશ્ચિમ-પાણીમાં શકરાબાજ તરીકે મશહૂર હતા. દેશમાં ચાલતાં કુસંપ ને અંધાધુંધી-નો લાભ લઇ ટોપીવાળા વાણિયાશાહી કોઠીઓની ઓથે ઠેરઠેર જોરતલબી જમાવતા જતા હતા. સરજમીન પરથી રજપૂતાઇ ઓસરી ગયા જેવી બની ગઇ હતી. માંહ્યોમાંહ્યની લડાઇમાં તોખમી ખમીરના જુવાળ વેડફાઇ જતા હતા. પણ સાયરની ઓથે મર્દાનગી હજુ પૂર જોશમાં મહાલી રહી હતી.મકનાને ચાંચિયો જાહેર કરી ચાર ચાર યૂરપી પ્રજાઓ એને ડારવા મથી રહી હતી.

છેવટે એને જીવતો દાટવા ટોપીવાળાની મનવારો એના પ્યારા વતનનાં બારાંઓને મોંએ લંગરવા માંડી અને સુકા ભેગાં લીલાં પણ બાળવા માંડ્યાં એટલે, વતનને રાહત મળે એ હેતુથી, પશ્ચિમ કેડીમાંથી થોડો વખત વિસાઇ જવાનો મકના નાયકે નિશ્ચય કર્યો; અને એક મધરાતે, અજાણી નાળોમાંથી જુવાળ કુદાવતો કોટિયો અણીશુદ્ધ છટકી ગયો. અંગ્રેજી કોઠીઓમાં તો એને લાસ ગએલો માની વિધિપુરસ્સર ઓચ્છવ પણ ઉજવાયો. ફોજી ફતેહમાર 'વાઇપર'ના કૅપ્ટન કેર્યૂથર્સે તો એને લાસ જતો જોયા વટીકની વાત પણ કરવા માંડી; અને ફોજી ગુરાબ 'ફ્યૂરી'ના લેફ્ટેનેન્ટ ગોવને એને ટેકો પણ આપ્યો.

અને આ પ્રમાણે કોટિયો 'આશાપુરા', દશ મશહૂર તોપોને સથા નીચે સંતાડી, સૌદાગરી જહાજનો લેબાશ ધારણ કરી, બંગલા સાયરમાં કિસ્મત અજમાયશ કરવા આવી ચડ્યો હતો.

મકનો નાયક દરરોજ સવારે કાંઠે ઊતરતો અને નાનેથી મોટા બધા સૌદાગરોની ગદ્દિઓ માથે કરી વળતો, પણ અજાણ્યા કોટિયાને માલભરતી આપવા કોઇ હિમ્મત કરતું નહોતું. સતમી અને કબાલા માટે મકનાને ખાસ અભરખો તો નહોતો જ, પણ લાંબો વખત ખુલા દાળી રાખવા-થી એના દુશ્મનોને શક પેદા થતો'તો એટલું જ નહિ, પણ એના પોતાના ખારવાઓ પણ કામ વગર આકળા થવા માંડ્યા હતા. બીજી બાજુ, વર્ષેક પહેલાં એક ફિરંગી બરછા ઉપર બળાત્કાર કરી મેળવેલી ખરચી પણ ખૂટી રહી હતી અને ગમે ત્યાંથી ખરચી મેળવવી એ પણ જરૂરી હતું.

એની પછી બંદરમાં આવી નાંગરેલાં અનેક ધણિયાતાં વહાણો ચારપાંચ અઠવાડિયામાં તો ખરાજાત ભરતી ઉપાડી, ડૂબતી જિન્નારે, બગલાની પાંખ જેવા સઢ ઉડાડતાં ફરી સાયરમોર થતાં'તાં. રોજ કોઇ ને કોઇ વહાણ, વસીલાવાળા વછિયાતને લઈને સાત્રી થોડી સથાબંધ ઊંટડાગત્રી વધાવતું, અને કંઠારેથી આવતાં હેલિયાધાર નવાલા ધણુસાભર નોશ કરતું. લગભગ દર જુવાળે ધવરના બાંયા ઠેલના ખારવાઓના ગીતમાં, લેટણ ઉપર ભરડા લેતી વલ સંગરની ખંજરી સંભળાતી—અને મકનાના ખારવાઓ, નગરશેઠની જાન પછવાડે મિયાણાઓ જુએ એવી નજરે, જનાર પછવાડે જોઇ રહેતા.

આ નજરમાં વધતું જતું ઝેર મકના નાયકની જાણુ બહાર નો'તું. ખાર-વાઓને દિ' આથમ્યે થકવી નાખવામાં એ ઝેરનો ઉતાર હતો એ ધ્યાનમાં લઇ,


સાત્રી-થોડી: એમાં સાત્રી–સા'-અત્રી=ખબા ઓરદ્ધ, Starboard; થોડી અત્રી=બાંયા ઓરદ્ધ Larboard,Port.

મોરદિશ બદલાવવા માંડ્યા: વહાણ-ને મોરાસંગર નાંગરેલું હોય તો તે ભરતી અને ઓટની રેંક સાથે મોરાની દિશા બદલાવે છે; બેય તરફના રસ્સા લાંગરે તો નથી બદલાવતાં; અંગ્રેજીમાં Swinging to the flood or ebb.

અસોસ: લાગટ, ચાલુ

સૌદાગરી આરમારી: વેપારી વહાણો; ફોજી આરમારી=લડાયક વહાણો. અલ બહર=દરિયાને લગતું, અમીર અલ બહર=દરિયાઇ ફોજનો ઉપરી—જેમાંથી Admiral શબ્દ નીકળ્યો છે. (જુઓ Admiral Brewers Guide to Phrases and Fables).

ભૂમ: ઇરાનના વહાણનું નામ; ધૂડ. કુવેટ, બારીન ને કીશમ આસપાસનું. એનું પેટાળ પહોળું, વાંઠાર ઊંચું ને મોરો લાંબો હોય. (નીચેના ચિત્રમાં એ દર્શ્યો)



કોઇશમી: બગલો ઓરમઝી અખાત ઉપરના બંદર કિશ્મ–Quishm–નું જ-હાજ. એક કાળે એ બંદર નામચીન જોઆસમી ચાંચિયાઓનું થાણું હતું.

જાસમી: જોઆસમી, આરબ જાત. મસ્કતની માથેતરી કંઠારેથી આ જવાનો ઠેઠ બરમા સુધી હાકલ બોલાવતા હતા.

અંદૂલ: વહાણને અંદરને તળિયે પાણી ભરાવાનો કુવો.

ધાઉ: જગવિખ્યાત કચ્છી અને અ-રબી જહાજ. કોટિયો એ જાતનો બગલો પણ એવો જ. એની બાંધણી ભૂમને મળતી. ઇ. ૧૮૩૩માં રૉયલ સોસાએટી ઑફ આયર્લૅન્ડની એક સભામાં સર જૉન માલ્કમે કોઇ મિ. જૉન એડીના બયાન ઉપરથી એક નિબંધ વાંચ્યો હતો. તે પ્રમાણે કચ્છી બગલા અને ધાઉ-કોટિયા

એ તે કાળે ઈસ્ટઇન્ડિયા મૅન જહાજ માટે નમૂના રૂપે લેવાયા હતા.

ફતેહમારઃ એનું વાંઢાર ઘણુંખરૂં તીખું, એટલે એ બે મોરાવાળી લાગે. પરિણામે એની પહોળાઈ થોડી અને ચાલ તેજ.

શંબુકઃ સોમાલી કોઠાનું હબસી જહાજ.

જમની: યેમની, હેજાઝ, યેમન કોઠાનું આરબી વહાણ.

ખલઃ વહાણનું બદન.

કંઠાસાપણઃ રાંગ નીચેનો, સહુથી ઉપરનાં પાટિયાંવાળો ભાગ.

ધફડાઃ રસાના બનાવેલા ઘાટઘાટના આડિયા. ગોળ, લંબગોળ, કેળાં જેવા, હાથીગંથા. બે જહાજ કે જહાજના કુડધા ભટકાય ત્યારે આડા ધરવા તે રાખે છે.

બરછોઃ આઠ, દસ, પંદર, અઢાર કે વધારે સઢવાળું **પરદેશી** જહાજ. એનું દરેક પરમાણ ખુવાના કાટખૂણે ને મોરાભાર રાખે **છે, પડખાંભર નહિ.**

પડાવઃ સંસ્કૃત પ્લવનો અપભ્રંશ. ડરબનથી મનિલા સુધીના લાહોલા સાગરમાં આ નામ વપરાય છે. મોરીસ, જાવા, બોર્નિયો, હાવાઇ, હિન્દી અને પાસિફિક મહાજલનું ભોંયું જહાજ. મૅકસ મ્યૂલરે કહ્યું છે કે દ્યુષ્પિતર—જ્યુપિટર એ શબ્દસામ્યમાં મહાપ્રજાઓની એકતા દેખાય છે, તેથી એ સામ્ય શોધનાર શબ્દશાસ્ત્ર વીસમી સદીની મોટામાં મોટી કમાણી લેખાવી જોઇએ. 'પડાવ' શબ્દ પશ્ચિમધરાનાં જહાજ માટે વપરાય છે, અને પોર્ટ લુઇથી પનામા સુધીનો એનો પરિચય એ હિન્દી વહાણવટાના ભૂતપૂર્વ દિગ્વિજયની જયપતાકા જેવો છે.

કોસિયો વાવડોઃ દખણાદો પવન.

સુરિયો વાવડોઃ દખણ-પૂરવનો પવન.

ગોસઃ એક બંદરેથી નીકળી, અનેક દરિયા ખેડી, ફરી એજ બંદરે પહોંચતાં એક 'ઘોસ' પૂરો થાય; Round Voyage.

સામી મારવીઃ દરિયાનાં મોજાં ઉપર મોરા ઠેકે તે.

કુડઘોઃ ગોદી, ઘાટ, ધક્કો, Dock; જ્યાં જહાજો સોડ પડી(આરામલઇ)શકે.

કિનારે જવા પહેલાં, એ બધાને આખો દિ' હાલે એટલું કામ રોજ ચીંધી જતો.

થોડા દિ' હાંસલ ને પ્રાધડિયા, સાંભાઇ ને હજા, હમાલા ને જારી વગેરે દુરસ્ત કરાવ્યા; પછી ડાંડિયા, ટાંકલિયા, મતલા, છીરી ને મરક—પણખ મસાલી પીંજાવીને નવાં વણાવ્યાં; જુના કત કપાવી ગાભિયા કાતરિયા બનાવડાવ્યા; કારસા છોડાવી કલગી, ગુસી વગેરેમાં થીગડથાગડ કરાવી, અને આ પ્રમાણે જરૂરી ને બિનજરૂરી મરામત કરતાં આલાદ ઉપર દોઢેક મહિનો કઢાવી નાખ્યો. પછી વળી સથા ઉપર વાટઘૂડ કરાવી; જિન્નાર ઉપર બધે કલફાત કરાવી, કુંડીને રંગ દેવડાવ્યો, ધ્રાબાને ચીલકી ચોપડાવી— અને પછી તો બારે માસ જમાવેલી સજાવટ રાખતા એ કોટિયા ઉપર કામ પણ ખૂટયું.

કાંઠાબઝારનાં હરામખાનાંઓમાં સનસનાટી ફેલાઇ રહી હતી. ફરાંસિયાની પૂરવ હદમાં ધીંગાણાં મચવા માંડયાં હતાં. નાનીમોટી ખંડણિયાત રિયાસતોમાં બંડ જાગ્યું હતું. બંડખોરો બારૂદ (દારૂ) અને તમંચા માટે અશરફીનો વર્ષાદ વર્ષાવવા તૈયાર હતા. પણ ફાંગ ફાંગ અને મુચ્છ મુચ્છ ઉપર ફરાંસિયા મનવારો થાણાં નાખી પડી હતી અને વહાણેવહાણની જડતી લેતી હતી.

મકના નાયકના કાન સરવા થયા. 'હણે જુસાં મુણસનાં કામ છે. ભેસાં કપાસ ને ગુડાકુ ને પાટ ને સરસુની વાતું સાંભરીને મુજા ત કાન બિમાર થઇ ગ્યા'તા.' (હવે મરદનાં કામ છે. આ કપાસ ને ગડાકુ ને પાટ વગેરેની વાતો સાંભળીને મારા તો કાન બીમાર થઇ ગયા હતા.) મકનાએ કાનજીને કહ્યું, અને કોઇનું ધ્યાન નો'તું ત્યારે બહાર આવવા કાનજીને આંખથી ઇશારો કર્યો. જ્યારે ખાસ બહુ જ ગંભીર મસલત કરવાની હોય ત્યારે મકનો જીભ કરતાં આંખ વધારે વાપરતો; અને કાનજી માલમને મકનાની જબાંદરાઝી (જીભાજોડ) કરતાં 'ઇબારતે ચશ્મ' (આંખની ભાષા)થી સમજ પણ ઝટ પડતી!

બહાર નીકળી મકનાએ ઓલિમિયાં માંજીના કાવાખાનાનો રસ્તો લીધો ને કાનજી માલમ એની મકસદ પામી ગયો. સૌદાગરી વહાણની પેઠે કપાસ, ગુડાકુ કે પાટ સરસું લાદીને દરિયો ખેડતાં એને પણ શરમ લાગતી હતી!

કાવાખાનામાં મોડી રાત સુધી ગુફતેગો ચાલી. પાટના ધોકડાની ભીતરમાં બારૂદનાં પડીકાં અને તમંચાઓ છુપાવી નીમેલે બંદર પહોંચાડવા; નૂર ચાર ગણું મળે; તેમાં ૬૦ દોકડા નગદ અને બાકીના ધણીને માલ સુપરદ કરતાં મળે; આ શર્ત માંજીએ ઘણી મુજહેમત પછી રજૂ કરી. મકનાને તો ધીંગાણાનો ગંધ હોય ત્યાં મફત જવાનું પણ પરવડે એમ હતું; પણ બહારથી નિર્દોષ વેપારી વહાણનો ઢોંગ કરનારને આવાં કામ માટે ઇંતેજારી દેખાડવી પાલવે એમ નો'તું, એટલે એ હજુ બ્હોંસ કરતો હતો. છેવટે માંજીએ વાત બંધ કરવા માંડીઃ

'આમિ એત સ્વીકાર કરિતે છે, જત તોમાકે છુરિ ગેમન કાજ ઓન્ય કિછુતેઇ હોય ના, પરં એથન અધિક આમાકે પારવે ના. સે ડાકે ડાકે બોલિતે છે. જુદી દોરકાર આછે પ્રમાણ કરિઓ.' (હું એ કબૂલ કરૂં છું કે તારા વિના બીજાથી આવું કામ બની શકે નહિ; પણ આથી વધારે હું જઇ શકતો નથી એ સાફ સાફ કહી દઉં છું. જો ગરજ હોય તો કબૂલ કરી લે.)



'જુસાં તું ત ધણે ઇયાં હોકો પીતાં ડાકણ પરિમાણ ખુવા કરસ, પણ લાલિયાચર વટાં ફરાંસિયા બરકંદાજ ભેરા થાય તેનોજોખો લેવા ભેરો નહિ ગુડા નેં!' આટલું બોલી મકના નાયકે સિફતથી ધુમાડાનો ગોટ ખામોખા માંજીની આંખમાં ઠાલવ્યો અને આંખો ચોળતા માંજીની ઉપરવટ કાનજી તરફ આંખ-નો ઇશારો કર્યો. કાનજીનો મત જાણી લઇ સ્વસ્થ થતા માંજીને એણે કહ્યું:

'ભાલો તિંયે; બીજું શું ? તું ત હણે વધવાનો નથી, અને હું રૂગો છેટો માસ થીયા જિન્નાર લફાવું છું તે જુસાં તું ડાકે ઇ પિરમાણ, બાકી બધા ખુવા. હણે તું માંડ હેલિયાં મોકલવા ને હું જઇને સવાર તંયા ગત્રી ઉંટડા સજાવું; બાકી આ બંધરનાં કોલ, ચિઠી, હવાલા કબાલા મિડેની કડાફૂટ તારી ને માલ પોંચાડવો ઇ કાગ મારો. બાકી જુકાં ધગો કીધો છે ત બંધૂલમાં ખાંડીને તારી કલફાત ખલ્ર ઉપર ચોપડીશ, ઇ બચ્ચા જાધ રાખજે.'

ફાંગ ને મુછ, ફાંગ ને મુછ વટાવતાં ત્રીજે દહાડે સાંજ આશરે કોટિયો લાલિયાચર પાસે આવી પહોંચ્યો. એ જહાજ માંડ ભેળાં હાલી શકે એવી સાંકડી નાળને મોંએ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ઉડાડતી, જંગે બહર માટે હમેશ તૈયાર રહેતી, રૂપાળી ફતેહમાર 'લા કોંસોલાંત' (Consolante) નાંગરી પડી હતી. કોટિયો નાળમાં દાખલ થયો કે તરત લા કોંસોલાંતે એને પડકાર કર્યો.

કુરંગી કંદારના ફ્રેન્ચ બંદરોના ભોંયા ભવાન તંડેલને બોલાવી એની પાસે મકનાએ જવાબ દેવડાવ્યો: (અનુસંધાન આગળ પાન ૧૯૦ગે)

મટાંવળ નાચોવનાર=નાચોવીને મુ-ટ્ઠું કરી નાખનાર

મગ અને ચકમા: આસામ અને આરાકાનના પહાડોમાં વસતી જાતો.

નાગા: આસામનાં જંગલમાં વસતી જાત; આજ સુધી દુશ્મનનું માથું વધેરી ઘરમાં શોભા માટે ટીંગાડવાના રસિયા.

ભુતિંયા: ભુતાનના રહેવાસી.

પઠાણ: વહાણને તળિયે વાંઢારથી મોરા સુધીનો પાયાનો ધીંગો થંભ.

સાજ: શણગાર વગેરે

પચ્છમ પાણી: ઘોડાબારી, કચ્છના જખૌ બંદરથી શંખોદ્ધાર સુધીનાં પાણી.

ગુરાબ: ઇરાની જહાજની એક જાત; એનો અર્થ 'ગીધ.'

સતમી: માલ ભરીને માલધણીને અપાતી પહોંચનું ખત; Bill of Lading.

કબાલા: માલ ભરતાં પહેલાં જે શર્તે માલ ભરાશે તે શર્તોનું ખત; સતમીનો આધાર; Shipping o der, Contract of affreightment.

ખુવા ઢાળી રાખવા: વહાણને કામ વગર ખંધે બાંધી રાખવું.

ખરાજાત: માલની કિંમત, વામો, ખરચ વગેરે.

જિન્નાર: માલ લાદ્યો ન હોય ત્યારે પાણીની ઉપર રહેલો ખલ્રનો ભાગ

ઊંટડા ગત્રી: કપ્પી બાંધવા માટે બે કે ત્રણ મોટા થંભ ભેળા બાંધી બનાવેલી ઇમારત: Cranes.

હેલિયા: મોટા જહાજને પાણીમાં માલ પહોંચાડનારા નાના મછવા; એને કરાંચીમાં Lighters, બ્રહ્મદેશમાં Cargo Boats બંગાળામાં 'કિસ્તી' અને મલબારમાં 'માચ્વે' કહે છે.

ધબુસો: નાનો ઓરડો, જે વહાણના પાછલા ભાગમાં હોય.

ધબુસાભર: પેટનો ખૂણેખૂણો ભરીને.

ધવર: Capstain.

હાંસલ, પાઘડિયા, સાંભાઈ, હન્ન, જારી, હમાલો, ડાંડિયા, ટાંકલિયા, મતલા, છીરી, મરક, પબુખ—જુદીજુદી જાતના રસ્સાઓ.

સ્મરણયાત્રા

કાકાસાહેબ કાલેલકરનાં કુમારવયનાં સંસ્મરણો

ની એ લોકપ્રિય લેખમાળાનાં ગુમ થએલાં કેટલાંક પ્રકરણો, એ માળા પુસ્તક આકારે પ્રકટ થયા પછી ફરી હમણાં હાથ લાગ્યાં છે; અને કદાચ કકડે કકડે એ બધાં 'કુમાર'માં પ્રકટ થશે. પહેલો હપતો તો આ રહ્યો:

વાજાંનો ઈલાજ

લગ્નગાળાના દિવસો હતા. બપોરે ને રાત્રે, સવારે ને સાંજે વેળ-કવેળનો વિચાર કર્યા વગર વાજિંત્રોના બરાડા ચાલ્યા કરતા હતા. ભાઉ અને હું ઓસરી પરની ઓરડીમાં સૂઇ રહેતા. વાજાંથી રાત્રિની મીઠી ઊંઘ બગડે એટલે વાજાંવાળા ઉપર ખૂબ ચીડાઇએ. 'આ લોકો દહાડે પરણે તો એમનું શું બગડે? એ શું નિશાચર છે તે રાત્રે પરણવા જાય છે?' એમ કહી અમે અમારી ચીડ કાઢતા.

એટલામાં અમારા પડોશમાં એક લગ્ન આવ્યું. મંડપ બંધાયો. વાજાંવાળા રોકયા. એ લોકોને એમના શેઠને ત્યાં બેસવાની જગ્યા ન મળે એટલે એ ચારપાંચ જણાએ અમારી ઓસરી ઉપર ધામા નાખ્યા. જરાક નવરાશ મળે એટલે પોતાની કસરત ચલાવેઃ 'પોં... પોં... પી, પી, પી, પી,.... તડમ, તડમ, તડમ!' ભાઉનો સ્વભાવ જરા ચીડિયો. વરૂની પેઠે ઓરડી બહાર આવીને એ કહે, 'હરામખોરો, ચાલ્યા જાઓ અહીંથી.' વાજાંવાળાઓએ હાવકે મોંએ જવાબ આપ્યો, 'ગાળો શીદ ભાંડો છો ભાઈ? અમે રજા લઇને જ અહીં બેઠા છીએ.' ઘરનાં મોટેરાંઓ રજા આપે પછી અમારૂં બાળકોનું શું ચાલે? ભાઉ બીચારો ઝંખવાણો પડી ઓરડીમાં પાછો ગયો. એણે બારણું વાસી દીધું.

એટલામાં મારા ઉપજાઉ ભેજામાં એક ઇલાજ ઊગ્યો. હું સંસ્કૃત શીખ્યો ન હતો, પણ કેટલાંક સુભાષિતો બાબાએ મને મોઢે કરાવ્યાં હતાં. મેં કહ્યું, 'बुद्धिर्यस्य बलम् तस्य.' કૃત્રિમ ચીડના અવાજે ભાઉએ પૂછ્યું: 'દત્યા, શાની વાત કરે છે રે?' મેં કહ્યું, 'વાજાં વાગતાં હમણાં જ બંધ કરૂં છું!'



કાચી કેરીના દિવસો હતા. એક સરસ મોટી લીલી લીલી કેરી હું ઘરમાંથી લઇ આવ્યો અને વાજાંવાળા પીં, પીં, પોં ની કસરત કરતા હતા એમની આગળ મુગ્ધભાવે જઇ બેઠો અને કાલીકાલી વાતો છેડી. એમનું ધ્યાન જરાક મારા તરફ ગયું એટલે મેં કચડ કચડ કેરી ખાવા માંડી. ખાટી કેરીનો એ અવાજ અને એની ખાટી ગંધ નાકકાનમાં પેસી ગયા પછી જીવ્હેન્દ્રિય પોતાનો સ્વભાવ બતાવ્યા વગર કેમ રહે? મુખરસ છૂટયો અને શરણાઇની જીભમાં ઊતર્યો. તાડપત્રના લાંબા લાંબા ચીરા ભેગા બાંધીને એની ચપટી જીભ બનાવેલી હોય છે. અમે એને પી, પી કહેતા. બસ, વાજિંત્ર બંધ પડયું. હું મારૂં હસવું દબાવી ન શકયો એટલે ત્યાંથી ઊઠીને ઘરમાં ભાગી ગયો. વાજિંત્રવાળા પાસે કૂંચીના ઝુમખાની પેઠે બીજી એક બે જીભો શરણાઇ સાથે લટકતી હોય છે. એણે બીજી જીભ બેસાડી શરૂઆત કરી. એ પણ રસથી ભીની થઇ. ત્રીજી કાઢી. એટલામાં હાથમાં થોડું મીઠું લઇને હું ફરી એમની આગળ ખાવા બેઠો. કેરી ખાતો જાઉં ને હોઠ વતી મિટકયા મારતો જાઉં. વાજાં બંધ થઇ ગયાં. હવે ચીડાવાનો વારો વાજાંવાળાનો હતો. મોટા મોટા ડોળા કાઢી એ ત્યાંથી ઊઠી ચાલતા થયા. મારો વાંક તો શી રીતે કાઢે?

એજ અરસાની મારી એક બીજી બહાદુરી યાદ આવે છે. પણ એ યુક્તિનો આચાર્ય હું નહોતો. અને એનો અખતરો પણ મેં કર્યો ન હતો. અમારે ત્યાં કોઇક વાર નંદી બેલ આવતા. એવા નંદી બેલો મેં ગુજરાતમાં જોયા

નથી. કેટલાક પ્રતિષ્ઠિત ભિખારીઓ પોતાનો જ એક રૂપાળો બળદ રાખે, એને જ શણગારે, એનાં શીંગડાંને નાનીનાની ઘંટડીઓ અને લાંબાંલાંબાં ફૂમતાં બાંધે, એની પીઠ ઉપર રંગરંગનાં કપડાં ઓઢાડે, બે શીંગડાંઓ વચ્ચે કપાળ ઉપર થઇને મહાદેવજી કે અંબાજીની પતરાની મૂર્તિ લટકતી રાખે, અને બારણે આવી ઘરધણીને આશીર્વાદ દે. બળદ કેળવાએલો એટલે એને પૂછેલા સવાલના જવાબમાં માલિકના અણસારા પ્રમાણે તે હા અને ના માટે માથું ધુણાવે. કોઇક વાર માલિક જમીન પર સૂઇ જાય ને બળદ પોતાના ચારે પગ ભિખારીના પેટ ઉપર ગોઠવી ઊભો રહે. જોવા ભેગા થએલા તમાશગીરો દયાથી ત્રાસે અને પૈસા આપે. એવા ભિખારીઓ પાસે વિશિષ્ટ પ્રકારનું ઢોલકું હોય છે. વાંકી વાળેલી નેતરની સોટી ઢોલકાના ચામડા ઉપર ઘસે એટલે ‘ડૂઁ, ડૂઁ, ડૂઁ, ગુજ, ગુજ, ગુજ’ એવો અવાજ થાય.

એકવાર અમારી શેરીમાં નંદી બેલ આવ્યા અને ઢોલકું વગાડવા માંડ્યું. પડોશના છોકરાને મેં કહ્યું આ કર્કશ અવાજ આપણે સહેજે બંધ કરી શકીએ. એના કાનમાં મેં મારો મંત્ર કહી દીધો. નવી શોધના આનંદથી એની આંખો ખીલી. એ દોડતો ઘરમાં ગયો. હવે સરસ મજા જોવાની મળશે એ અપેક્ષાથી હું દૂર જઇ જોવા તત્પર થયો. મારા મિત્રે ઘરમાંથી એક ચીંથરૂં લઇ કોપરેલમાં બોળ્યું ને એ પૂમડું ચૂપચાપ હાથમાં સંતાડી રાખી એ ઢોલકાવાળાની નજીક ગયો અને લાગ તાકીને ચપ દઇને એ પૂમડું ઢોલકાના ચામડા ઉપર માર્યું. ઢોલકાનો એક બાજુનો સાદ બેસી ગયો; સોટીના ધ્રુજારા બંધ થયા; ભિખારી ચીડાયો અને નેતરની સોટી લઇ છોકરાને મારવા દોડ્યો! છોકરો પહેલેથી સાવચેત હતો. તેણે ઘરમાં ભરાઇ જઈ બારણું બંધ કર્યું અને બારી ખોલી કહ્યું, ‘કેવી થઇ! કેવી થઈ! લેતા જાઓ!’ આ અજબ યુક્તિ મારી શોધેલી ન હતી; પૂનામાં મેં એ સાંભળેલી.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

‘કુમાર’ના ગ્રાહકોને ભેટ

શ્રી જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા એમ. એ. કૃત ‘જગતની ધર્મશાળામાં’ નામનું ૦–૧૦–૦ની કિંમતનું પુસ્તક ટપાલ વ૦ માટે ૦-૪-૦ની ટિકિટ નીચેને સરનામે બીડવાથી મળશે: (સાથે કુમારનું રૅપર બીડવું) ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સુરત.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહિને પહેલું ઇનામ જીતનાર ભાઇ કનુ રાવત (અમદાવાદ)નું ફોટોચિત્ર ‘ચાકડે’ છે. હિંદમાં અનેક હાથઉદ્યોગો ઘસાતા ચાલ્યા છે અને કદાચ પચાસ વર્ષ પછી તેમાંના કેટલાક તદ્દન અદૃશ્ય થાય તો નવાઇ નહિ. તેવા સમયે એ ઉદ્યોગો પ્રત્યે લોકાદર વધારવાના શુભ હેતુથી તથા તેના ચિત્રાત્મક ગુણોને કારણે ફોટોગ્રાફરો એ સંગ્રહે એ જરૂરનું છે.

હરીફાઇમાં આવતા ફોટોગ્રાફોના થોકડામાં નજર ફેરવી જતાં એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે તેમાંના વિષયો મોટેભાગે પ્રસિદ્ધ ફોટોચિત્રોનાં અનુકરણ રૂપ હોય છે; આને બદલે તેમાં પોતાના વ્યક્તિત્વની છાપ આણવા આપણે જાતે વિચારેલા વિષયો આપણી પોતાની જ ઢબે લેવા જોઇએ.

‘ચાકડે’માં ઝાડની છાયામાં પરસેવો ઉતારી જીવનનો રોટલો મેળવનાર પ્રજાપતિના શ્રમ અને કલાકૃતિની ઝાંખી થાય છે. કુંભારની કાર્યપદ્ધતિ અને બેઠક અનોખાં હોય છે. ચાક અને પગ પર પ્રકાશનો જથ્થો સપ્રમાણ જણાય છે અને તે કારણે ચિત્ર છાયામાં લેવાયું હોવા છતાં જોરદાર ભાસે છે.

ભાઇ રામભાઇ ત્રિવેદી (ઝાંઝીબાર)ના ‘પા પગી’ને બીજું ઈનામ મળે છે. મા અને બાળક ભિન્ન કારણસર આનંદિત છે. છતાં બંનેમાં એકાગ્રતા અને વિષયનું વસ્તુ સચવાયાં છે. ચિત્રની જગ્યામાં માનું સ્થાન જમણે ખૂણે રાખી બાળકને અપાએલું પ્રધાનપદ ઉચિત છે. તેટલે દરજ્જે ‘ટ્રિમિંગ’ની સાર્થકતા સફળ થાય છે.

ભાઇ સી પી. પટેલ (ખાનપુર) તેમના ફોટોચિત્ર ‘પ્રાતઃકર્મ’ માટે ત્રીજું ઇનામ મેળવે છે. ચિત્રમાં એક ખૂણે મુખપ્રક્ષાલન કરતા બ્રાહ્મણનું કદ પ્રમાણસર નથી, એટલે ચિત્રનું નામ વિષયસૂચક નથી. ભાઇ પટેલે વાતાવરણથી આકર્ષાઇને ચિત્ર લીધું છે. મથાળેથી લગભગ દોઢ ઇંચ જગ્યા કાપવાની આવશ્યકતા છે.

‘બંદર ઉપર પ્રભાત’ માટે ભાઇ કે. એસ. ગુલામ (મુંબાઇ)ને ઉત્તેજના ઇનામ મળે છે. ફોટોગ્રાફ લેતાં જ્યારે કૅમેરા વાંકો પકડાય ત્યારે દૃશ્ય ફોટોગ્રાફીમાં ક્ષિતિજ ત્રાંસું આવે છે. ઉપલા ચિત્રમાં એ ક્ષતિ છે જ.

કરમસદના ભાઈ શાન્તિલાલ પટેલનું ‘છાયાકૃતિ’, ધ્રાંગધ્રાના ભાઈ પ્રતાપરાય દવેનું ‘તરસ્યાંને પાણી’, મુંબાઇના ભાઈ એન. એમ. ભગતનું ‘મનમાનતો કોળીઓ’ અને અમદાવાદના ભાઇ નર્મદ દવેનું ‘ગ્રામ્યબાળા’ ફોટોચિત્રો નોંધપાત્ર ઠરે છે. ‘છાયાકૃતિ’માં વિષયને યોગ્ય ટેકનિક (કારીગરી) નથી; ભાઈ પ્રતાપરાયે વિષય વધારે નજદીકથી લીધો હોવાથી પાણી પીનારનું પાત્ર આખું ચિત્રમાં આવતું નથી; અને ભાઈ ભગતની ‘ટેકનિક’ સારી છતાં ચિત્રરચના કઢંગી હોઈ ચિત્રનું કથન સ્પષ્ટ થતું નથી.

—બલવન્ત ભટ્ટ

ચિત્રો માટે જુઓ છેલ્લા પાનાની સામેના પૂઠા ઉપર

'આ બધી જુઠ્ઠી ને જાદુઈ વાતો છે; અને લખનાર તે માનતો હોય

રણ વટાવ્યા બાદ તેઓ ચીનનાં તુંવાં(Tungwang) પ્રાંતમાં દાખલ થયા. આ પ્રાંત તે વખતે તાંગુતની સરહદ ઉપર હતો. અહીંથી તેઓ આસપાસના ડુંગરોમાં રેવંચીનાં ખેતરો જોતા આગળ વધ્યા. તે સમયમાં તાંગુતનું મુખ્ય શહેર કાંચાઉ મોટું ને આબાદ શહેર હતું. કાંચાઉમાં ત્રણે મુસાફરો એક વર્ષ સુધી સાથે રહ્યા.

મૉંગોલ લોકોએ તે વેળાની અરધી દુનિયા જીતી લીધી હતી. રશિયા ઉપર તેઓ ફરી વળ્યા હતા, પોલૅન્ડ તેમણે જીતી લીધું હતું ને ઈંગ્લંડની હેરિંગ માર્કેટ સુધી તેઓ પહોંચી ગયા હતા. હવેનું વર્ણન મૅંગોલ લોકોને લગતી વાતોથી ભરેલું છે.

માર્કો લખે છે કે એકાદ ખાન ગમે તેટલે દૂર મરી ગયો હોય છતાં તેને ચોક્કસ પર્વતમાં દાટવા માટે લાવતા. વળી આ સ્મશાનયાત્રા દરમ્યાન રસ્તામાં જે કોઈ માનવી મળે તેને 'જા અને તારા માલિકની રાહ જોતો રહે' એમ કહી મારી નાખવામાં આવતો. એમ કહેવાય છે કે આ રીતે એકવાર ૨૦,૦૦૦ મૅંગોલ લોકોને કાપી નાખવામાં આવ્યા હતા! આ બાબતની તપાસ કરતાં હાલ જણાયું છે કે આ રિવાજની પાછળ કોઇ વહેમ કે ક્રૂરતા જેવું નહોતું, પણ મૂળ ઉદ્દેશ તો એ હતો કે નવો રાજા ગાદીએ બેસે ત્યાં સુધી જૂના રાજાનું મરણ થયું છે એમ જાહેર ન થવું જોઇએ.

મૉંગોલ લોકો પોતાનાં ઢોર લઇને ફરતા, અને ચરાઉ જમીનોમાં ફરતા. એમનાં ઘર પણ સાથે જ રહેતાં. ઘર ગોળાકાર અને બનાતથી ઢાંકેલાં રહેતાં. જ્યાં મુકામ થાય ત્યાં ઘરનું બારણું તેઓ દક્ષિણ તરફ રાખતા. ગાડામાં તમામ સામાન ભરી ઉપર પાણી ન ગળે એવી કાળી બનાત ઢાંકતા. આ ગાડાંના બે પૈડાં વચ્ચેની ધરી ૨૦ ફૂટ લાંબી રહેતી અને ૧૧–૧૧ બળદની બે હારમાં મળી કુલ ૨૨ બળદો જોડવામાં આવતા. બળદને બદલે કોઇ વાર ગાડામાં ઊંટનો ઉપયોગ પણ થતો.

લડાઇ દરમિયાન પુરુષોને ખૂબ હાડમારી વેઠવી પડતી. કેટલીક વાર તો દસ દસ દિવસ ઘોડા ઉપર ઊંઘ કે ખોરાક વગર કાઢી નાખવા પડતા. એ લોકો પોતાની સાથે સૂકવેલું દૂધ રાખતા અને જરૂર પડ્યે તેમાં પાણી ભેળવીને રાખી મૂકતા. ઘોડાના ચાલવાને લીધે પાણી અને દૂધ ભળી જતાં એટલે પછી તે પી લેતા. ખોરાકની ખૂબ તંગીની વેળા જે ઘોડા ઉપર મુસાફરી કરતા હોય તેનું લોહી કાઢીને પણ પી લેતા. તેમણે હજી બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ન હતો. પણ બાળબચ્ચાં, ઢોરઢાંખર વગેરેના રક્ષા ખાતર તેઓ એકાદ દેવને માનતા. આ દેવની મૂર્તિ હમેશાં તેમના ઘરમાં રહેતી, અને જમતી વખતે એ મૂર્તિના મોઢા ઉપર માંસ અને ચરબી ચોપડતા. ઘોડાની ચોરીને તેઓ ભારે પાપરૂપ માનતા અને એવા ચોરી કરનારને તેઓ તલવારથી વાઢી નાખતા.

આ તરફનાં પ્રાણીઓની નોંધમાં માર્કો મૅંગોલિયાનાં જંગલી ગધેડાં, જબ્બર યાક અને કસ્તુરીમૃગનો ખાસ ઉલ્લેખ કરે છે. યાક જોઇને તો તે એટલો બધો આશ્ચર્ય પામ્યો હતો કે તેના રેશમી વાળનો એક ગુચ્છો છેક વેનીસ સુધી તે લઇ ગએલો. કસ્તુરી વિષે તે લખે છે કે પૂનમની રાત્રે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય ત્યારે મૃગની ડૂંટીમાં લોહી એકઠું થાય છે. લોકો આ મૃગને પકડી તેની ડૂંટી કાપી નાખી તડકામાં સૂકવે છે. આથી અતિશય સુગંધીદાર પદાર્થ બને છે.

આ લોકોમાં ચીનના કેટલાક રીતરિવાજો દાખલ થયા હતા. કોઇ માણસ મરી જાય ત્યારે તેની જન્મોત્રીમાં લખેલી દિશામાં શબને લઇ જાય. કોઇ નામચીન માણસ મરી ગયું હોય તો રસ્તે આરામ માટે સુંદર મંડપો ઊભા કરે. કોઇ શબ લાંબા વખત સુધી ઘરમાં પડી રહે તો તેના ઉપર સુગંધીદાર વસ્તુઓ તેજાના, કપુર, ગુંદર વગેરે મૂકે ને કૉફિન પર રેશમી કપડું ઢાંકે. જે ઘેર મરણ થયું હોય તે ઘેર આવનાર દરેક માણસ મરનારને ભેટ આપવા વસ્તુઓ, તથા બીજી દુનિયામાં વાપરવાની જરૂર પડે તે માટે નાણું લાવતા.

કાંચાઉથી પૂર્વ તરફ જતાં તેઓ આલાશાનની તળેટી તરફ એટલેકે હાલના યુંચાંગની ઉત્તર તરફ ગયા. અહીં ઊંટના વાળમાંથી બનતું સુંદર કાપડ તેમણે જોયું. પીળી નદીના વાંક વળાંક ઉપર થઇને અનેક ગામોમાંથી પસાર થતા શાન્સી સુધી તેઓ આવ્યા. રસ્તે તેમણે સોનેરી તારમાં વણાતાં મોતી ગૂંથેલાં કપડાં જોયાં. વેનીસ છોડ્યા બાદ ચારે વર્ષે તેઓ ચંડુ (કવિ કૉલરિજના 'કુબ્લાખાન'ના કાવ્યના Xanadu) મુકામે પહોંચ્યા. અહીં તેમણે કુબ્લાખાનનો બાદશાહી ઠાઠ જોયો.

એ ઠાઠ અને રાજમહેલનું વર્ણન કરતાં માર્કો લખે

તોપણ હું તે માનવા તૈયાર નથી!'

સાચ્ચે! બરાબર આજ શબ્દો ફ્લૉરેન્સનો એક લહીઆએ માર્કોપોલોનાં આ પ્રવાસવર્ણનોની નકલ કરીને નીચે લખ્યા હતા! એ સમયમાં ગૂઢ ગણાતા પૂર્વદેશોના હાર્દ સોંસરા નીકળીને તેની પ્રદક્ષિણા કરતી એ સફરનું આ બયાન પશ્ચિમના લોકોને ઘણું અતિશયોક્તિભર્યું લાગતું; અને છતાં પોતાના અંત સમયે માર્કોએ કહેલું કે મેં જે જોયું છે તેનું અરધું પણ આમાં નથી વર્ણવ્યું!



માર્કોપોલો

છે કે ખાનના આ ગ્રીષ્મ નિવાસમાં દસ હજાર ઘોડાગાડીઓ રાખવામાં આવતી ને ખાનનાં સગાંસંબંધીઓ સિવાય કોઇને ત્યાંની ઘોડીઓનું દૂધ પીવાની છૂટ નહોતી.

એમના આગમનના ખબર ખાનના કાબેલ હજુરીઆઓ મારફત ખાનને અગાઉથી પહોંચી ગયા હોવાથી હજી તેમને પહોંચવાને ૪૦ દિવસની વાર હતી ત્યાં તો તેમને ખાનનાં માણસો રસ્તામાં સામા લેવા આવતાં મળ્યાં.


દરબારમાં ખાને તેમને ખૂબ આદરમાન આપ્યાં. નાના માર્કો ઉપર ખાનની નજર બરાબર ઠરી. માર્કોએ અહીં રહીને તમામ રીતભાત, ભાષા, લેખનપદ્ધતિ, લડાઇની રીતો વગેરે શીખી લીધાં. તેની હોશિયારીથી ખાન ખૂબ પ્રસન્ન રહેતો. ખાનને નવાનવા દેશની વાતો સાંભળવાનો શોખ હોવાથી માર્કોની વાતો ખૂબ રસથી તે સાંભળતો અને તેથી જ મૅંગોલ દેશોના જુદાજુદા ભાગોમાં માર્કોને મુસાફરી કરવાની છૂટ મળી.

ખાનની લડાઇ માટેની કૂચ વિષે માર્કો લખે છે કે શિકાર કરતાં લડાઈનો ભપકો વધી જતો. ખાન પોતે એક ઊંચી ટેકરી ઉપર ચાર હાથી જોડેલા રથમાં બેસે. રથ ઉપર તેનો વાવટો ફરકે. અને અહીંથી દૂર દૂર ત્રીસ હજારની ટુકડીઓમાં લડતા પોતાના લશ્કરને તે નિરખે. રણશિંગું વાગતાં તો આખું લશ્કર તીરકામઠાં, ભાલાં ને તલવાર લઇ લડવાનું શરૂ કરે. આકાશ તીરથી છવાઇ જાય. આ દૃશ્ય બહુ ભવ્ય બનતું. ખૂબ બહાદુરી બતાવનારને ખાન હીરામાણેકજડિત સોનારૂપાની વસ્તુઓ ભેટ આપતો, તેમજ શેરશેર વજનનાં સુવર્ણપત્રો ઉપર લેખ લખી આપતો. અને એથી યે વધુ બહાદુરી જેણે બતાવી હોય તે છત્રપતિ બની શકતો. તેની રૂપાની ખુરશી ઉપર સોનાનું છત્ર રહેતું.

ખાનનાં ખાણાં વખતનો દેખાવ પણ બહુ જ દબદબાભર્યો બનતો. ખાનને દુર્ગંધની ખૂબ ચીડ હતી. ખાણા ઉપર પીરસનારને મોઢે સુંદર રેશમી અને સોનેરી રૂમાલોની મુમતી બાંધવામાં આવતી, કારણકે રખેને તેમના મોઢાની દુર્ગંધ ખોરાકમાં પેસી જાય! આરોગ્ય અને સ્વચ્છતા જાળવવા માટે ખાણા ઉપર કે કચેરીમાં દરેક ઉમરાવ પાસે એક થૂકદાની રહેતી. ઓરડામાં ગમે ત્યાં થૂકવાની કોઇની મગદુર નહિ. થૂક્યા પછી થૂકદાની ઢાંકી દેવી જોઇએ. આજે પણ ચીનમાં આ જાતની થૂકદાની રાખવાનો રિવાજ પ્રચલિત છે.

શિયાળામાં રહેવા માટે ખાને એક ખાસ જગ્યા પસંદ કરીને સુંદર નદીને કાંઠે રળિયામણું મજાનું શહેર બાંધ્યું હતું. બાર દરવાજાવાળા એ શહેરના દરેક દરવાજે એકએક હજાર રક્ષકો રહેતા. રસ્તાની બંને બાજુએ દુકાનોની હાર બની જતી. રાત પડ્યે એક મોટો ઘંટ વાગતો. એ ઘંટના ત્રીજા ડંકા પછી માંદગી કે સુવાવડ જેવા, કાયદાથી નિયત કરેલા કામ સિવાય કોઇપણ રસ્તા ઉપર ફરકી શકતું નહિ. કાયદાથી છૂટ આપેલ કામ માટે નીકળનારે પણ સાથે ફાનસ રાખવું જ પડતું.

શહેરની બહાર વસતીમાં વધી જાય એવાં મોટાં મોટાં પરાંઓ વસતાં. પરાંની ધર્મશાળાઓ પરદેશી



બાવીસ બળદો જોડેલાં, કાળી બનાતથી ઢાંકેલાં આવાં 'ફરતાં ઘર' લઇ મૉંગોલ લોકો પોતાનાં ઢોરો સાથે ચરાઉ જમીનમાં ફરતા

વેપારીઓ ને મુસાફરોથી ભરચક રહેતી. શહેરના આરોગ્યને જરા પણ નુકશાન ન પહોંચે તે સારૂ બાળવા તથા દાટવામાટેની ખાસ જગ્યા શહેરથી દૂર નિયત કરેલી હતી.

તે વખતે ચલણી નોટો પણ હતી. ઝાડની અંતરછાલના જુદાજુદા આકારના ટુકડા ઉપર તે છાપવામાં આવતી. તેના ઉપર નાણાંની રકમ અને ખાનની મહોર ઉપરાંત ચોક્કસ અમલદારની સહી પણ પડતી. જૂની નોટો ટંકશાળમાં ત્રણ ટકાની ફી લઇને બદલી અપાતી. પ્રજાને આ ચલણમાં પૂરી શ્રદ્ધા રહે તે માટે અવારનવાર ખજાનામાંથી ખાન સોનું, રૂપું, હીરા, માણેક, ઝવેરાત વગેરે વેચતો ને બદલામાં આ નોટો લેતો. નોટનો ઇન્કાર કરનાર પ્રજાજન ભારે શિક્ષાને પાત્ર ઠરતો.

ખાને ટપાલપદ્ધતિ પણ દાખલ કરી હતી. પેકિંગથી દરેક પ્રાંત તરફ જતા પાકા રસ્તા હતા, અને દર ૨૫ માઇલે બદલવા માટે ટપાલના ઘોડાઓ તૈયાર રહેતા. મુખ્ય ઑફિસે આવા ૪૦૦ ઘોડા રહેતા. જ્યાં સડકો ન હોય ત્યાં પણ ટપાલ પહોંચાડી શકાતી. દર ત્રણ માઇલે હલકારા માટે છાપરીઓ રહેતી. તેમની કેડે ઘંટડીવાળો પટ્ટો રહેતો તેથી જ્યારે તેઓ દોડે ત્યારે આગલી છાપરીવાળો હલકારો પોતાના જિલ્લાની ટપાલ લેવા તૈયાર થઇ જતો. વળી પારસલો લઇ જવા માટે પણ વ્યવસ્થા હતી. ખાનનું ઉનાળાનું નિવાસસ્થાન પેકિંગથી પગરસ્તે ૧૦ દિવસને અંતરે હતું, છતાં પેકિંગમાં સવારે ઊતરેલાં ફળો સાંજે ખાનના ખાણા વખતે પહોંચી જતાં!

ખાનના ખાસ ઉતાવળના સંદેશા પ્રાંતના સુબાઓને પહોંચાડવાના હોય ત્યારે દિવસ રાત મળીને ૨૦૦થી ૩૦૦ ગાઉ મુસાફરી કરી શકે એવા ખાસ હલકારા દરેક ટપાલ ઑફિસે રહેતા. દૂરથી ઘંટડીનો અવાજ સંભળાય કે તરત ઘોડો અને સવાર તૈયાર થઇ જતા. સવારોને તેમનાં ઉત્તમ કામ બદલ ઇનામ મળતું. તેઓ આટલી ઝડપથી કામ કરી શકે તેટલા માટે ઘોડે બેસતાં તેઓ પેટ, છાતી ને માથું બરાબર કસકસાવીને બાંધતા. યુરોપમાં આવી પદ્ધતિ ન હોવાથી માર્કોને આથી ઘણી નવાઇ ઉપજી. માર્કો લખે છે કે ટપાલના હલકારાના વપરાશ માટે ત્રણ લાખ ઘોડાઓ રહેતા.

આજે આપણે એમ માનીએ છીએ કે સરકારે હિંદ અને ચીનમાં રેલવે નાખી તેથી દુષ્કાળની સામે રક્ષણ મેળવી શકાયું છે; પરંતુ છેક તેરમી સદીમાં પણ ચીનમાં દુષ્કાળસંરક્ષણની યોજના અમલમાં હતી એ નોંધવું જરૂરનું છે. જ્યારે અનાજ—ઘઉં, ચોખા મકાઇ ને બાજરો

સસ્તાં હોય ત્યારે રાજ્ય તરફથી મોટા જથ્થામાં તેની ખરીદી થતી. દરેક પ્રાંતમાં તેના કોઠારો ભરી રાખવામાં આવતા. જ્યારે વરસ નબળું પાકે કે તીડથી પાકનો નાશ થઇ જાય ત્યારે આ કોઠારોમાંથી ઘણી જૂજ કિંમતે પ્રજાને અનાજ વેચાતું મળતું અને પરિણામે પ્રજાને કદી પણ તંગી ભોગવવી પડતી નહિ.

અનાજ અને કાપડ પેદા કરનાર પાસેથી દસમો ભાગ ગરીબોના દાન માટે ઉઘરાવાતો. દરબારમાં જતા દરેક ગરીબ માણસને કોઇપણ અપવાદ સિવાય દરબારી રસોડેથી મોટો રોટલો મળતો. આ રીતે રોજ ત્રીસ હજાર માણસો અન્ન ને વસ્ત્ર દરબારમાંથી મેળવતા.

ચીન એક બાબતમાં આજના કરતાં ખૂબ આગળ વધેલું હતું. થોડી વસતીવાળા ભાગમાં પણ રસ્તે બંને બાજુએ ઝાડ વાવેલાં હતાં. આ બધા ઉપરથી ખાન ખૂબ ઉચ્ચ આદર્શો ધરાવતો રાજા હતો એમ માની લેવાનું નથી. તેનો દરબારમાં જોષીઓ ને નજૂમીઓનું સારૂં સન્માન થતું. લડાઇ અને રાજ્યનીતિના નિર્ણયની બાબતમાં રમલના પાસા પડે એ પ્રમાણે જ કામ લેવાતું!

રાજદરબારનું વર્ણન લખ્યા પછી માર્કો ચીનના પંચાંગનો ઉલ્લેખ કરે છે. પણ તેમાં તેની ચાંચ ન ડૂબવાથી તે ગોટાળે ચડી જાય છે અને તે પડતું મૂકી ચીનના ભૂગર્ભમાં રહેલી વસ્તુઓનું વર્ણન શરૂ કરે છે.

ચીનમાં પહાડોમાંથી એક જાતનો કાળો પથ્થર નીકળે છે. આ પથ્થરને સળગાવતાં તે કોલસાની માફક બળે છે. આ સળગતો પથ્થર ઠીકઠીક અંગાર સાચવી રાખે છે. રાત્રે સળગાવેલો કોલસો સવાર સુધી ઝગતો હોય છે. માર્કો લખે છે કે આ પથ્થર સળગતાં તાપ નથી થતો; શરૂઆતમાં તો સહેજ જ્યોત જેવું જણાય છે, પણ સળગ્યા પછી તે ખૂબ ગરમી આપે છે.

અહીંથી માર્કો આગળ વધતાં પ્રસિદ્ધ હુનહો પૂલ ઉપર થઇને શાન્સીના મુખ્ય શહેર તાઈવાન આવી છેક પીળી નદી સુધી પહોંચ્યો. તે સમયમાં ઍમૅઝોન અને મિસિસિપી નદીઓ શોધાઈ ન હોવાની પીળી નદી દુનિયામાં સૌથી મોટામાં મોટી નદી ગણાતી. વળી તે વખતે નાઇલ બહુ જાણીતી નહોતી થઇ અને યાંગત્સી નદી હજી માર્કોએ જોઈ નહોતી.

પીળી નદીથી આગળ જતાં તે સાંયફુની દીવાલો, મહેલો અને બુરજો નિરખતો નિરખતો દક્ષિણ શાન્સીના પહાડો ને કોતરો વટાવીને ખાનના પ્રદેશની સરહદ બહાર સુંગ વંશના રાજાઓના પ્રદેશ ઝેશ્વાં પહોંચ્યો.

યાંગત્સી નદી માર્કોને જમીન વચ્ચેના દરિયા જેવી જણાઇ. તેની ગણત્રી પ્રમાણે આ નદી ઉપર રોજની ૫૦૦૦ વહાણોની અવરજવર રહેતી.

ચેંગટુ વટાવ્યા પછી તે આથમણી કોર વળ્યો. ત્યાં તેણે બહુ જ વિચિત્ર રીતરિવાજોવાળી જાતિઓ જોઈ.

યુનાન પ્રાંતની પશ્ચિમ તરફની પ્રજાના રીતરિવાજો પણ વિચિત્ર હતા. માર્કો લખે છે કે તે લોકો કાળાં ઘેટાંનો દેવને ભોગ આપતા. હિંદમાં વેપાર માટે ઘોડાની સારીસારી જાતો આ લોકો ઊછેરતા અને તેઓ કમાવેલાં ચામડાંનાં બખ્તરો પહેરતા. ચીનાઇ માટી અને મીઠું આ પ્રદેશમાં ચલણ તરીકે વપરાતાં. ખારા પાણીના ઝરાઓનું પાણી ઉકાળી તેઓ મીઠું પકવતા અને એ મીઠાનો અદલોબદલો કરીને જોઇતી વસ્તુ મેળવતા.

અહીં તેણે ત્રીસ ફૂટ લાંબા અને માણસને ગળી જાય એવાં જડબાંવાળા અજગરો જોયા. ત્યાંના લોકો જ્યારે અજગર પાણી પીવા આવે ત્યારે રેતીમાં ભાલાંવાળી લાકડીઓ દાટતા. અજગર એ લાકડી ઉપરથી પસાર થતાં શરીરમાં ભાલાં વાગતાં ને અજગર મરી જતો. આ અજગરોનું ઝેર થોડા દારૂ સાથે હડકાયાં કૂતરાંને આપવાથી હડકવા મટી જતો; પ્રસૂતિની પીડા આ ઝેરના પ્રયોગથી ઓછી થઇ જતી; ચામડીનાં દરદો માટે પણ તેનો ઉપયોગ થતો. અજગરનું માંસ ખોરાક તરીકે વપરાતું!

અહીંથી માર્કો પેકિંગને આડમાર્ગે અગ્નિકોણ તરફ વળ્યો અને ત્યાં થાંગચાઉમાં ત્રણેક વર્ષ રોકાઈ ચીંકિયાંગ અને પછી, પૂર્વના પારીસ જેવા, રેશમનું મથક અને ગણાતા ફિલ્સુફોના નિવાસસ્થાન, ૬૦૦૦ પુલો વાળા મહાનગર સૂચાઉ તરફ ગયો. ત્યાંથી પછી તે હેંચાઉમાં પણ ખૂબ રોકાયો હતો. નહેરો અને વિશાળ ચોકવાળું, ત્રીસ માઇલના વિસ્તારનું, અતિ રમ્ય સરોવર તથા આસપાસ અમીર ઉમરાવોના મહેલો વચ્ચે લગ્ન તથા ઉત્સવો માટે બાગબગીચાવાળું આ શહેર તેને સૌથી સુંદર લાગ્યું. સરોવરમાં ફરવા માટે વહાણો અને હોડકાં રહેતાં. આ બધું તેને પૂર્વના વેનીસ જેવું લાગ્યું.

સરોવરની પાળે લાદી પાથરેલા રસ્તાઓ હતા. મકાનોને બારણે મકાનધણીનાં નામ ચોટાંડેલાં રહેતાં. શહેરમાં મોટી બજારો ભરાય તે માટે ૧૦ ચોક હતા. અહીં

દર વર્ષે ૪૦–૫૦ હજાર માણસો હટાણું કરવા આવતા. અહીંનો દરેક વતની રેશમી લૂગડાં પહેરતો. અને અહીંની નાજુક સ્ત્રીઓ તો સુશોભિત કપડાં પહેરી એટલો ઠઠેરો કરતી અને સુગંધીદાર અત્તરોથી મઘમઘી રહેતી કે શહેર જોઇને પાછા જતા નવાસવા માણસને મનમાં રહી જતું કે ફરીને આ સ્વર્ગીય શહેરમાં ક્યારે આવીશું?

કારીગરો માટે હેંચાઉમાં બાર મોટાં ઉદ્યોગાલયો હતાં. તે દરેકમાં ૧૨૦૦૦ ઘર જુદાજુદા કારીગરો માટે રહેતાં. અહીં માલની વપરાશ રોજની કેટલી હશે એનો અડસટ્ટો મેળવવા તેણે માંડવી વહીવટદારને પૂછ્યું તો જણાયું કે ૨૨૩ મણનો એક ભાર એવા રોજના ૪૩ ભાર તો મરી આ બંદરે ઊતરે છે!

મકાનો લાકડાંનાં હોઇ અવારનવાર આગ લાગતી. આથી જરજોખમ બચાવવા ઠેકઠેકાણે પથ્થરના ઊંચા મિનારા બાંધેલા હતા. આગની તપાસ રાખવા માટે ચોકીદારો ફરતા. આગ લાગે ત્યારે ચોકીદારો એક ઊંચી ટેકરી ઉપરના પાટિયા ઉપર મોગરી ઠોકીને સૌને સાવધ કરતા. આ અવાજ ઘણે દૂર સુધી સંભળાતો.


છેક હિંદુસ્તાનથી કાપડ, સોનું, રૂપું, ઝવેરાત, હીરા, મોતી, માણેક વગેરેથી લદાઇને વહાણો અહીં આવતાં. આ શહેરની પ્રજામાં ખામી એક જ હતી. શહેરીઓ તદ્દન હિંમત વગરના હોવાથી બગદાદની માફક આ શહેર તાર્તર લોકોના કબજામાં સહેલાઇથી આવ્યું. કેથે અને આસપાસના પ્રદેશમાં માર્કો ૧૭ વર્ષ સુધી રખડ્યો હોવાથી ચીન વિષેની તેની મુસાફરીનાં પ્રકરણોમાં ચીનાઓના જીવન અને રીતરિવાજની પુષ્કળ માહિતી મળે છે.

માર્કો છેક બ્રહ્મદેશ અને માંડલે સુધી પહોંચ્યો હતો એમ તેનાં લખાણ ઉપરથી જણાય છે. ઉપરાંત તેણે બ્રહ્મદેશ વિષે સાંભળેલી અનેક વાતો લખી કાઢી છે.

દુનિયાના આ અજોડ મુસાફરોને ઘણાં વર્ષો બહાર રખડ્યા પછી હવે ઘર સાંભર્યું. ઘેર જવા માટે ગમે તે બહાનાં કાઢી તેઓ રજા માગતા પણ ખાન ઘસીને ના પાડતો. એવામાં ઇરાનના રાજાનો સંદેશો આવ્યો કે તેની રાણી મરતાંમરતાં કહી ગઈ છે કે નવી રાણી મોંગોલિયામાંથી અને તેના જ કુટુંબમાંથી પસંદ કરવી. આથી કુબ્લાખાને કુકાચીન નામની અતિ સ્વરૂપવાન કન્યાને પસંદ કરી ઇરાન મોકલવાનું નક્કી કર્યું. તુર્કસ્તાનમાં તે વખતે લડાઇ ચાલતી હોવાથી દરિયામાર્ગે આ કન્યાને ઇરાન પહોંચાડવાનું ઠર્યું. તાર્તાર લોકોને મન વહાણવટાની કળા તો જાણે કે તેમના બાપની જ હતી.


વળી માર્કો તરતમાં જ હિંદ તરફ સફર મારીને

(અનુસંધાન આગળ પાન ૧૯૨મે)



નૃત્યકાર શ્રી ઉદયશંકર
અને શ્રીમતી સિમ્કી

સ્કેચ
રવિશંકર રાવળ










કાશ્મીરની જળકુંજ

ફોટો - આલ્બર્ટમિયાં [illegible]

વ ન વ ગ ડા નાં વા સી

જંગલવાસી જીવસૃષ્ટિની પરિચયમાળાનો હપતો

દીપડો અને શિકારી ચિત્તો



દીપડો કે ચિત્તો

કાળિયારની વાત કરતાં વચ્ચે પ્રસંગોપાત શિકારી ચિત્તાનું નામ મેં લીધું હતું. એટલે આ વખતે એનું અને એના પિતરાઈ દીપડાનું ઓળખાણ કરાવું.

શિકારી ચિત્તો એટલે અંગ્રેજીમાં Hunting Leopard (Felis Jubata); દીપડો અગર ચિત્તો (द्विपिन्, चित्रक:) એટલે Panther કે Leopard: પ્રાણિવંશવિદોની બોલીમાં Felis Pardus અથવા F. Panthera. સ્તનપાયી વર્ગના હિંસ્ર પશુઓમાં બિલાડીના વંશમાં અવતરેલાં આ પ્રાણી. એનાં નિકટનાં સગાંવહાલાં તે સિંહ, વાઘ, બિલાડી.

દીપડાને કોણ નથી ઓળખતું? શિકારી ચિત્તો તો રાજામહારાજાઓને ત્યાં જ જોવા મળે; પણ દીપડો તો દરેક સરકસમાં હોય જ. છતાં ખરી મજા--એના રૂપનો અંબાર, એની મદઘેલી પણ નરમ રેશમ જેવે હળવે પગલે લપાતી છુપાતી ચાલ, એની બુદ્ધિમત્તા અને વિદ્યુદ્વેગી ચપળતા, આ બધું જોવાનો આનંદ—તો એને વનવગડામાં સ્વચ્છંદે વિહરતો જોવામાં જ છે. પશુમાત્રમાં હળવે હાથે જેની લાવણ્યમયી કાયા ઘડી છે એવી વ્યક્તિ તે કાળિયાર. પણ જેને વિધાતાએ વિવિધ રંગો વીણીવીણીને સ્વહસ્તે રંગ્યું છે, જેના મખમલ જેવા ચામને રેખા અને રંગની અદ્દ્ભુત જમાવટથી રૂડી રીતે શણગાર્યું છે, જેનાં તલકાંની શોભાથી આખી 'કાયા સૂરજમાં ઢળે છે'—એવું પશુસમાજમાં રૂપેરંગે ઊજળું પ્રાણી તો ચિત્તો એકલો જ. વાઘના કાબરચીતરા ચટાપટા કે સિંહનાં ધૂળિયાં વાન એની તોલે ન આવે.

અને આવી સરખામણી યે શી રીતે થાય? ક્યાં ભીમ અને ક્યાં અર્જુન? ક્યાં નવદસ ફૂટ લાંબો ને પાંચ છ મણનો ભીમકાય વાઘ ને ક્યાં સાત સાડાસાત ફૂટ લાંબી પણ ત્રણ મણની હલકી કાઠીનો કાગદી જવાન દીપડો. સાધારણરીતે તો દીપડો આટલો ભારે ય નથી હોતો. જંગલવાસી હોય તો જ આવો હોય. એનું શરીર તો ત્રણચાર હાથ જ લાંબું. પણ અઢી ત્રણ ફૂટની પૂંછડીને લઇને સાત ફૂટ થાય. વળી નર કરતાં માદા તો હલકી હોય.

એનું માથું મોટું, ભારે, વાઘના માથાના ઘાટનું, કપાળથી ઢળતું; પણ શરીરના પ્રમાણમાં પગ ટૂંકા: માંસલ, જાડા, બળવાન, દૃઢ સ્નાયુવાળા. શરીર પર વાળ ટૂંકા પણ ગાઢ ઊગેલા. એના ઉપર હાથ મૂકીએ તો લપસી જાય એવા સુંવાળા. એનો રંગ આછો ફિક્કો, રતાશપકડતો પીળો. શરીર પર છેટેછેટે કાળાં તલકાં કે ચકરડાં: Rosettes. દરેક તલકામાં નાનાં ગોળ ચારપાંચ ટપકાં. તલકાંની ગોઠવણી ખૂબ પ્રમાણસર: આવી નિયમિતતા હિંદુસ્તાનવાસી દીપડા સિવાય દુનિયાના બીજા કોઇ દીપડાના શરીર પર જોવામાં નથી આવતી. વાઘના પટા યે આવા નિયમિત તો નહિ. તલકાં પુખ્ત વયના પ્રાણીના શરીર ઉપર ચોખ્ખાં જોઇ શકાય.



તલકાંની ખૂબી. દીપડાને જંગલ કે જાળાંમાં સંતાવામાં એ કેટલાં ઉપયોગી થઇ પડે છે, તેનો દૃષ્ટાન્ત. એનાથી અદૃશ્ય રહી શકે.


દુબળું પણ સુંદર બાંધણીનું, સ્નાયુબદ્ધ, ખૂબ ગંઠાએલું શરીર: ચળકચળક થતી રેશમ જેવી નરમ અને સુંવાળી ચામડીથી મઢેલું: વિવિધ રંગથી ચિત્રવિચિત્ર ચમકારા મારતું. ગોળ મોં. જાણે કોરી કાઢ્યાં હોય તેવાં સુંદર નસકોરાં; પાતળા હોઠ;—અને ફિક્કા ગુલાબી રંગનાં.

ત્વચા ખૂબ નરમ, રેશમ જેવી ઢીલી: સ્નાયુઓ પર તસતસતી ચોળી જેવી પથરાએલી—માણસના કે ઢોરના જેવી તંગ નહિ. એટલે ગાય ભેંસની પેઠે હલાવીને ચામડી પર બેઠેલી માખી એ ઉડાડી ન શકે. એ માટે પૂંછડીનો આશ્રય લેવો પડે. આવી ઢીલી ચામડી હોવાનું કારણ એના તીણા નખ. નખથી શરીર ખણે; એટલે જો ચામડી તસતસતી હોય તો ઊઝરડાઈ ચીરાઈ જાય. આ તો નરમ હોવાથી નખ એમાં ભરાય નહિ ને એ ફાટે પણ નહિ. બિલાડીના શરીર પર હાથ ફેરવો એટલે આ સમજાશે.

આંખની કીકી ગોળ. રાતદિવસ અંધારામાં ભાળી શકે તેવી: નાની મોટી કરી શકાય. જીભ બરછટ. એના પર ઝીણીઝીણી બુઠ્ઠી હાડકાની અણીઓ: કાનસ જોઈ લ્યો. એથી શિકારનાં હાડકાં પર ચોંટેલું માંસ ચાટી—ઊઝરડી શકાય. શરીરનાં હાડકાં અત્યંત દૃઢ: એના પરમાણુઓ ખૂબ ઘનીભૂત થએલા: રંગે તદ્દન શ્વેત.

પણ અત્યંત આશ્ચર્યકારક તો એના દાંત અને નહોરની રચના છે. દાંત બહુ જ થોડા, પણ ઉપયોગ પૂરતા સંપૂર્ણ શક્તિમાન. એમાં થોડાક કાતર જેવા,—માંસ કાપવા માટે. ચાર લાંબી ભયંકર દંષ્ટ્રાઓ: શિકારને પકડવા: શિકારની ગરદન ભાંગી જાય, શ્વાસ રૂંધાઇને જીવ નીકળી જાય ત્યાંસુધી કચડી રાખવા. બિલાડીના વંશનાં બધાં પ્રાણીઓને ચાવવાના દાંત નથી હોતા: એની જરૂર નહિ. એ પચેલો ખોરાક (માંસ) ખાનાર હોવાથી ચાવવાની પીડા નહિ. ગમે તેવા કઠોર માંસના મોટામોટા ટુકડા કરીને તેને વગરચાવ્યે આખા ને આખા ઉતારી જાય. પેટમાં પડતાં જ પચે. ચાવવાનું નથી હોતું એટલે એમનાં જડબાં પણ, આપણાં ચાવતી વખતે અને ઢોરનાં વાગોળતી વખતે આમતેમ ડાબાજમણી હલાવી શકાય છે તેમ, હલાવી શકાતાં નથી. માત્ર ઉપરનીચે જ કરી શકાય—મોં પહોળું ફાડી શકાય. દાંત ખૂબ ઝેરી.

એમના દાંત જેટલા કે તેથી યે વધારે મહત્ત્વના તો એમના 'નહોર' છે. આ વંશનાં પશુ બધાં યથેચ્છ



દીપડા, વાઘ, સિંહ ને બિલાડાંના નહોર: કોથળીની અંદર ખેંચી શકાય તેવા દોરી સંચા સાથે. નખના છેડે જે સ્નાયુ છે, તે એને ઊંચકે: પંજાની નીચે જે દોરી જેવો સ્નાયુ છે, તે નખને બહાર કહાડે.

સ્વૈરવિહાર કરનારાં. જ્યાં જાય ત્યાં આહારોપાદાનમાં તત્પર. એથી એમનાં હથિયાર—શિકારનાં સાધન—પણ તૈયાર જ રાખવાનાં: અણીની પળ ન ચુકાય તેવાં. અને એ હથિયાર તે એમના દાંત અને નખ. આ પ્રાણીઓના નખ વાંકા, તીણા, અણીદાર. હવે આપણે માણસો, ઢોર, વગેરે આખો પગ—પાની, પંજો, આંગળાં, બધું જ—જમીન પર મૂકીને ચાલીએ છીએ. રીંછ માત્ર હથેળી અને પંજા ઉપર ચાલનારૂં (Plant-grade) છે; પણ બિલાડી અને એનાં પિતરાઇ તો માત્ર આંગળાંનાં ટેરવાં ઉપર જ ચાલનારાં (Digitograde) છે. એ રીતે ચાલતાં તો એમના વાંકડિયા નખ જમીન પર ઘસાય જ અને એની અણીઓ બુઠ્ઠી થાય. એથી શિકારમાં કામ ન લાગે અને ભૂખે મરવા વખત આવે. આવી રીતે તો આ પ્રાણીઓનાં નામનિશાન જતાં રહેવાનો યે પ્રસંગ આવે. પણ આવું થાય એ કંઇ પ્રકૃતિને પાલવે? એણે તો અગમચેતી વાપરીને કરી ગોઠવણ, કે ભલે એ બધાં આંગળીનાં ટેરવાં પર ચાલે છતાં નખ તો ન જ ઘસાય. આ માટે એમનાં પગનાં આંગળાં પર ચામડીની કોથળીઓ જડી દીધી અને એવો દોરીસંચો બનાવ્યો કે ચાલતી વખતે નખ અંદર ખેંચી લઇને પેલી કોથળીઓમાં—સાપની જીભની પેઠે—છુપાવી શકાય, અને જરૂર પડે કે તરત બહાર કાઢી શકાય. આ બધી ખટપટ હોવા છતાં પણ એના મ્યાનમાં 'તલવાર' તો તૈયાર ને તૈયાર જ. એની તીક્ષ્ણતા સાચવી રાખવા માટે એ પ્રાણી ઝાડના થડની છાલમાં નખ ઘસીને ઊભા ચીરા પાડે છે. આમ


કરવાથી, આપણે જેમ કાનસથી કરવતના દાંતા ઘસીએ તેમ એના નખનાં બંને પાસાં ઘસાઇને અણી સાબુત રહે. બિલાડી પણ આ રીતે ઘરમાં નેતરની ખુરશી, તકિયા વગેરે ઉપર અવારનવાર નખ ઘસી લે છે તે જોયું હશે.

એમના ઉદ્દામ અને ચપળ સ્વભાવને અનુકૂળ એમના લોહીની ગતિ અને શ્વાસોચ્છ્વાસ પણ ખૂબ ઝડપથી ચાલનારાં. દીપડાની શ્રવણશક્તિ તીવ્ર—અતિ તીવ્ર: છતાં વાઘના જેટલી પ્રબળ તો નહિ જ. એની ઘ્રાણેન્દ્રિય એટલી તીવ્ર નથી: પણ વાઘના કરતાં ચડે. બધી રીતે વાઘના કરતાં વધારે બુદ્ધિશાળી, વિચારશીલ અને પટુ પ્રાણી. એનું શરીર હલકું એટલે સહેજે ચપળ અને સ્ફુર્તિવાળું. પગલાં શાંત-રજ પણ અવાજ વિનાનાં: ટેરવાં પરના મુલાયમ ગુદ્દા—ગોરિયાંને લીધે. શિકાર પરના આક્રમણ પ્રસંગે એના શરીરનું વજન હલકું હોવાથી જે ઉણપ જણાય, તે ખોટ એની વીજળી જેવી ચપળતા પૂરી કરે છે.

આવી દીપડાની શરીરરચના. આ શરીરરચનામાં પણ એમના નિવાસસ્થાન ભેદે ભારે ફેર દેખાય છે. ગીચ જંગલનો રહેનાર દીપડો હમેશાં ભારે વજનનો. જંગલના ગાઢ અંધકારને લીધે એના શરીરના રંગમાં પણ ફેર પડે છે. એનાં તલકાં પણ આછાં. એની કેટલીક ટેવો પણ વાઘના જેવી દેખાય. આ કારણોથી કેટલેક સ્થળે આ દીપડા 'ગોળવાઘ' કે 'ચિત્તાવાઘ' (चित्र-व्याघ्र) નામથી પણ ઓળખાય છે. વળી જ્યાં ગીચ ઝાડી નથી હોતી પણ માત્ર જાળાંઝાંખરાંનાં મેદાન કે કોરા પથ્થર, પહાડ ને ટેકરા જ હોય છે તેવે સ્થળે અગર મનુષ્યના વસવાટની નજદીક રહેનાર દીપડા નાના ને હલકા દેખાય છે. આવાં નાનાંમોટાં પ્રાણીઓ જોઇને કેટલાક દીપડાની બે જુદીજુદી જાતો Leopard તથા Panther (એમના અભિપ્રાય પ્રમાણે આ બંને શબ્દો એકાર્થવાચક નથી, પણ ભિન્નભિન્ન પ્રાણીઓનાં નામવાચક છે) કલ્પે છે એ સાચું નથી. કારણ એ પ્રાણીનું કદ, એનાં ટપકાં—તલકાંની સંખ્યા, આકાર અને સમીપતા, એની પૂંછડીની લંબાઇ—આ બધાં ચિહ્નો, પ્રાન્તભેદે અને નિવાસસ્થાનની વિશેષતાને લીધે અત્યંત ભિન્નભિન્ન પ્રકારનાં હોય છે અને એ પરથી જો જુદીજુદી જાતો કલ્પવા બેસીએ તો પાર ન આવે. અર્થાત્ બહારનાં રૂપરંગ કે કદના ભેદ સિવાય આ નાનાંમોટાં પ્રાણીઓનું વિભેદક કોઇપણ અંતર્ગત ચિહ્ન નથી કે જેના આધારે જાતિની ભિન્નતાનો તર્ક ટકી શકે.

વળી જે 'કાળો' દીપડો થાય છે તે પણ 'જુદી' જાત નથી, પણ આપણા પરિચિત સામાન્ય દીપડાનું જ વિકૃત કૃષ્ણ સ્વરૂપ (Melanism) છે. દક્ષિણ ભારત, બ્રહ્મદેશ મલાયા વગેરેનાં ગાઢ, અંધકારમય, ભારે ભેજવાળાં, ગીચ જંગલોમાં આવા કાળા દીપડા અવારનવાર જોવામાં આવે છે. આપણા ઉત્તર ગુજરાતમાં કંઇ ગાઢ જંગલો કે ભારે ભેજવાળાં સ્થળ નથી, છતાં આવો એક કાળો દીપડો ઇડરનાં જંગલોમાં થોડાંક વર્ષ ઉપર મારા મિત્ર લેફ્ટેનન્ટ કર્નલ મૉસના જોવામાં આવ્યો હતો. આપણા પરિચિત પીળા દીપડાને પેટે પણ કદાચિત્ આવાં 'કાળાં' બચ્ચાં અવતરે છે. આ દીપડાના સગા ભાઈ જેવો દીપડો દક્ષિણ અમેરિકામાં 'જગુઆર' Jaguar નામે ઓળખાય છે.

આથી ઉલટું, દીપડો અને શિકારી ચિત્તો બંનેને એક જ માનવાની ભૂલ પણ ઘણા કરે છે. ખરી રીતે તો આ બંને સ્વતંત્ર જાતો છે. શિકારી ચિત્તો ચારથી સાડાચાર ફૂટ લાંબો, અઢી ફૂટની પૂંછડી અને બે અઢી ફૂટ ઊંચો. કૂતરા જેવડો લાગે. ઊંચું દુબળું પ્રાણી. એનું શરીર ખેંચાઇ ગયું હોય તેવું: કેડેથી અને બે બાજુએથી પાતળું. માથું ચોખ્ખું બિલાડી જેવું. કાન ગોળ ને ટૂંકા. રંગ ચળકતો લાલ—બદામી જેવો: ઓછો-વત્તો ઘેરો. ચામડી ઉપર પુષ્કળ કાળાં ટપકાં. દરેક જુદું જુદું. દીપડાના જેવાં તલકાં નહિ. ગરદન ઉપર ટૂંકી કેશવાળી: જ્યારે વાઘ-દીપડાની ગરદન સપાટ. મોં પર બે ઊભી કાળી રેખાઓ—આંખના ખૂણેથી નસકોરા સુધી. નાક કાળું: જ્યારે વાઘનું લાલ કે ગુલાબી રંગનું: દીપડાનું આછું ઝાંખું રતાશપડતું: બિલાડીનું ગુલાબી કે આછું લાલ. આંખની કીકીઓ ગોળ જ. નાનીમોટી કરી શકે. બિલાડીની ઊભી: નાનીમોટી થાય. પૂંછડી લાંબી—શરીરના પ્રમાણમાં; છેડેથી ખૂબ ચપટી; ઉપર કાળાં ટપકાં, પણ છેક છેડે ત્રણચાર ગોળ પટા; અને છેડો ધોળો. શરીર ઉપર ટૂંકા બરછટ વાળ. પેટ પરના વાળ લાંબા લટકતા: બંને પડખે લટકતી ઝાલર જેવું લાગે. પગના નખ આંગળામાં અંદર ખેંચી લેવાય એવા નહિ: (Non-retractile)—કૂતરાના જેવા; જ્યારે દીપડો, બિલાડી, વાઘ ને સિંહના ખેંચી લેવાય તેવા



શિકારી ચિત્તા

(Retractile) આવી એની શરીરરચના અને દેખાવ પરથી દીપડાથી એનો ભેદ સ્પષ્ટ સમજાય તેવો છે.

શિકારી ચિત્તા સિંધ, પંજાબ, રાજપૂતાના—ખાસ કરીને જયપૂર રાજ્ય—માં જોવામાં આવે છે. ગીરમાં પણ એનો વસવાટ સંભળાય છે. આરાવળમાં પણ વખતે મળે. દીપડો તો હિંદુસ્તાનમાં બધે ય વસે છે. આપણે ત્યાં પાવાગઢ, ઇડર, ગીર વગેરે સ્થળે એણે ધામા નાખ્યા છે. પણ મને એનો પ્રત્યક્ષ પરિચય તો તારંગામાં તથા બાલારામમાં થએલો. રાજપૂતાનામાં અને ગૂજરાતની ઉત્તર ધારે આરાવળની જે વિશાળ કાયા પથરાએલી છે, તેના કાળમીંઢ પત્થરોમાં વાઘ, દીપડા, ઝરખ વગેરે નિશાચર વૃત્તિવાળાં પ્રાણીઓનાં પુષ્કળ રહેઠાણ છે. આબુથી ઊતરી, બાલારામને મારગે પાલણપુર વટાવી, સુદાસણા ને તારંગાથી ઠેઠ ઇડરનાં જંગલો સુધી જતો વાઘને રખડવાનો એક રાજમાર્ગ છે. એ મારગે તમે જાઓ: વાઘ તમારા સંસ્કાર હોય તો દેખાય; પણ એ 'રાજ'માર્ગની ખરેખર રખેવાળી કરતા હોય તેમ દીપડા તો ઠામઠામ જોવા મળશે. તારંગાની તળેટીમાં ધરમશાળા છે, તેની સામે જમણે હાથે પહાડ પર કરાડમાં એને જોશો. ત્યાંથી આથમણા વળતાં તારણ માતાના થાનકના રસ્તે ઉપર જઇએ ત્યાં ડાબે હાથે ટેકરા ઉપર એનાં રહેઠાણ. તારંગાથી આગળ સુદાસણા પાસે ચેલણાનો પહાડ, એ તો એમની છાવણી. સવારસાંજ ગમે ત્યારે એકાદનાં તો ત્યાં તમને દર્શન અચૂક થાય જ. ત્યાંથી આગળ પાલણપુર, દાંતા, બાલારામ, શીરોહી–એમ પ્રત્યેક સ્થળે એનો વસવાટ. આનું કારણ એમનો વિશિષ્ટ સ્વભાવ. વાઘનો પગરવ પચાસ ગાઉમાં સંભળાય: રહે એક જગ્યાએ, છતાં ફરે ચોદિશાએ. દીપડાને એટલું ફરવાનું નથી ગમતું. એ તો જ્યાં બોડ કરે ત્યાં આસપાસ જ ભમનારા. દરેક ગામ, દરેક સીમના દીપડા જુદા: દરેકે જાણે ભાગ વહેંચી લીધા હોય તેમ પોતપોતાનું સાચવીને બેસી રહે. સીમે એમનો પગદંડો પણ એ સ્થળની આસપાસ જ હોય. એને પોતાનાં નિવાસસ્થાનની ઝાઝી ભાંજગડ નથી હોતી. ગાઢ જંગલની શીળી છાયા પણ એને ગમે, અને ઉત્તર ગુજરાત જેવા પ્રદેશમાં તો પહાડી નીચી ટેકરીઓ ઉપર, લૂખા ઝાડપાન વિનાના ટેકરા પરની કાળમીંઢ પથ્થરની બખોલોની ઓથે, માથાપૂર ઊંચા ઘાસમાં, જાળાંઝાંખરાં બોરડી અથવા કેરડાનાં ભોથાંમાં, કે ભર ઉનાળે સૂરજના ધીખતા અંગારની પરવા વિના ખાડાખૈયાંવાળી ખરબચડી ભોંય કે સૂકાં નદીનાળાં અને વહેળિયાંની ભેખડોમાં ભરાઇ રહેતાં યે એને આવડે. ચોપાસ માણસનો હોબાળો કે પગરવ હોય, લીલાછમ પાકથી ઝૂકતાં ખેતર હોય, તો યે વચ્ચે એકાદ છીછરા ખાડામાં એને રહેતાં આશંકા નથી આવતી. ઢોરઢાંખરથી ખેંચાઇને એ ગામડાંના સીમાડે પણ ભમ્યા કરે. કોઈ તો ઊકરડામાં પણ દેખાય!

આમ રહેવાનું પાલવે પણ દીપડાને જ. વાઘ જો આમ રહે તો ભૂખે જ મરે. વાઘનો શિકાર મોટાં પશુ: એવાં કંઈ દરેક સ્થળે થોડાં જ હોય? એટલે એને તો ભમ્યે જ છૂટકો. દીપડાનું પેટ નાનું: એને ગમે તે ખપે: રોઝ, સાબર, છીંકારાં, કાળિયાર, હરણ, ભૂંડ, બકરાં, ઘેટાં, કૂતરાં, શિયાળ, વાંદરાં, સસલાં, મોર,



ઉત્તર ગૂજરાતનો પહાડી પ્રદેશ :
દીપડાના વસવાટનું આદર્શ સ્થળ

કૂકડાં, શાહુડી, કરચલા, સાપ, ઘો—આ બધી ય વાનીઓ એની પતરાળીમાં સમાય; એટલે એ ભમતા શું કરવા જાય ? જ્યાં આમાનું કંઇ ને કંઇ મળે ત્યાં 'અઠેઠી દવારકાં' કરી ધામા નાખે.

આવી અઘોરી જેવી જીવનચર્યા હોવા છતાં પણ દીપડો સામાન્ય રીતે 'ફ્લોચર'—કૂતરાં કે વરુની પેઠે સમૂહજીવન જીવનારો—નથી હોતો. ક્વચિત્ ત્રણચાર દીપડા ભેગા યે જોવામાં આવે; છતાં દરેક વાઘ, દરેક સિંહ, દરેક દીપડો એની માદા અને બચ્ચાં સાથે સ્વતંત્ર કૌટુંબિક જીવન જીવે છે. એમાં યે દીપડાનો પરસ્પર સંબંધ—દાંપત્ય અને અપત્ય પ્રેમ—તો અદ્ભુત જ. એક વખત સંવનન થયું કે દીપડો અને દીપડી દીર્ઘ કાળ પર્યંત એકઠાં ગૃહસ્થજીવન ગાળવાનાં. વાઘની રીત આવી નહિ. એને ય માદા તો વહાલી, પણ સ્વભાવે જ જરા 'છેલબટાઉ', એટલે વખતે 'ડાબે હાથ' પણ ફંટાઇ જતાં વાર ન લાગે. દીપડો આવું ન કરે.

દીપડી બચ્ચાં જણે બારે માસ. એક સુવાવડમાં બેથી ચાર. એ જન્મે ત્યારે બિલાડીનાં બચ્ચાં પેઠે આંધળાં. એ વખતે એમના શરીર પરનાં ટપકાં આછાં અસ્પષ્ટ હોય. પછી જેમજેમ શરીર વધે તેમતેમ ટપકાં પણ છુટાં પડી ચોખ્ખાં દેખાય. શિકારી ચિત્તાનાં બચ્ચાં ખૂબ રૂપાળાં: ફિક્કા રંગનાં. એને ટપકાં ન મળે. માત્ર નાક પર કાળી લીટી જ હોય.

દીપડી બોડ, બખોલ કે ગુફામાં બચ્ચાં જણે કે પછી એ મોટાં થાય ત્યાં લગી નરમાદા એમની લગોલગ જ રહે છે. નર શિકાર લાવે ને આખું કુટુંબ પોષાય. દીપડીનો સંતાનપ્રેમ નિઃસીમ; વાઘણનો એટલો નહિ. એમને બચાવવા એ રજ પણ ખમચ્યા વિના ગમે તેવા પ્રાણી પર પણ હુમલો કરે છે. જે સ્થળે એ વિયાય ત્યાં આગળથી નીકળતાં ભલભલાને પણ વિચાર થઇ પડે.

જેવી એમની કુટુંબભક્તિ એવી જ એમની ઇતર પ્રાણી પ્રત્યે અસાધારણ સ્વાભાવિક ક્રૂરવૃત્તિ. સિંહ અને વાઘ પોતાના પેટ પૂરતું મારી ખાનારાં. એમનામાં નૈસર્ગિક ક્રૂરતા નથી હોતી. વાઘને તો એકાદ હરણ કે પાડો ગળ્યો, તે જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ખાધે જાય. તાજું કે કોહેલું—ગમે તેવું માંસ ખાય; પણ વ્યર્થ હનનની એને ટેવ નહિ. પણ દીપડો તો રાક્ષસી—પિશાચી વૃત્તિવાળો એને તો મારવામાં જ મજા આવે. નર્મર્યાદ બની એ હણ્યે જ જાય. ભરવાનાં હોય બેત્રણ પેટ, પણ જો ઘેટાંબકરાંના ટોળામાં પડ્યો તો પચીસ પચાસનો ઘાણ કાઢી નાખે. એની ચમકતી, ચળકતી, લીલી, તણખા વેરતી આંખો, ભીષણ ક્રૌર્ય, અદ્ભુત હિંમત—સંહારથી ઉપજતા અસીમ આનંદનાં એ બધાં દ્યોતક. અડગ લપાતે પગલે, પેટ ઘસડતો, પૂંછડી પટપટાવતો, શિકારને અનુસરતો તમે એને જુઓ. આંખો શિકાર પર જડાએલી હોય, શરીર ચડાવેલી પણછ જેવું અક્કડ અને ઝણઝણાટીથી ધ્રૂજતા સ્નાયુઓવાળું હોય, શ્વાસ ઝડપથી વહેતો હોય—એનું આવું દર્શન અત્યંત આકર્ષક અને મુગ્ધ કરનારૂં છે. એમાં યે ભૂખ્યું હોય તો આ પ્રાણીની નીડરતા અને સાહસ અજબ હોય છે. નર અને માદા ભેગાં હોય તો પહેલાં માદા તરાપ મારે; પણ શિકારને ન પહોંચે એમ હોય તો પછી નર જ મેદાને પડે છે.

ભયંકર સંહારકવૃત્તિમાં પ્રાણીજાતમાં અજોડ છતાં સાધન જુઓ તો સાદામાં સાદાં—દાંત અને નખ !

આવું સાહસિક હોવા છતાં સ્વભાવે તો ઘણું જ બીકણ પ્રાણી. સૂવર, પાડો, રોઝડો કે બારાસીંગ જેવાના તો છાંયડે યે ન ચડે. વાઘ ને મગર પણ એને મારી ખાય. એ અરધી બાજી જીતે છે. અચાનક હુમલો કરવામાં પણ જો એનો પ્રપંચ શિકારના જાણવામાં આવ્યો તો થઇ રહ્યું. એકાદ 'દાઢીવાળો' બોકડો પણ જો 'બા . . . આ આ આ આ' કરતોક ને માથું નમાવી સામો થયો તો પગમાં પૂંછડી ઘાલી એ પલાયન કરી ગયાના પણ દાખલા જાણીતા છે. એકાદ બળવાન મનુષ્ય એની સામે થાય તો એને ખાલી હાથે પણ થંભાવી શકે. જ્યારે વાઘને થંભાવનાર મનુષ્યપ્રાણી તો હજી સરજાય ત્યારે.

વાઘ પોતાનો ભક્ષ ખેંચી જાય એ ભયથી, દીપડો મારેલા શિકારને ઝાડમાં ઊંચે ચડાવી દે છે; કારણ વાઘને ઝાડ ઉપર ચડવાની ટેવ નથી, જ્યારે દીપડો તો વાંદરાંનો શિકાર કરવા ઝાડ ઉપર રમતમાં ચડી જાય છે. રીંછ ઝાડ પર ચડે અને ઊતરે ત્યારે માથું ઊંચે અને પૂંછડી નીચે લટકતી હોય: દીપડો ચડે રીંછની પેઠે, પણ ઊતરે ત્યારે માથું નીચે અને પૂંછડી ઊંચે એવી રીતે.

એનું લોકોત્તર ધૈર્ય, સદોદિત જાગ્રતિ, બળવાન મનોનિગ્રહ, જાત પર અદ્ભુત કાબુ—એ બધા ગુણોથી

હિંસક પ્રાણીઓમાં એનું સ્થાન અતિ ઊંચું છે. એને અસહ્ય પીડા થતી હોય છતાં પરમહંસની પેઠે કેવળ શાન્તિથી મૂંગે મોંએ સહન કર્યે જાય છે. સ્વભાવે રમતિયાળ. આરામથી બેસે ત્યારે પગ આગળ લાંબા કરી એ પર, કૂતરાની પેઠે, માથું મૂકી નીરાંત કરે. બચ્ચાં માંના ગાલે નાક ઘસે. મા એના મોં માથું ચાટે: જાણે શિકાર કરવાની રજા આપતી હોય, સાવધ રહેવા સૂચવતી હોય અને આશિર્વાદ આપતી હોય!

વાઘની પેઠે એ ત્રાડ નાખે છે, પણ જો દુઃખ થતું હોય કે પ્રિયજનનો વિરહ સાલતો હોય તો બિલાડીના જેવો 'ઘરરર' અવાજ ગળામાંથી કહાડે છે. ધીમેધીમે એ સ્વર ઉચ્ચ થાય ત્યારે લાકડું વહેરાતું હોય તેવો 'ખરરાટ'—Sawing જેવો અવાજ—પણ કરે છે.

શિકારી ચિત્તાને મોટપણે પાળવામાં આવે છે, કારણકે બચ્ચાં પાકાં 'શિકારી' થઇ શકતાં નથી. પણ સ્વભાવે જ અતિશય ક્રૂર હોવાથી દીપડાનાં તો બચ્ચાંયે, વાઘની પેઠે, પાળી શકાતાં નથી. માણસના વસવાટમાં રહે તેથી એને માણસનો ભય પણ ઓછો. એટલે 'માણસખાઉ' વાઘથી યે વધારે ત્રાસ 'માણસખાઉ' દીપડો વરતાવે છે. તેમાંયે વાઘ તો એકલો નિશાચરઃ જ્યારે દીપડો તો રાતે પણ ભમે ને દિવસે ય રખડે. એટલે એ જ્યાં માણસ પર પડતાં શીખ્યો તે પ્રદેશમાં વસવું ભારે થઇ પડે.

સુંદરતામાં જેવો અજોડ છે, એવી જ નૃશંસ એની ક્રૂરતાની તોલે કોઇ આવે નહિ. સાક્ષાત યમ જેવા દીપડાનાં જ્યાં પગલાં પડે ત્યાં પ્રાણીમાત્ર કંપી ઊઠે છે. મોર, વાંદરાં, ખીસકોલી, કૉયલાં, હરણ—બધાં ય ચીસ પાડી આખા જંગલને ગજાવી મૂકે છે કે નાસો, મોત આવ્યું!

છતાં એના અસ્તિત્વથી પ્રકૃતિનું સમતોલપણું સચવાય છે. જો દીપડા જેવાં સંહારક પ્રાણી ન હોત તો પૃથ્વીનો આખો પટ વનસ્પતિભક્ષક પશુઓથી ઊભરાઇ જાત અને એમના પડખે મનુષ્યજાતિને જીવવાપણું પણ ન હોત.

વનેચર



કાળો દીપડો

અખાડો

જેમાં

પ્રશ્નો

મુંબાઇથી ભાઇ કાન્તિલાલ જોશી પૂછે છેઃ

૧ આપણા મલ્લોનાં શરીર ગોળમટોળ હોય છે અને પશ્ચિમના કસરતબાજોનાં શરીર જેવાં—વિકાસ પામેલા સ્નાયુઓવાળાં નથી હોતાં તેનું કારણ શું?

૨ બાઇસેપ્સ, ટ્રાઇસેપ્સ, કાફ—આ સ્નાયુઓ શી રીતે ખીલવી શકાય?

૩ વેઇટ લિફ્ટિંગથી શો ફાયદો થાય છે?

૪ સામાન્ય તંદુરસ્તીવાળા માણસનું નૉર્મલ વજન કેટલું હોવું જોઇએ? એને ઊંચાઇ સાથે સંબંધ કેવા પ્રકારનો છે?

૫ ગૂજરાતી ખોરાક ખાનાર અખાડાબાજે શક્તિ (વાઇટૅલિટી) વધારવા અને જાળવી રાખવા મુખ્યત્વે કયો ખોરાક લેવો જોઇએ?

૬ કેડ અને કરોડને મજબૂતી આપનારી કસરતો કઇ?

ઉત્તર

૧ પૂર્વ અને પશ્ચિમ—બધાયે દેશોમાં કુસ્તીનો વ્યાયામ કરનાર પહેલવાનોનાં શરીર મુખ્યત્વે ગોળમટોળ હોય છે, જ્યારે જિમ્નાસ્ટ અને મસલ કૉન્ટ્રોલ કરનારનાં વિશેષ પ્રમાણમાં વિભક્તાવયવ હોય છે. વેઇટ લિફ્ટિંગથી સ્નાયુઓ ખૂબ જ કેળવાય છે, પણ એના નિષ્ણાતોનાં શરીર પણ ગોળ બને છે. અહીં ગોળમટોળ એટલે સ્નાયુઓનો વિકાસ નથી થયો અગર અધૂરો થયો છે, એમ ન સમજવું. સ્નાયુઓ તો પૂરેપૂરા વિકાસવાળા હોય છે; પણ એમના પર ચરબીનું ગાઢ આવરણ આવવાથી અને ગોળ બનવાથી આખું શરીર એકધારી સમાનતાવાળું—ગોળ દેખાય છે. તોપણ આવી ગોળાઈ ઓછી દર્શનીય નથી હોતી, એ જેમણે હેકેન્સ્મીટ, વૉરન ટ્રેવીસ, જિમ લૉન્ડૉસ, એપોલૉન, જોઉએટ, નોર્ડકવેસ્ટ વગેરે પરદેશી અને ઇમામબક્ષ, કીકડ, રહીમ વગેરે હિંદી પહેલવાનોનાં ચિત્રો જોયાં છે તેમને સમજાશે. આવાં ગોળમટોળ શરીરમાં વાંધાપડતું કંઇ હોય તો તે 'મોટી ફાંદ' છે. આવી ફાંદ પશ્ચિમના પહેલવાનોમાં સામાન્ય રીતે નથી

સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામના ઉપાસક યુવાનો પરસ્પર અનુભવની આપ-લે કરે છે.
નિરીક્ષક · હરિનારાયણ આચાર્ય



દેખાતી, પણ જાપાની અને આપણા દેશી 'ભીમાશંકરો'માં વ્યાપકપણે જોવામાં આવે છે. અતિશય ખોરાકને લીધે પેટપર ચરબીનાં પડ વધ્યે જ જાય, અને પેટના સ્નાયુઓને સીધી અસર કરે તેવા વ્યાયામનો અભાવ, એટલે ફાંદનો પણ શો વાંક? છતાં આવા પહેલવાનોમાં ચપળતાનો અભાવ હોય છે એમ કોઈ માને તો તે ખોટું છે.

૨ વેઇટલિફ્ટિંગ, દંડ, બેઠક, જિમ્નાસ્ટિક્સ, રોમન રિંગ્સ, મસલ કૉન્ટ્રોલ, હૅન્ડ બૅલૅન્સિંગ વગેરે.

૩ શરીરના લગભગ બધા જ સ્નાયુઓનો સંપૂર્ણ વિકાસ થઇ શકે અને અદ્‌ભુત બળ મેળવી શકાય —જો બુદ્ધિપૂર્વક ને સાવચેત રહીને કરવામાં આવે તો. એને, સર્વોત્કૃષ્ટ વ્યાયામ કુસ્તીથી બીજે પદે મૂકી શકાય.


૪ દેશ પરત્વે આનું ધોરણ ભિન્નભિન્ન હોય છે. વળી ઉમરના પ્રમાણમાં પણ વજનનો ફેર હોઈ શકે. તેમજ સ્ત્રી અને પુરુષનાં શરીર એકસરખાં ઊંચાં હોય તોપણ વજન જુદાં હોય. આપણા દેશમાં પ્રાન્તભેદે પણ વજનનું પ્રમાણ એક નથી હોતું. એટલે આનો જવાબ સર્વદેશીય સાચો તો ન જ આપી શકાય.

સામાન્યરીતે વીમા કંપનીઓ, અનેક વીમો ઉતરાવનારાઓની ઊંચાઇ, ઉમર અને વજનના આંકડા ભેગા કરી જે સામાન્ય ધોરણ નક્કી કરે છે તેને આજકાલ ખૂબ પ્રમાણભૂત માનવામાં આવે છે. એક એવો પણ મત છે કે જેટલા ઇંચ ઊંચાઇ હોય તેનાથી બમણા રતલ વજન હોવું જોઇએ. વળી અમેરિકામાં વેઇટલિફ્ટરોના સંપ્રદાયમાં શરીરના વજન માટે એવું પણ ધોરણ રખાય છે કે ઊંચાઇના ઇંચમાં ૧૧૦ ઉમેરતાં જે આંકડો આવે તેટલા રતલ વજન, પૂરેપૂરો વિકાસ પામેલા પુરુષ શરીરનું હોવું જોઇએ. જેમકે ૫' ૮" નો યુવાન ૧૭૮ રતલનો હોય. આવું ધોરણ આપણા ગુજરાત માટે તો હાલ નકામું નીવડે.

દરેક વ્યક્તિને વજનનું એક જ ધોરણ લાગુ ન પડે; કારણકે વજન નક્કી કરવામાં ઊંચાઇ ઉપરાંત હાડકાંની જાડાઇ, જીવનવ્યવસાય, આબોહવા, આહારવિહાર વગેરે ઘણાં કારણો વિચારવાં જોઇએ.

૫ બલપ્રદ અને પચી શકે તેવો ખોરાકઃ દૂધ મુખ્યત્વે. માંસાહારીને આ પ્રશ્ન મૂંઝવતો નથી.


૬ ઉપર નં. ૨ માં ગણાવી તે; એ ઉપરાંત કુસ્તી, લાકડાં ફાડવાં, માટી ખોદવી (અખાડો ખોદવો), કેટલાંક આસનો વગેરે અનેક.



સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

ચીખલી હિન્દુ વ્યાયામશાળાના સંચાલક ભાઇ સોરાબ ઇટાલિયાના અદમ્ય ઉત્સાહ અને અવિરત પુરુષાર્થનો એક વધુ દૃષ્ટાન્તઃ ભાઇ મોતીલાલ કા. પટેલ. ઉમર ૨૯ વર્ષ. વજન ૧૧૨ રતલ છએક વર્ષથી દેશીપરદેશી વ્યાયામપદ્ધતિઓના સેવનનું ફળ. આખું શરીર આવું જ કેળવાએલું હશે, એમ આશા રહે છે.

ઘડિયાળ કેમ ચાલે છે



સ્પષ્ટપણે સમજાય એ માટે મોટાં કરીને બતાવેલાં આ ચિત્રો ઘડિયાળ કેમ ચાલે છે એ દર્શાવે છે. જેવી આપણે મથાળાની ચાવી ફેરવીએ તેવી જ ચાવી દેવાનાં ચક્કર વડે ફરતી મુખ્ય કમાન સખતપણે વીંટાય છે. પણ તે તરત જ સામેથી ઉખળવાનો પ્રયત્ન કરે છે અને તેમ કરવાથી તેના ચક્કર સાથે જોડાએલાં દાંતાચક્કરો ફરવા માંડે છે. કમાન તો સખત હોય, એટલે તે જોરથી ઉખળે તો બધાં ચક્કરો ઝપાટાબંધ ફરી જાય. આમ થતું અટકાવવાને 'છટક'ની રચના કરવામાં આવી છે, અને આખી ઘડિયાળનું સાંચાકામ એ છટકનાં કામ અને ગતિ પર આધાર રાખે છે. છટકને બે દાંતા હોય છે, જે છટકના ચક્કરના વાંકા દાંતામાં બંધબેસતા રહીને એ ચક્કરની ગતિને રોકે છે. છટકની ગતિ એવી રીતની આગળ ને પાછળ જનારી હોય છે કે જેને લીધે તેનો એક દાંતો ઉપડે એવો જ બીજો ચક્કરમાં ભેરવાઈ જાય અને તેને અટકાવે. આથી એ ચક્કર, છટકની ગતિની સાથે ઠેકા ખાતું થોડુંક થોડુંક કરીને ધીમેધીમે જ ફરી શકે છે; અને એ ધીમી ગતિ એટલી માપબદ્ધ અને તાલબદ્ધ હોય છે કે ઘડિયાળ યોગ્ય વખતમાં ફરીને ધાર્યો ટાઇમ આપે છે. પણ આ છટકને ચલાવે છે કોણ? છટકનો બીજો છેડો જે ધરી સાથે જોડાએલો છે તેના ઉપર 'બૅલેન્સ' નામનું ચક્કર છે અને તેના ઉપર 'બાલ' નામની વાળ જેવી ઝીણી કમાન હોય છે. મુખ્ય કમાનના ઝટકાથી જેવું છટક એક ઠેકો ફરીને પોતાનો આગલો દાંતો છટક-ચક્કરમાં ભરાવે છે તેવું જ તે પોતાના બીજા છેડાની ધરી સાથે જોડાએલા બૅલેન્સને પણ એક આંટો ફેરવે છે; અને એ બૅલેન્સ ફરવા સાથે તેના ઉપરની 'બાલ' કમાન પણ વીંટાય છે. જેવો છટકનો ઠેકો પૂરો થયો ને બાલ-કમાન વીંટાઈ રહી તેવી જ એ ફરી ઉખળે છે ને બૅલેન્સને અવળી દિશામાં ફેરવે છે, જેને લીધે છટક પણ ફરે છે અને તેનો આગલો દાંતો ઉપડી જઇને પાછલો દાંતો છટક-ચક્કરમાં ભીડવાઇ જાય છે. આમ છટક બીજો ઠેકો લે છે. અને આ રીતે આગળ ને પાછળ ઠેકા લેતું અને સાથે બૅલેન્સને સવળું ને અવળું ફેરવતું એ છટક ધીમી માપસર ગતિએ જ છટક-ચક્કરને ફરવા દે છે; અને એ ગતિ અનુસાર જુદાજુદા હિસાબસર ગોઠવેલાં દાંતાચક્કરો, પોતપોતાની સાથે જોડાએલા કલાકકાંટા, મિનિટકાંટા અને સેકન્ડકાંટાને ચલાવે છે. ઘડિયાળના સાંચાકામને પડખામાંથી તથા સામેથી બંને રીતે બતાવતાં આ બંને ચિત્રો ધીરજથી જોતા જઇને ઉપલી હકીકત સાથે બંધ બેસાડવાથી આખી રચના સમજાશે.

સાહિત્યની નજરે કરેલાં અવલોકનોવાળુ એક પ્રવાસવર્ણન

૭ પતિયાળા

કપુરથલાથી અમે પતિયાળે ગયા.

કપુરથલામાં મને લાગ્યું હતું જ અને પતિયાળામાં સવિશેષે દેખાયું કે એ તરફનાં રાજ્યોમાં પ્રજાનું સ્થાન ઘણું ઓછું છે. પણ આ વાકય હું કોઈ દેશસેવક કે પ્રજાહિતેચ્છુ તરીકે લખતો નથી. આ લેખન પાછળ દૃષ્ટિ કેવળ સાહિત્યની છે. રાજકીય નિયોગોમાં પ્રજાનું સ્થાન કેટલું હોવું જોઇએ ને કેવું હોવું જોઈએ એ પ્રશ્નનો ઉત્તર મારી પાસે નથી. કોઇ રાજયમાં પ્રજાનું સ્થાન ન જ હોય તો એ રાજ્યને ખરાબ નહિ, આશ્ચર્યજનક કહેવાય; કેમકે પ્રજાના સહકાર વિના રાજ્ય ચાલે નહિ.

પતિયાળામાં મોહિન્દર (મહેન્દ્ર?) કૉલેજ નામે કૉલેજ છે અને ત્યાં ઉચ્ચતર શિક્ષણ મફત અપાય છે. મારી માહિતી જો સાચી હોય તો તેની પાછળ લગભગ પોણા લાખનું ખર્ચ રાજ્ય ઉઠાવે છે. કેળવણીના ક્ષેત્રમાં લાહોરમાં યુનિવર્સિટી કૉલેજને રૂા. ૭૦૦૦૦, અમૃતસરની ખાલસા કૉલેજને રૂપિયા એક લાખ અને બીજા છ લાખનું એન્ડાઉમેન્ટ ફન્ડ આ રાજ્યે આપેલાં છે.

પતિયાળા પંજાબનાં શીખ સંસ્થાનોમાં અગ્રણી છે. ત્યાંના રાજાઓ મૂળ તો જેસલમીરના એક રાજકુટુંબમાંથી ઊતરી આવેલા રાજપૂતો છે. જાટ જાતના સિધુ વંશના અલાસિંઘ નામે રાજાએ ભવાનીગઢ અને પતિયાળા વસાવ્યાં. પતિયાળા અઢારમા સૈકાની મધ્ય પછી વસેલું છે, એટલે પ્રાચીન ગૌરવ કે ભવ્યતાઓ ત્યાં મળવાનો સંભવ ઓછો છે.

મોટાપણું એ પતિયાળાનું લક્ષણ છે. જૉનાથન સ્વિફ્ટ નામે અંગ્રેજ લેખકે 'ગુલીવરની મુસાફરીઓ' નામે પુસ્તક લખીને તે વખતની અંગ્રેજી રાજ્યની સ્થિતિનો ઉપહાસ કર્યો છે. તેમાં એક સ્થળે આવે છે કે ગુલીવર બ્રૉબડિંગ્નાગ નામે પ્રદેશમાં જાય છે અને ત્યાં આપણા કરતાં બારગણી મોટી સૃષ્ટિ તે જુએ છે. એક ખેડુત તેને મળ્યો તે એટલો બધો મોટો હતો કે તેને માટે ગુલીવરનો અવાજ સાંભળવાનું જ અશકય હતું. પતિયાળા મોટું રાજ્ય છે અને તે મોટાઇને લીધે નાનાંનો અવાજ તે ન સાંભળી શકે તો તેમાં કોઇને દોષ દેવાય એમ નથી! રાજાઓની સૃષ્ટિ એ જુદી જ સૃષ્ટિ છે. સામાન્ય લોકોને એ સૃષ્ટિનો પરિચય ઓછો જ હોય; અને ઓછો છે એ પણ અનિવાર્ય છે. છતાં આ મનોદશાને તેના વિકસિત સ્વરૂપમાં જોવાય, અથવા આ મનોદશા પરથી ફલિત થતાં તર્કનાં અનુમાનો વિચારાય તો પરિણામ એ દેખાયા વિના નહિ રહે કે આ મોટા રાજાઓ બીજા રાજાઓને ક્રમેક્રમે નાના ગણતાં શીખશે. વસ્તુતઃ એક નાનામાં નાના રાજ્યનો રાજા અને મોટામાં મોટા રાજ્યનો રાજા બન્નેનું રાજત્વ તો સરખું જ છે, અને તેટલા માટે બધા રાજાઓ સમાન ગણાવા જોઇએ. રાજાઓ પ્રજાવર્ગમાં ગરીબ અને તવંગર વચ્ચે ભિન્નભાવ ગણી શકતા નથી, તો પછી તેઓમાં અંદરઅંદર પણ ભિન્નભાવ અને નાનામોટાપણું અસ્થાને છે.

પતિયાળાનો રાજમહેલ ઘણો મોટો છે; અને ત્યાં એકથી વધારે મહેલો છે. જૂનો મહેલ પણ ઘણો મોટો છે. તે મકાનમાં રાજ્યનું દીવાનખાનું, તોપખાનું, સિલ્લાખાનું વગેરે તથા સંગ્રહસ્થાન છે. એ સંગ્રહમાં ગુરુ ગોવિંદસિંહની તલવાર અને ભાલું દેખાડે છે, તેમજ દિલ્હીના બાદશાહોની તલવાર પણ બતાવે છે. તે ઉપરાંત પ્રાચીન ચિત્રો, પ્રાચીન કાશ્મીરી શાલો વગેરે છે અને સ્ટફ કરેલાં પ્રાણીઓનો પણ સારો સંગ્રહ છે. પણ એ બધામાં, પ્રાચીન અને નવીન સર્વની એવી કચુંબર કરવામાં આવી છે, વર્ગીકરણનો એટલો અભાવ છે કે શિક્ષણમાં ઉપયોગી બને એવો, આ મોટી કીમતે અને શ્રમથી એકત્ર કરેલો સંગ્રહ કેવળ મોંઘો હોવાના કારણસર શિક્ષણની વસ્તુ મટી જઇને માત્ર શોભાની વસ્તુ બની જાય છે; અને એ શોભા જોવા આવનાર લોકોનું અજ્ઞાન જોઇ તે બતાવનારા ગમે તેમ હાંકે છે. પણ એ દોષ કાંઇ એકલા પતિયાળાનો જ નથી. એ તો પ્રાચીન સંગ્રહ કરનાર દરેક સ્થળે એવું જોખમ રહેલું છે. તુર્કસ્તાન અને એવા મુસ્લીમ મુલકોનાં ખાનગી અને જાહેર સંગ્રહસ્થાનોમાં મહંમદ પયગમ્બર સાહેબના દાંત બતાવવામાં આવે છે. તે એટલે બધે ઠેકાણે છે કે જો તે બધાનો સરવાળો કરીએ તો હઝરત પયગમ્બર સાહેબને લગભગ દોઢસોથી બસો દાંત હતા એમ ઠરે, એવું વાંચવામાં આવ્યું છે. પતિયાળામાં જે ચીજો અમે જોઈ તે જૂની હતી એટલું ચોક્કસ. અને કાશ્મીરની શાલો ઉપરનું કામ તો કલાના કોઇ પણ ભક્તને મુગ્ધ કરે તેવું હતું. તેને સાચવવાની રીત પણ એવી જ સુંદર છે. કાઠિયાવાડના ચાકળા

અને ચંદરવા ઉપર ઘણી સારી કલા પહેલાં દેખાતી, પણ ચાકળા ચંદરવાનો સંગ્રહ હજી સુધી કોઇ રાજ્યે કર્યો નથી. કાશ્મીરની શાલો મોંઘી છે; ચંદરવા એ કાઠિયાવાડણોના ઘરરખુપણાનો પુરાવો હોઇ સોંઘા છે. શાલોમાં આકૃતિની વિવિધતા છે; ચાકળામાં રંગની છે. જો હજી પણ કાઠિયાવાડનાં મ્યૂઝિયમોમાં એ ચંદરવા રાખવામાં આવે તો સંગ્રહમાં ઉપયોગી અને બોધદાયક વધારો થાય, પતિયાળાનાં ઝવેરાતોનો સંગ્રહ નાનો છતાં કીમતમાં ઘણો મોટો છે. તેમાં પ્રિન્સેસ યુજીનનો હીરો છે, અને બીજા પણ મોટા હીરા છે.

પતિયાળામાં બીજી જગ્યા અમે જોઇ તે ત્યાંનું મોટરખાનું અથવા ગૅરેજ. એમ તો પતિયાળામાં ત્રણચાર ગૅરેજો છે. એક મહારાજા સાહેબનું, એક મહારાણી સાહેબનું, એક પરચુરણ વગેરે. મહારાજા સાહેબના ગૅરેજમાં છવ્વીસથી વધારે રૉલ્સ રૉઇસ મોટરો છે. અને તે ઉપરાંત પચાસેક બીજી જાતની છે. તે ઉપરાંત રાણીસાહેબના ગૅરેજમાં થોડીએક રૉલ્સ મોટરો છે. આ બન્ને ગૅરેજોની મોટરોમાં વીસ બાવીસ હજારથી ઓછી કીમતની મોટરો રાખવામાં આવતી જ નથી. તે માટે તો વળી બીજું ગૅરેજ છે એમ અમને કહેવામાં આવ્યું. મુંબાઇમાં અમારી સામે એક મારવાડી રહેતો હતો. તેને રેસમાં ખૂબ પૈસા મળ્યા, એટલે તેણે ખૂબ રૂમાલો ખરીદ કર્યા. જમણા હાથનો રૂમાલ, ડાબા હાથનો રૂમાલ, રેશમી રૂમાલ, સુતરાઉ રૂમાલ, એમ ઘણા રૂમાલ તો તે પોતાની પાસે જ રાખતો. આ વાત મેં બીજા એક માણસને કરી, એટલે તેણે નવસારીના કાવસદારૂ મોબેદને સટ્ટામાં પૈસા મળ્યા કે તરત તેણે ત્રણસો સદરા અને ત્રણસો લેંઘા કરાવેલા અને તે આવ્યા એટલે એ રાખવાની ઘરમાં જગ્યા પણ હતી નહિ તેની વાત કરી. અમારી સાથે એક મિ. મહેતા કરીને ભણતા. પૈસાદાર હતા. તેમને કોઇકે કહ્યું કે શેક્સપિયર ઘણો સારો કવિ છે, એટલે તેમણે શેક્સપિયરનાં નાટકોની જ નકલો લેવા માંડી. આજે આખી લાયબ્રેરી શેક્સપિયરનાં નાટકોની જુદી જુદી નકલોથી ભરેલી છે. મોટર એ સાધન છે, પણ કેવળ આનંદ કરતાં આનંદ ને ઉપયોગ બન્ને તેના હેતુ હોવા જોઇએ. મને ખબર આપવામાં આવી કે આખી દુનિયામાં કોઈ ખાનગી વ્યક્તિ પાસે પતિયાળાના મહારાજા જેટલી સંખ્યાની રૉલ્સ રૉઇસ મોટરો નથી.

પતિયાળામાં વીજળી છે. તેનું પાવર હાઉસ જોવા અમે ગયા હતા. તેની સાથે જ વૉટર વર્ક્સ હતાં. તેમાં યંત્રોની રચના એવી રીતે કરેલી કે માણસની સતત દેખરેખની જરૂર પડે નહિ. અને લગભગ આખું પાવર હાઉસ લગભગ એકજ માણસ ચલાવે છે. તે યુરોપીઅન છે, બીજા સર્વ મજૂરો છે. પાવર હાઉસને સીધી રીતે લગતા નહિ તેવા પ્રશ્નો અમે પૂછ્યા તેનો ઉત્તર કોઈ આપી શકે તેવું નહોતું. એ અનુભવ થયો ત્યારે જ કપુરથલાના ડેરી ફાર્મની ખૂબી બરાબર સમજાઇ.

પતિયાળા મોટું તો છે, પણ બહુ સમૃદ્ધ લાગ્યું નહિ. જોકે માત્ર બે દિવસના નિવાસ પછી આવો મત બાંધવો વાજબી નથી. પણ જ્યાં રાજ્ય ઉપર દેવું હોય, જ્યાં રાજાનો અંગત ખર્ચ આટલો બધો હોય, જ્યાં મોટાઈ માટેની હરીફાઇમાં મોખરે પહોંચવા સારૂ ઘણા પ્રયત્નો થતા હોય ત્યાં બીજી તે શી આશા રાખી શકાય? એ રીતે ગુજરાતનાં રાજ્યો વધારે ઉન્નત ગણી શકાય.

પતિયાળાના નરેશ નરેન્દ્રમંડલના અધિષ્ઠાતા—ચૅન્સેલર—છે. પહેલાં બિકાનેરના નરેશ એ સ્થાને હતા. નરેન્દ્રમંડળમાં જઇ આવેલા એક સુજ્ઞ યુવાને કહ્યું કે નરેન્દ્રમંડળમાં ધ્યાન ખેંચે તેવા રાજા તો અલ્વરના. બોલવા ઊભા થાય ત્યારે તેમની મેધાના ચમકારથી બધા અંજાઈ જાય. આમ છતાં જ્યાં વચનો પાછળ આવશ્યક ચારિત્ર્યબલ નથી ત્યાં તેની અસર થતી નથી તે પણ ખરૂં છે. હજી તો નરેન્દ્રમંડળ બાલ્યાવસ્થામાં છે, હજી તો રાજાઓ માત્ર પોતે બહાર આવે તે વખતે તોપોના ધડાકા વધારે કરાવવા પાછળ શ્રમ લઇ રહ્યા છે, અને તેટલા જ માટે તોપોની સંખ્યા વધારવા તરફ બેદરકાર રહેનાર રાજાની તેઓ ઉપેક્ષા કરે છે. પણ મહત્તાને તોપોની સંખ્યા વડે કેમ માપી શકાય? ઝવેરાતની કીમત વડે કેમ માપી શકાય? જ્યારે પ્રત્યેક રાજ્યના સ્વાર્થોનું ઘર્ષણ સરકારના સ્વાર્થો સામે થશે ત્યારે જે પ્રશ્નો ઊભા થશે તેનો ઉકેલ જેની પાસે હશે તે રાજા, પછી તેની ગમે તેટલી તોપો હશે, તેના શરીર પર ગમે તેટલાં ઓછાં ઝવેરાત હશે તોપણ, તે વેળા અગ્રણી બની શકશે.

પતિયાળે પાવર હાઉસ પાસેની એક જગ્યા અમને બતાવી ત્યાંના અધિકારીએ અમને કહ્યું કે ત્યાં નવું પતિયાળા બંધાવાનું છે. ત્યાં અમુક રીતનાં મકાનો

ચણાઇને તૈયાર થશે, એટલે કપાણ કરીને જેમનાં મકાનો લઇ લેવાયાં હશે તેમને ત્યાં રાખવામાં આવશે, અને એમ ક્રમેક્રમે આખું પતિયાળા નવી ઢબનું બંધાઇ જશે. ટાઉન પ્લૅનિંગ એ પ્રત્યેક શહેરનો આજનો પ્રશ્ન થઇ પડ્યો છે. મોટર જેવું ઝડપી ચાલતું વાહન જ્યાં જ્યાં વધારે પ્રચુર થાય ત્યાંત્યાં રસ્તાઓ વધારે સીધા અને કાટખૂણા ગોળાકાર થવા જ જોઇએ. તેમજ જ્યારે જ્યારે વસ્તી વધે ત્યારેત્યારે અનેક માણસોના વસવાટને લીધે ઉત્પન્ન થતી ગંદકી વગેરે સર્વના નિકાસનો રસ્તો કરવો જ જોઇએ. ગટરો બહુ વાંકાચૂંકી હોય તો પણ ગંદકી વધારે થાય, એટલે તેનો માર્ગ પણ વિચારવો જોઇએ. જ્યારે બાલકોનાં શ્રેય માટે મુંબાઇમાં પ્રદર્શન ભરાયું હતું ત્યારે પ્રિન્સેસ સ્ટ્રીટ નામનો લત્તો કેવો હતો અને કેવો બનાવ્યો તેના બે શિક્ષણીય મૉડેલ તેમાં મૂકવામાં આવ્યાં હતાં. તેમાં બીજું કશું કરેલું નહિ માત્ર વસવાટનો એક ગીચ ને વાંકોચૂંકો ચોરસ ટુકડો અલગ કરીને તેમાંનાં બધાં મકાનો પડાવી નાખ્યાં, પછી એ જ ટુકડાઓ વધારે સારી કીમતે વેચ્યા. અને અત્યારે પ્રિન્સેસ સ્ટ્રીટ સુંદર જગ્યા બની છે. પતિયાળાએ એક ડગલું આગળ જઇ મકાનો તૈયાર કર્યાં ને ત્યાં હવે નાશ કરેલાં મકાનોવાળાને લાવી રાખશે.

પાવરહાઉસ, મોટરગૅરેજ અને ટાઉન પ્લૅનિંગ એ ત્રણ જ સંસ્થાઓએ મને એટલો બધો વિચારમાં નાખી દીધો કે પતિયાળાના કૂતરાઓને હું વિસરી જ જતો હતો. મહાભારતમાં પાંડવોના પ્રયાણ વેળા એક શ્વાનરાજ હાજર હતો તે સિવાય પ્રાચીન સાહિત્યમાં એ ચતુષ્પાદ માટે બહુ ઉલ્લેખો નથી. પાશ્ચાત્ય પ્રજાઓનાં અને અત્રેના કેટલાક રાજાઓના એ પ્રાણી પ્રીતિપાત્ર છે, પણ પતિયાળાના કૂતરા, તેમની રહેવાની સગવડ ને તેમના શિક્ષણ માટેનો પ્રબંધ ત્રણે ઘણાં સારાં હતાં.

પાવર હાઉસ એવા પ્રકારનું હતું કે ત્યાં એકજ મોટા અનુભવવાળો માણસ હોય તો કામ ચાલી શકે અને બીજાં માણસોની જરૂર રહે નહિ. પણ એવા યંત્રનું પરિણામ એ આવે છે કે તે ચલાવવા માટે જે પ્રજાએ તે યંત્ર બનાવ્યું હોય ત્યાંના માણસો તે ચલાવવા રાખવાં પડે અને દેશનાં માણસોને રોજી મળે નહિ. બીજાં પાવર હાઉસોમાં ઘણા દેશીઓ નાનીમોટી જગ્યા પર હોય છે તેવું આવાં જટિલ પાવર હાઉસમાં બનવું સંભવિત નથી.

મેં ઘણાં મોટર ગૅરેજો નથી જોયાં, પણ સારામાં સારાં ગૅરેજમાં પતિયાળાનાં ગૅરેજની ગણત્રી હું જરૂર કરૂં. ત્યાં એક મોટરકાર તો લગભગ ત્રીસ ચાલીસ વરસ પહેલાંના મૉડેલની માત્ર નમૂના ખાતર રાખી છે જેથી મોટરવિદ્યામાં કેટલી પ્રગતિ થઇ તે જાણી શકાયછે.

આ પ્રમાણે વિચારો કરતાં અમે પંજાબની ભૂમિ છોડી. કુદરતે પંજાબની ભૂમિને પુષ્કળ આપ્યું છે. તે ઉપરાંત માણસોએ ભૂમિને સમૃદ્ધ કરવા અનેક વર્ષોથી અનેક પ્રયત્નો કર્યાં છે, તેથી સમગ્ર ભૂમિ સદા હરિતનીલ ને મનોહર લાગે છે. એવી કોઇક જ વનસ્પતિ હશે કે જે પંજાબમાં નહિ થતી હોય. ત્યાં વસ્તી પણ વિપુલ છે, બધાં શરીરે પણ કદાવર અને હૃષ્ટપુષ્ટ છે.

પણ શહેરો બધાં રમ્ય નથી. પતિયાળામાં ટાઉન પ્લૅનિંગની યોજના અમલમાં મુકાનાર હતી; ગુજરાતમાં કેટલીક જગ્યાએ તેવી યોજના થવા માંડી છે અને કેટલીક જગ્યાએ તેનો વિચાર સુદ્ધાં થતો નથી. પણ એ યોજનામાં મુશ્કેલી લોકોની છે. આપણે પરાપૂર્વથી એ જ માની લઇએ છીએ કે જમીનનો એક ટુકડો જાય તે કરતાં માથું જાય તે બહેતર. એ મનોદશા ખોટી છે અને તે આપણામાં જ વધારે દેખાય તેવી છે. સામુદાયિક નિયોગોમાં સમાનતા, વ્યષ્ટિની સમષ્ટિમાં ભળી જવાની તત્પરતા, એ આપણામાં નથી. ઊલટું, ઘણે સ્થળે અને ખાસ કરીને દેશી રાજ્યોમાં માણસોની વૃત્તિ બીજા કરતાં યેન કેન પ્રકારેણ જુદા તરી આવી પોતાનું વ્યક્તિવૈશિષ્ટ્ય સ્થાપિત કરવાની હોય છે. અને એવું હોય ત્યાં જૂની ઢબે રચાયેલાં શહેરો નવી ઢબનાં શી રીતે બનતાં હશે એ પ્રશ્ન મારી નજર સમક્ષ તરી રહીને મને મૂંઝવ્યા કરતો હતો. 'ख'

'નૂતન શિક્ષણ'

એક વર્ષ પહેલાં ભાવનગર દક્ષિણામૂર્તિ માધ્યમિક અધ્યાપન મંદિરની એક પ્રવૃત્તિ તરીકે શરૂ કરેલા માધ્યમિક શિક્ષણ તાલીમ વર્ગ વેળા સ્થપાએલા નૂતન શિક્ષણસંઘના મુખપત્ર તરીકે 'નૂતન શિક્ષણ' નામનું માસિક જૂન માસથી શરૂ કરવાનું નક્કી થયું છે. માસિકનું લવાજમ રૂ. ૨) રહેશે. સંઘના સભ્યોને તે વિના લવાજમે મળશે. માસિકની સામાન્ય રૂપરેખા તથા બીજી વિગતો જાણવા ઇચ્છનારે તેમજ ગ્રાહક થવા ઇચ્છનારે શ્રી હરભાઇને દક્ષિણામૂર્તિને સરનામે ભાવનગર લખવું.

ગયા અંકમાં આવી ગએલા 'આદિત્ય'ના લેખને અનુસંધાને આ લેખ પૂર્તિરૂપ લાગશે

આકાશદર્શન

અમાસની ઘોર અંધારી રાત્રે વિશાળ મેદાનમાં સૂઇ ઊંચે આકાશમાં નજર કરીએ તો આકાશદેવીએ જાણે બુટ્ટાદાર કિનખાબની સાડી પહેરી લાગે છે!

વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે એ બધા તારાઓનું જન્મસ્થાન આકાશમાં દેખાતી ગંગામાંથી છે. એ આકાશગંગા નિહારિકા નામનાં અનેક બળનાં વાદળોની બનેલી છે, જે અત્યંત વેગથી ગોળ ને ગોળ ફર્યા જ કરે છે. કુંભારના ચાક ઉપરના માટીના પીંડામાંથી જેમ છાંટા ઊડે છે તેમ એ નિહારિકામાંથી છાંટા ઊડે છે તે ગ્રહો થાય છે; અને ગ્રહો વળી ફરે છે અને તેમાંથી છાંટા ઊડે છે તે ગ્રહોના ચંદ્રો બને છે. એવો ચંદ્ર આપણી પૃથ્વીને તો એક જ છે, પણ ગુરુ વગેરેને તો બેચાર અગર તેથી પણ વધુ હોય છે. એ ચંદ્રો બહુ નાના હોય છે તેથી તેઓ જલદી ઠંડા પડે છે. આપણી પૃથ્વીનો ચંદ્ર ઠંડો પડી ગયો છે. તેનામાં ગરમી નથી, વરસાદ નથી, વસ્તી નથી. તે પૃથ્વીથી ચોવીસ હજાર માઇલ દૂર છે અને તે સૂર્યનો પ્રકાશ લઇ પૃથ્વી પર ફેંકે છે, તેથી તેનો પ્રકાશ શીતળ છે. તેનું તેજ એક ચોરસ ઇંચે બે કૅન્ડલપાવર જેટલું છે.

હમણાં વળી શોધ થઇ છે કે આપણી પૃથ્વીને ઍરોસ (Eros) નામનો એક બીજો ચંદ્ર છે. તે તો માત્ર ૨૫૦૦ માઇલ જ દૂર છે, અને તેનું કદ માત્ર ૫૦૦ ફૂટ પહોળાઇનું છે તથા તેની ગતિ દર સેંકડે સાડા ત્રણ માઇલની છે. તે પૃથ્વીની આસપાસ દિવસમાં આઠ વાર ફરે છે. બહુ મોટા દૂરબીનથી જ તે જોઈ શકાય છે.

પૃથ્વી પરથી નજીકમાં નજીક કોઇ તારો હોય તો તે સૂર્ય છે. સૂર્ય આપણાથી નવ કરોડ ને ત્રીસ લાખ માઇલ દૂર છે. પ્રકાશની ગતિ દર સેકંડે ૧ લાખ ૮૬ હજાર માઇલની છે તે પ્રમાણે ગણતાં સૂર્યના તેજને પૃથ્વી પર આવતાં લગભગ સવા આઠ મિનિટ લાગે. બીજા નંબરનો નજીક તારો સીરીઅસ છે; તેનું પૃથ્વીથી અંતર પ્રકાશની ગતિ પરથી માપવું ઠીક પડશે. તેના પ્રકાશને પૃથ્વી પર આવતાં સાડાઆઠ વરસ લાગે છે.

ત્રીજા નંબરનો તારો પેગાસી (Pegasi) છે. તેના પ્રકાશને પૃથ્વી પર આવતાં અગિયાર વરસ લાગે. ચોથા નંબરનો તારો બીટા છે અને તેના પ્રકાશને પૃથ્વી પર પહોંચતાં સવાસો વરસ લાગે. તેનો વ્યાસ બાવીસ કરોડ-માઇલનો હશે અને ગરમી ૨૮૫૦ ડિગ્રી હશે. હવે બીજા તારાઓના અંતરની તો વાત જ શી કરવી?

નરી આંખે એક જ જગ્યાએથી સમુદ્રની સપાટીવાળા મેદાન ઉપરથી કદાચ બે હજારથી વધારે તારા ન દેખાય, પણ દૂરબીનની મદદથી અને વળી ફોટોગ્રાફ લેવાની પદ્ધતિથી તો એકીવખતે દસ કરોડ કરતાં પણ વધુ તારા ગણી શકાય છે. **ચંદુલાલ વ્યાસ**

પૃથ્વીપરિચય

શું હતું અને શું ન હતું?

મુંબાઈ ૧૧ માઇલના વિસ્તારવાળો એક બેટ છે તેવો ન હતો, પણ તેમાં જુદાજુદા બેટો હતા. હાલ જ્યાં મોટો હિમાલય પર્વત છે ત્યાં પહેલાં સમુદ્ર હતો અને દક્ષિણમાં લક્ષદ્વીપ તથા માલદ્વીપ છે ત્યાં એક મોટો ખંડ હતો. હિમાલય જ્યારે ઉપસી આવ્યો ત્યારે તે પાણીમાં ડૂબી ગયો અને દક્ષિણનો ઉચ્ચપ્રદેશ હિમાલય સાથે જોડાઇ ગયો! સમુદ્રમાં રહેનાર માછલીઓનાં હાડકાં આજે પણ હિમાલય ઉપર જડે છે, તેથી તે સમુદ્રતળીએથી ઉપસી આવ્યો હોવો જોઇએ. હિમાલયની રચના જોતાં તે બીજા પર્વતો કરતાં નવો છે. અરવલ્લી જોકે નાનો છે છતાં તે બધા પર્વતોમાં ઘણો પ્રાચીન છે. કાશ્મીરની ખીણ એ પહેલાં સરોવર હતી અને એ સતીસર કહેવાતું; પણ જ્યારે જેલમ નદી નીકળી ત્યારે તે સરોવર મટી કાશ્મીર બન્યું.

બલુચિસ્તાન એક વખત ઘણો ફળદ્રુપ અને મોટાં મોટાં શહેરોવાળો પ્રદેશ હતો ને તેમાં નદીઓ વહેતી હતી; પણ હમણાં તે રણમય બની ગયું છે. આરાકાન ને લંકામાં પગે ચાલીને જવાતું. મનારની ખાડી અને આરાકાનના ડુંગરો પાછળથી જ થયા હોય એમ લાગે છે.

અને આ બીજો લેખ, આવતા અંકમાં આવનારા 'ગૉન્ડ્વાનાલૅન્ડ'ની પૂર્વતૈયારી માટે છે

દક્ષિણ હિંદમાં ખોદકામ કરતાં એવાંએવાં માણસોની ખોપરીઓ અને હાડકાં મળ્યાં છે કે તે આફ્રિકાના લોકોનાં હોય એમ લાગે છે. તેથી એવું મનાય છે કે દક્ષિણ હિંદ ને આફ્રિકા વચ્ચે એક મોટો ખંડ હોવો જોઇએ; તેમજ વળી દક્ષિણ હિંદ અને માડાગાસ્કર વચ્ચેનો સમુદ્ર બહુ છીછરો પણ છે.

મધ્ય એશીઆમાં પણ સમુદ્ર હશે, અને એના અવશેષ તરીકે જ આજે કાસ્પીઅન, એરલ અને બૈકલ ખારા પાણીનાં સરોવરો રહ્યાં હશે. એ સમુદ્ર સાઇબીરિયા અને ગોબીના પ્રદેશમાં હશે.

અમેરિકા અને એશીઆ વચ્ચે બહેરિંગની સંયોગીભૂમિ હતી તે મટી સામુદ્રધુની થઇ, કાળો સમુદ્ર અને કાસ્પીઅન સમુદ્ર એક હતા તે જુદા પડ્યા અને રશિયાના પ્રદેશમાં ભેજ તથા કાદવ હતાં તે ફીટી ત્યાં ફલદ્રુપ સુકો પ્રદેશ બન્યો. જિબ્રાલ્ટરની સંયોગીભૂમિ હતી તે સામુદ્રધુનિ થઇ. મિ. વેલ્સ લખે છે કે આજથી પચાસ હજાર વરસ પૂર્વે યુરોપમાં બહુ મોટા વિસ્તારમાં બરફ પડતો, ફ્રાન્સ, સ્પેન, જર્મની અને રશિયાનો ઘણો ભાગ બરફથી ઢંકાએલો રહેતો, ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે આજની ઇંગ્લિશ ચૅનલ નહોતી, રાતો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર એ માત્ર ખીણો હતી અને હાલ જ્યાં રાતો સમુદ્ર છે ત્યાં ફક્ત ઊંડાં સરોવરો એ ખીણોમાં હતાં.

આજે પણ વેલ્સમાં એક પર્વત ખસે છે તેથી તેની બાજુ પર આવેલું ગામ ધીમે ધીમે ખીણમાં જતું જાય છે!

ઍટલાન્ટિક મહાસાગરના ઉત્તર વિભાગમાં યુરોપ જેવો એક મોટો ખંડ હતો તે ડૂબી ગયો ત્યારે સહરાનું રણ ઉપસી આવ્યું! એ ખંડના પ્રદેશમાં હજુ પણ સમુદ્ર નીચેની મોટી વનસ્પતિની ઝાડી છે. ઍટલૅન્ટિકનો ઍઝોર્સ બેટ જૂના ઍટલૅન્ટિસ ખંડના પર્વતોમાંના એકનું શિખર હશે એમ મનાય છે, કારણકે તેની પાસે સમુદ્ર એકદમ ઊંડો થઇ જાય છે.

ગ્રીક વિદ્વાન પ્લેટોનો મત એવો છે કે એ ઍટલૅન્ટિસ ખંડના લોકો તે વખતે બહેરિંગની સંયોગીભૂમિને રસ્તે થઇ સાઇબીરિયામાં ગયા અને બીજી ટુકડી અમેરિકા ગઇ; ત્યાં તેઓ અનુક્રમે મૉંગોલ અને રાતા ઇન્ડિયનો થઇ ગયા.

ક્રીટ બેટ પાણીની સપાટી પરથી ઊંચે જતો જાય છે, જેને પરિણામે એની બાંધેલી બધી ગોદીઓ ઊંચે જવાથી નકામી પડી છે.

અમેરિકા અને આફ્રિકા ખંડ પ્રથમ જોડાએલા હશે; પછી તેમાં ફાટ પડી ને અમેરિકા ખસવા લાગ્યો. તેથી જ આફ્રિકાના ગીનીના અખાત અને પશ્ચિમના પ્રદેશનો આકાર, બ્રાઝીલના ઉપસેલા ભાગ સાથે ગોઠવવામાં આવે તો બેસી જાય એવો છે. એ પ્રમાણે અમેરિકા પૅસિફિક તરફ ખસ્યું છે તેથી પૅસિફિકમાં દબાણ થાય છે, જેને પરિણામે જાપાન અને કૅલીફૉર્નિયામાં જમીન ઉપસી આવે છે, નવા બેટો દેખાય છે અને જ્વાળામુખી પર્વતો ફાટી નીકળે છે.

પ્રાણીવિજ્ઞાનશાસ્ત્રી સ્કલેટર (Sclater) તો કહે છે કે જ્યાં પાસિફિક મહાસાગર છે ત્યાં લેમુરિઆ નામનો મોટો ખંડ હશે, કારણકે લેમુર જાતના વાનરો પાસિફિકના બંને કિનારા પર મળે છે, અને Ethiopians (ઇથીઓપીઅન) લોકોની જંગલી જાત એ લેમુરીઅન લોકોનો જ અવશેષ હશે. કેટલાક વિદ્વાનો કહે છે કે દક્ષિણ આફ્રિકા સાથે ઑસ્ટ્રેલીઆ અને દક્ષિણ ધ્રુવનો ખંડ જોડાએલો હોવો જોઇએ.


ચીનની પૂર્વે જાપાન અને બીજા બેટોની હાર આવેલી છે તે ઉપરથી ત્યાં એક ખંડ હોવો જોઇએ, તે ધરતીકંપથી તૂટી ગયો હશે અને તેના અવશેષ તરીકે હાલના બેટોની લાંબી હાર રહી ગઇ હશે.

થોડા વખત ઉપર આફ્રિકાની ઉત્તરે આવેલા અલજીરીઆ શહેરની પાસેના સમુદ્રમાં ડુબકી મારતાં એક ખલાસીએ પાણીને તળીએ એક સ્ત્રી જોઇ. તપાસ કરતાં જણાયું કે પાણીની નીચે ત્રીસ ફીટ ઊંડે એક સ્ત્રીનું પૂતળું હતું. વધુ તપાસ કરતાં જણાયું કે ગ્રીક ઇતિહાસમાં લખેલું લોટસ ઇટર્સનું શહેર કદાચ તે હોય.

સામાન્ય મત એવો છે કે પૃથ્વીમાં જેમજેમ ઊંડે જઇએ તેમતેમ વધુ ને વધુ ગરમી આવે છે અને અંદર બળતો લાવા જેવો પદાર્થ હશે.

પ્રો. હેફોર્ડ Theory of Isostasyમાં પોતાનો એવો મત જાહેર કરે છે કે પૃથ્વીની અંદર સાઠ માઇલ ઉપર પારા જેવો પથ્થર છે અને તેના ઉપર પૃથ્વીનું પડ આવેલું છે. પેલો પારા જેવો પદાર્થ હોવાથી પૃથ્વીનાં પડો ખસે છે, અને તે એમ માને છે કે અમેરિકા ખસતોખસતો આફ્રિકાથી છૂટો પડી દૂર ને દૂર જતો જાય છે.

ચંદુલાલ વ્યાસ



ધુડાકિયો બાણ

(અનુસંધાન પાછળના પૃ ૧૯૯થી)

'પચ્છમ ધરાનો કોટિયો; નામ 'ફતેહજંગ'; નાખવો રૂપો સાંગણિયો; ખરાજાત ભરતાં ધોકડા પાટના; લાધ્યા કોસીપોર; ઉતારી ધાંસી કામરૂબંધર.'

મનવારની વાંઢારે બાંધેલી નાજુક તીખી કટારીમાં બેસી એક અફસર કોટિયા ઉપર આવ્યો. એણે ફાલકા ધણુસો ખોલાવ્યા, ધોકડામાં તીણી કિરચ ખોસી જોઈ, બીજે બારીકીથી તલાશ પૂરી કરી, પછી મકના સાથે નીચે કોટડીમાં જઇ મશહૂર ફૂલગુલાબીની પ્યાલી પીધી, પાછા તુતક ઉપર આવી કલમીની ટોંકે મગરૂરીથી ફરફરતા સૂરજચંદરવાળા રાતા ઝંડાને અદબથી સલામ કરી અને છેવટે કાવરાંગે બાંધેલા રસ્સા ઉપરથી એ કટારીમાં સરકી પડ્યો. કોટિયો ચર ચુકાવતો આગળ ચાલ્યો.

લગભગ બેએક ઘડી પછી દૂરના ટેકરા પર એક જળહળતું ફનોસ ઇશારા ચમકાવવા લાગ્યું, અને પા-એક ઘડીમાં તો નાનામોટા બધા સઢ ચઢાવી 'લા કોંસોલાંત' કોટિયાના શિરોટા સૂંઘતી પાછળ પડી.

ઓસરતી રાતમાં ઊસનું જોર વધવા લાગ્યું હતું. પીજરિયાની સીમ સંકેલાઇ જવા માંડી હતી. દોઢેક ઘડી પહેલાં ચન્દ્ર ઊગ્યો હતો, પણ આછાં વાદળના બુરખા પછવાડેથી ઉછિકાં તેજે ઊસ ઉજાળવાની એની કોશિષ નહિ જેવી જ હાંસલ થતી હતી.

વિશાળ દરિયા વચ્ચે એકલ મોતી જેવો કોટિયો આશાપુરા, સામી ઝોકે કાવરાંગ નવરાવતો, અધ અધ કોસના શિરોટા ચાંદનીમાં ઝગમગાવતો જતો'તો. મોટા મોસમી લોઢને લોખંડી પરમીલથી ફીણફીણ કરતો, ઘડીમાં આડ તો ઘડીમાં સામી મારતો, માતેલા સાંઢ પેઠે ઠોકર ને હૂલ દેતો એ ધસ્યો જતો'તો જોરાતા ગાજુરિયાથી તંગ આફરેલા સઢ, કલમી ને ગુસી જાણે ફાટફાટ થતા હતા. હમાલા ઉપર મગરી ફાંસ નાખવા છતાં પડવલા જાણે તૂટુંતૂટું થઇ રહ્યા'તા. સાંભાઈ ને હંજાની લોખંડી તાણથી જબુત્રો અને ઉભિધાન જાણે તાગડ સથો ઉખેડી લેશે એમ લાગતું હતું. વીણાના તાર જેવી તંગ આલાદમાંથી વાવડો ભયંકર સૂર કાઢતો દોહ્યલા સાગર ઉપર જવાંમર્દીના વિજયની વીર ગાથા ગાઇ રહ્યો હતો.

'ગાભિયા વધાય હોબ્બેએએએસ! કાતરિયા વધાય હોબ્બેએએએસ!' એવો, છતેડીથી ધોયડા સુધી વાવડાને ડારી દેતો મકના નાંખવાનો અવાજ ગાજી ઊઠ્યો.

પાણીમાં કાવરાંગ ડબકિયાં દેતી હોય, સામી ઓથે અધઅધ ભરતી સાંપણ પાણી બહાર કોરી જતી હોય, સાથે ગાજુરિયો કત સોંસરો પોકારતો હોય અને રતીભાર પણ વીણો બકરાને કબજે થાય તો વહાણ રસાતાળ પહોંચવાનો હર પળે ધ્રા હોય, ત્યાં ભલભલા નાંખવાઓ પણ કત ઘટાવવામાં જરાયે હીણપત માનતા નથી. આશાપુરાના ખારવાઓને મકનાના કાંડામાં ભરોસો હતો; અને વીણા ઉપર એની વજ્રચૂડ ભરાવી હોય ત્યારે ગમે તેવા દરિયામાં પણ ખારવાઓ નિરાંતે સૂઇ જતા. પણ સઢ ઘટાડવાના હુકમની દર પળે રાહ જોતા ખારવાઓ કત વધારવાના હુકમથી ઘડીભર ચમકી ગયા!

છતાં એ હુકમ પૂરો થયો તે પહેલાં તો બધા ઠેક મારતા ઝડપથી રસ્સાઓ ઉપર ચડવા માંડ્યા. ખારવાઓને થોડો ઓધાર દેવા નાંખવાએ રાક્ષસી પંજાને ઠેલે વીણો સહેજ ગોત્રી દબાવ્યો. કોટિયાએ એટલા ઇશારાભર સાત્રી કાવરાંગ નહિ જેવી ઉપાડી અને તિરછા ડોલ જરાક ઊભા થયા. એ તકનો લાભ લઇ એક ભૂખ્યો લોઢ પરમીલ પછાડ ધોયડો કૂદાવી સથો તરાવતો ધુરિયા વાટે ધોધ વહેવડાવવા માંડ્યો. પળભર અરધે રસ્તે થંભેલા ખારવાઓ ફરી ઊંચે ચડવા માંડ્યા. એક બહાદર જવાન ટુબિમાર તીરનો ઘોડો બનાવી સાવધતાથી ધોર પર પહોંચ્યો અને કાતરાના કારસા સાટુ જાણે છરીએ કાપ્યા હોય એટલી ઝડપે કાંતરો વધાવ્યો.

વધેલા કતના ભારે કોટિયાએ ધફડાબૂડ ઝોંક લીધા અને એક પછી એક ધસ્યા આવતા લોઢમાં બદનફાડ પરમીલ કુદાવતો તે બમણા વેગથી ધસવા માંડ્યો.

કાનજી માલમે નાખવા તરફ કૌતુકથી જોયું; નાખવાએ જવાબમાં નાસી બગતરા તરફ આંખ મટકાવી. ચીંધેલી દિશમાં જોવા માલમ છતેડીએ ચડવા માંડ્યો ત્યાં તો આભમાં ડોલતા પીજરિયાએ પોકાર કર્યો: 'ફિરાંસિયો ઓ...ઓ... ખબર દાઆઆઆર... ...'

'કાનજી!' વાવડાના ભેરી નાદને સોંસરવા વીંધતા સાદે નાખવાએ કહ્યું: 'જુસાં કે ન કે, પણ ઉ ગઇયાર ઓલી માંજીએ ધગો કાધો ને આ ફિરાંસિયા કુત્તાને ગંધ પુગાડી છે. વાવડો મધદગાર છે ને ધરિયાલાલની મેરથી

ઇ ગઇયારે પિંઢથી ભારૂથના ત ઘ્રો કરાવી ડીધા છે.

ઉ ફતેહમાર જુસાં નીંઠી છે એડી જ તીખી છે, ને ભાણ ઉગે સામનો કરસે ઈ નિક્કિ. પછી ત મર્દોના ઘા છે. ઇ કોંસોલાંત પણ જોઇ લેસે કે ફુલાંમાંની પીંજાપીંજા તોપુંના ભડકામાંથી અલંપારની બારાંભર ખરાજાત લૂંટનાર મકના નાયકનો હથ પણ કેડો છે.'

'ઘોકડા જુરી ભારૂદ કઢો; જામગરિયું ચેતાવી ઘો; બેય પડખાં મોરચા જમાવી દ્યો. સાત્રી રાંગે જમની, કારકા, રતમુખી, ભેરવી ને અંબા રાથો સાચવે; હિન પડખે અમીના, તમાચી, ભદરેસરી, સાતેસરી ને ગુલનાર ભવાન સાચવે.મોરે ત ગોફણી ને વાંઢાર કારમુખી ભસછે.'

મકનો ઉતાવળે હુકમો કરવા લાગ્યો, અને ખારવાઓ હરખથી ગાંડા જેવા પડચો બોલ ઉચકના ભડકથી ટોક ને ઘોચડાથી છતેડી સુધી ઉપરનીચે અને આગળપાછળ વીજળીની ઝડપથી દોડધામ કરવા માંડચા. જખુત્રા નીચેના ખ્રાબામાં ચોખંડિયા ગાળિયાના દાંકડા અધુકડે આગળિયે ગોઠવાઇ ગયા; એ ગાળિયા સૂંઘતી તોપોની નાળ પરથી મોયડીઓ છોડાઇ ગઇ; પાસે ઘોકા, દાંડા, ચૂંથા, પાણીની કુંડીઓ, બારૂદનાં પીપાં, છરા, ગોલા અને ગરપછાંટની કથરોટો ગોઠવાઇ ગઇ. ઘમસાણ મચ્ચે ચોપાસ ઊડતાં છોડિયાં ફાડિયાંથી લડનારને નાહક ઇજા ન થાય એ માટે માછીમારની જાળ જેવી મોટી મોટી જાળો ઠેરઠેર બંધાઇ ગઇ;ઉપલે સથે તેમજ ગોલંદાજી તુતક ઉપર રેતી પથરાઇ ગઈ—કારણ આદમજાતનું લોહી કોરાં તુતકને લપસણાં બનાવી દે છે!

કલમી ઉપર 'આશાપુરા'નો ભગવો ઝંડો ચડચો, ખુવા ઉપર સૂરજ ચંદરની લાલ પતાકા ફરકવા માંડી, માતાજીને તુષમાન કરવા કલમી નીચે બલિદાન વધેરાયું અને દરિયાલાલને પડખે રાખવા મકનાએ ટચલી આંગળીએ કાપ મૂકી લોહીની ધારથી ખારા પાણીમાં બેચાર બૂંદ રતાશ આણી. મકનાએ ઓચ્છવના વાઘા પહેર્યા ને કાનજી માલમે, મકનાથી માંડી છોરા સુધીના બધાયને, કલગી ઉપર છંટાએલા ઊનાંઊનાં કુંકુમ વડે તિલક કર્યાં.

ભાંગ ફૂટવા આવી હતી. ઉગમણ દિશામાં રૂપેરી શીરોટા પડવા માંડચા હતા. ફિરાંસિયો ઢૂકડો ને ઢૂકડો ઢુર્યો આવતો હતો. એના તુતક ઉપરની તૈયારીઓ એ ઝાંખા ઉજાસમાં પણ કોટિયાના તુતક ઉપરથી હવે સ્પષ્ટ દેખાવા માંડી હતી. કિરમજી અને સફેદ રંગના લેબાસવાળા ફિરાંસિયા બરકંદાજો તુતક ઉપર ઠેરઠેર ઉભરાતા દેખાતા હતા. ખુવા, કલમી ને ગુસીની આલાદની લપસણી પગથાર ઉપર કેટલાકો તમંચા લઇ ઊભા હતા. ફના ઉપર અને ચરખી ઉપર ચોમેર ફરતી તોપ પાસે બે ગોલંદાજો સાવધાન ખડા હતા.


સૂરજ ભગવાને સવારની ગુલાબી ઠંડીમાં કોર વાળતાં અધ ખુલેલી આંખે સીમ ઉપર જ્યારે નજર કરી ત્યારે ફ્રાન્સનો તિરંગી ફૌજી ઝંડો ઉડાડતી લા કોંસોલાંત આશાપુરાના ખુવા સોંત આવી રહી હતી. કોટિયાને તાબે થવાનો કરડાકીભર્યો હુકમ એના ડોલ ઉપર ફરકતો હતો, સુકાની તુતક ઉપર ફૌજી નાંખવાના પૂરા લેબાશમાં જંગમશહૂર બહાદુર ખારવો કાપિતેંન સુફ્ફ્રૅન અધીરાઈથી આમતેમ ફરતો હતો અને વારંવાર નાળિયા દૂરબીનમાંથી કોટિયા તરફ જોતો હતો. કોટિયાના ડોલ ઉપર સૂરજ ચંદરની રાતી ધજા તથા આશાપુરાની ભગવી પતાકા મગરૂરીથી ફરકતી એને જાણે સાબદો કરતી દેખાતી હતી.

એક સૌદાગરી કોટિયામાં આટલો તુંદમિજાઝ જોઈ કાપિતેંન સુફ્ફરેનને અચંબો લાગ્યો, અને જાણે એ ભાન ભૂલેલાં મગતરાંને બીવડાવવાના હેતુથી જ હોય તેમ ફના ઉપરના ગોલંદાજ તરફ એણે એક ટૂંકો હુકમ ફેંક્યો!

સવારની શાંતિને ભડકાવતો એક ભયંકર અવાજ થયો અને આશાપુરાથી દશેક વામ દૂર પાણીઉછાળ ઘોધ ઉડાડતો ગલોલો સપાટી નીચે ઊંડો ઊતરી ગયો.

એ અવાજના પડઘા રૂપે હોય તેમ આશાપુરાના તુતક ઉપરથી 'જીયેરા!' 'જીયેરા!'નો પ્રચંડ ઘોષ ઊઠચો. જખુત્રા નીચે ગાળિયાઓ વીજળીની ઝડપે ઊઘડી ગયા ને પળ પછી એકસામટા પાંચ ભડાકાથી આશાપુરાએ કોંસોલાંતના તુમાખી ઇજનનો વાજબી જવાબ ફેરવ્યો.

(ચાલુ) **'સુકાની'**



માર્કોપોલો (અનુસંધાન પાછળ પાન ૧૭૬થી)

આવ્યો હતો. એટલે ખાને ૧૨ વહાણો તૈયાર કરાવ્યાં અને તેમાં બે વર્ષ ચાલે એટલો ખોરાક ભર્યો. ઉપરાંત વહાણ ઉપર દરેક જાતની સગવડ પણ તેણે ખૂબ ઉદારપણે કરી; પરંતુ નિકોલો, મેફીઓ અને માર્કોને ખૂબ કચવાતે મને રજા આપી. ત્રણેને ઓળખાણના ખાસ ખરીતા આપ્યા. ઉપરાંત ફ્રાંસ, સ્પેન અને વિલાયતના રાજાઓ ઉપર કાગળો લખી આપ્યા.

આ વળતી સફરનું ઝાઝું વર્ણન માર્કોએ નથી આપ્યું. તેનાં વહાણો ફેંચાંના ચાર સઢવાળાં, બેવડાં પાટિયાંનાં અને એક તુતકવાળાં હતાં. પાટિયાં ખીલાથી મજબૂત જડેલાં હતાં અને વહાણને લાકડાનાં ભારે લંગરો હતાં. ભૂમધ્ય સમુદ્ર ઉપર આ જાતનાં વહાણો ભાગ્યે જ નજરે પડતાં. વહાણોની અંદર પાણી ન ભરાઇ જાય એવાં તે સલામત હતાં. દરેક વહાણમાં ૨૦૦થી ૩૦૦ ખલાસીઓ રહેતા. એકએક હલેસે ચાર માણસો રહેતાં. સફર ખૂબ લાંબી થઇ. કાફલામાં ખલાસીઓ ઉપરાંત બીજા ૬૦૦ માણસો હતા. તેમાંથી બે વર્ષે ફક્ત ૧૩ જણા બાકી રહ્યા. કિનારે ઊતર્યા પછી આ વેનીસવાસી સાથીઓથી છુટા પડતાં ઇરાનની ભાવિ પટરાણીને ખૂબ દુઃખ થયું અને રજા આપતાં તે ગળગળી થઇ ગઇ.

આ સફરના અનુભવો વર્ણવવાને બદલે માર્કો રસ્તે જોએલી વસ્તુઓનું વર્ણન કરે છે. કોચીનચીનના હાથીઓ તથા કેરબાનાં લાકડાં વિષે પુષ્કળ દ્રવ્ય વાળા જાવા સુમાત્રાના બેટો વિષે અને લંકાની મોતી ઉત્પન્ન કરતી માછલીઓ વિષે તેણે ખૂબ વિસ્તારથી લખ્યું છે. ભગવાન બુદ્ધ વિષે પણ મુસાફરી દરમ્યાન તેને ઘણું જાણવાનું મળ્યું હતું.

યુરોપવાસી મુસાફર તરીકે તેણે પહેલી જ વાર માડાગાસ્કર, ઝાંઝીબાર, આન્દામાન અને દક્ષિણના બીજા પ્રદેશોની માહિતી મેળવી, સાઇબીરિયા અને આર્કટિક સમુદ્રની માહિતી મેળવનાર પણ માર્કો જ પહેલો હતો. હિંદ વિષે પણ આ વળતી સફરમાં તેણે સારૂં જ્ઞાન સંપાદન કર્યું. હિંદ પછી ઇરાનનું વર્ણન આપતાં છેવટ ૧૨૯૫ની સાલમાં તે વેનીસ પહોંચ્યાનું લખે છે.

ઘેર આવ્યા પછી સારા આબરૂદાર વેપારી તરીકે તેઓ રહેવા લાગ્યા. ત્રણેક વર્ષ સુધી તો પ્રવાસનો એક પણ અક્ષર તેણે લખ્યો ન હતો. પરંતુ ઇ.સ. ૧૨૯૮માં વેનીસના રાજાએ દાલ્માશીઆ તરફ જીનોવાના લોકો ઉપર ચડાઇ કરવા એક કાફલો મોકલ્યો તેમાં માર્કોને એક સેનાપતિ તરીકે જવાનું થયું. લડાઇ થતાં વેનીસનાં વહાણો ભાંગીતૂટી ગયાં, વાવટાઓ પાણીમાં ડૂબી ગયા. કાફલાનો મુખ્ય ઉપરી બાંકડા સાથે માથું અફાળીને મરી ગયો અને ૭૦૦૦ વેનીસવાસીઓ જીનોવાના કેદી બન્યા. માર્કો પણ એમાં ઝડપાઇ ગયો.

જેલમાં રસ્ટીશિયાનો નામનો એક સાહિત્યશોખીન સાથી માર્કોને મળી ગયો. તે લખતો ગયો અને માર્કો લખાવતો ગયો. માર્કો પાસે મુસાફરીની સહેજ પણ લેખિત નોંધ ન હતી છતાં યાદ કરી કરીને તેણે બધું લખાવ્યું. માર્કોનું એ વર્ણન વાંચનારને તો ઘણું જ અતિશયોક્તિ ભર્યું લાગતું અને ફ્લૉરેન્સના એક લહિયાએ તો નકલ કરીને નીચે લખ્યું છે કે 'આ બધું મારી નજરે જરા પણ ઉપયોગી નથી લાગતું. તેમાં જુઠ્ઠી અને જાદુની વાતો જ ભરી છે અને લખનાર એ વાતો સાચી માનતો હોય તોપણ હું તે માનવા તૈયાર નથી!' મૂળ વર્ણન ફ્રેન્ચ ભાષામાં લખાયું હતું. ૧૫૦ વર્ષ પછી તેની ૮૦ નકલો અને ભાષાંતરો થયાં અને છેક ૧૪૪૭માં પહેલી વાર તે પુસ્તક રૂપે છપાયું.


કોલંબસની જન્મભૂમિમાં લખાએલું આ વર્ણન કોલંબસના વાંચવામાં નહિ આવ્યું હોય, કારણ કે ૨૦૦ વર્ષ પછી પણ કોલંબસે ચીન કે જાપાન તરફ જવાનો પ્રયાસ કર્યાનું જાણવામાં નથી.

એ વખતના નકશો બનાવનારા પૃથ્વીને એક વર્તુળ રૂપે ચીતરતા. તેના કેન્દ્રમાં જેરૂસલમ મૂકી આસપાસ T જેવા આકારે જમીન દર્શાવતા. એક બાજુ એશિયા અને બીજી બાજુ યુરોપ તથા આફ્રિકા બતાવતા. કાસ્પિયન સમુદ્રને મહાસાગરનો અખાત માનતા અને હિંદી મહાસાગરને મોટું સરોવર ગણતા.

માર્કોએ તેનાં વર્ણનોમા હિંદી મહાસાગરને તથા કાસ્પિયન સમુદ્રને તેમજ પૃથ્વી ઉપરની જમીનની સ્થિતિને બરાબર વિગતો આપીને સમજાવેલી હોવા છતાં તે જ્યારે મરવા પડ્યો ત્યારે તેના આત્માની શાંતિને ખાતર તેના મિત્રોએ બધું વર્ણન ફરીવાર તપાસી જોવા આગ્રહ કર્યો. પરંતુ માર્કોનો એક જ જવાબ હતો કે 'મેં જે જોયું છે તેથી અરધું પણ આમાં નથીવર્ણવ્યું.'

વેણીલાલ બુચ

ગેરમઝહબી મેમાન



જબ્રિલ ફિરસ્તો આવ્યો અને બોલ્યો

એક વાર ખુદાદોસ્ત (ખલીલ) ઇબ્રાહિમ (અલેહસલામ)ના અતિથિ-મન્દિરમાં સાત દિવસ લગી કોઈ વટેમાર્ગુ આવી ચડ્યો નહિ. મેમાનની પંગત બાંધ્યા વિના પેગંબરના જીવને સુખ ન થાય, એટલે કોઇ રાંક ભૂખ્યો માણસ આવે નહિ તો તે એકટાણું કરતા. આખો સપ્તાહ આમ ચાલ્યું, એટલે આઠમે દિવસે સવારે તે બહાર નીસર્યા, ને ચારે દિશાએ આંખ ફેરવી, તો બુઢ્ઢાપાનો બરફ પડવાથી જેના મોવાળા ધોળા થઇ ગયા હતા એવો, એક નેતરના જેવો સૂકલકડી પુરુષ ઊંટ ઉપર સવાર થઇને આવતો એના જોવામાં આવ્યો. આ બાપડો બે દિવસનો તરસ્યો હતો; એની પાંપણ ને દાઢીમાં રજ ભરી હતી; એની જીભ સૂકાઇ ગઇ હતી, ને હોઠ કાળા પડી ગયા હતા. 'પાણી આપો' એમ કહેવાના પ્રયત્નથી એના હોઠ હલતા હતા, પણ એનાથી બોલાતું નહોતું. એનો સાંઢિયો પણ આવ્યા ભેળો લાંબો થઇને ભોંય ઉપર સૂઇ ગયો, અને તરસની વેદનાનો માર્યો આરડવા મંડ્યો.

'આવો, મારા નૂરે ચશ્મ; કૃપા કરીને ચાલો મારે ઘેર રોટલો ખાવા.' એમ કહીને પેગંબરે પાણી આપ્યું, એટલે વૃદ્ધે પહેલું સાંઢિયાને પાયું; પછી પૂર્વ દિશાએ ઊગેલા સવિતાનારાયણને બે છાંટા ધરીને જેવો પોતે પીવા જાય છે એવું જ ઇબ્રાહિમે તે જોયું, ને કહ્યું, 'યા ખુદા! આ કાફર ખુદાની ન્યામત જે પાણી, તે ખુદાના સર્જેલા સૂરજને ધરે છે! ધિક્ છે એને. એવાને પાણી યે કોણ આપે?'

જમવા બેઠા, ને આખા ભોક્તૃસમાજે 'બિસ્મિલ્લાહ'-નો મંગળ ઉચ્ચાર કર્યો, પણ ડોસો કાંઇ બોલ્યો નહિ. ઇબ્રાહિમે કહ્યું, 'આ વૃદ્ધાવસ્થા કેવી, કે તમે ખાણાનો આરંભ કરતાં પહેલાં અન્નદાતા ખુદાવંદનું નામ પણ લેતા નથી?'

વૃદ્ધે કહ્યું, 'મારી એ રીત નથી. મારા અગ્નિ-પૂજક વડીલે મને એમ નથી શીખવ્યું.'

એને નાપાક પરધર્મી જાણીને જેવા પેગંબર એને અપમાનીને કાઢવા જાય છે, એવો જ અલ્લાહતાલાની હજૂરથી જબ્રિલ ફિરસ્તો ઇબ્રાહિમને હેબત પમાડતો આવ્યો, ને કહ્યું:

'મનશ દાદહ સદ સાલ રોઝી વ જાન,
તરા નફ્રતામદ અઝૂ યક ઝમાન ?

મેં આ બુઢ્ઢાને સો વર્ષ લગી અન્ન ને પાણી આપ્યાં, ને તને એક જ ક્ષણમાં એના પર નફરત આવી ગઇ?

ગરૂ મી બુરદ પેશ આતશ સજૂદ,
તુ વાપસ ચરા મી બરી દસ્તજૂદ.

એ ભલે અગ્નિ આગળ નમતો હોય, પણ એટલા સારૂ અતિથિસેવાનો ધર્મ તારાથી કેમ ચૂકાય ? હું ધીરજ રાખીને બેઠો છું, તો તને ધીરજ રાખતાં શું થાય છે ?'

આકાશવાણી બંધ થઇ એટલે ઇબ્રાહિમે એ વૃદ્ધ અગ્નિપૂજકને હાથે ચુંબન કર્યું અને કહ્યું: 'જેમ ખુદા તને ક્ષમા કરે છે, એમ અમને પણ કરે'.

'યા ખુદા જેવા અમે છીએ એવો તું હોત તો કોના અપરાધ માફ થાત ?' **દેસાઇ વાલજી ગોવિન્દજી**

બહાદુર બાબુરાવ

બાબુ કહે, હું સૌથી બળિયો, કોની સાથે બાઝું?
ઉંદરડો બહુ જોર કરે છે, લાવને, માથું ભાંગું!
પણ ઉંદર બિલ્લીથી બીએ, બિલ્લી મોટી બળમાં,
એ બિલ્લી બીએ કુતરાથી, એને મારૂં પળમાં.

કુતરો બીએ વાઘ થકી, ને વાઘ બીએ હાથીથી,
હાથી બીએ મચ્છરથી, હાં, એ છે બળિયો સૌથી;
જંગ થાબડી, જુદ્ધ પુકાર્યું, મચ્છર બીન્યો ભારે,
ચપટીમાં લઇ ચોળી નાખ્યો બહાદુર બાબુરાવે.

રમણલાલ સોની



આ લીટોડાની અંદર એક રમૂજી ચિત્ર છે. જે ગાળામાં કાળાં ટપકાં દેખાય છે તે બધાં પેન્સિલ કે શાહીથી પૂરાં ભરી કાઢશો એટલે તે નજરે પડશે.



માધુકરી

વાંછા (પૃથ્વી)

નથી મમ વિરાટ બાથમહિં વિશ્વને ભીડવું,
નથી યુગયુગો સુધી અમર નામ વા ફ્હાવવું;
નથી જળહળાટ જ્યોતિરૂપ થૈ બધા આંજવા;
મથી રહું મનુજ   મનુજતા પૂરી પામવા.

—મનજરામ નરોત્તમ રાવળ

શ્રી જયકૃષ્ણ ભણસાળી

***અમે તો એ શક્તિશાળી અને ઉજ્જ્વલ ભાવિ ધારતા ભાઇને જોયા છે એટલે આ નીચે વર્ણવેલું એમનું આત્મ-દર્શન કાજેનું કઠોર દેહદંડન અને ઉગ્ર તપશ્ચર્યા જાણી અમારૂં અંતર આશ્ચર્યથી મુગ્ધ એટલું આદરથી નત થયું. વાચકોને પણ એમ લાગશે.

એક વખતે સાબરમતી આશ્રમમાં એ અમારા સાથી હતા ને હવે ત્યાગી થઇ ગયા છે. તેઓ વર્ધામાં આવી ચડયા. ભણસાળી મુંબઇ યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થએલા. બહુ જોશીલા હતા ને આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હતી. પણ એમ. એ. નો અભ્યાસ કરતા હતા ત્યાંથી શિષ્યવૃત્તિ છોડી દઇને અસહકારનો જુવાળ ચાલતો હતો તે વખતે ગાંધીજીની પાસે આવ્યા, ને ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક થયા. કાળે કરીને એમને જેલ મળી. જેલમાં એ શ્રીમંતાઇની ટેવો છોડતાં શીખ્યા, ને આત્મદર્શનની ઝંખના લઇને બહાર નીકળ્યા. સ્વ શ્યામજી કૃષ્ણવર્મા એમના મામા થતા હતા, ને એમની ઇચ્છા હતી કે ભણસાળી એમની જગ્યા લે. એટલે એમણે ભણસાળીને યુરોપ બોલાવ્યા. એ ત્યાં ગયા તો ખરા, પણ તરત જ પાછા ફર્યા. યુરોપમાં જે જોયું એથી એમને ત્રાસ છૂટ્યો. પાછા આવીને તેમણે આત્મદર્શન માટે સાધના આદરી. થોડાં વરસ અમારી સાથે આશ્રમમાં રહ્યા. ત્યાં અવારનવાર લાંબા ઉપવાસો કરતા. છેલ્લો ને લાંબામાં લાંબો ઉપવાસ ૫૫ દિવસનો કર્યો, ને તે પછી અમારી બધી રહેણી પણ એમને અકારી લાગી હોય એમ એક દિવસ ઊઠીને ચાલતા થયા. તે પછી એમણે એટલું દેહદંડન કર્યું કે હોઠ તાંબાના જાડા વાળાથી સીવી લીધા, લોખંડનો કમરપટો ને ગુણપાટની લંગોટી સિવાયનાં વસ્ત્રો તજી દીધાં ને ઘેરેઘેર ભિક્ષા માગવા માંડી. ગયે વરસે ગાંધીજી હરિજનયાત્રામાં ફરતા હતા ત્યારે ભણસાળી એમને ભાવનગરમાં મળેલા. એમને વર્ષોનું મૌન હતું ને કોઇની જોડે શબ્દ પણ ઉચ્ચારતા નહિ. પણ એમને લાગ્યું કે ગાંધીજી જોડેનો આધ્યાત્મિક સંબંધ પહેલાં કરતાં હવે ઘણો નિકટનો થયો છે. ત્રણચાર મહિના પહેલાં એમણે ગાંધીજીને પત્તું લખીને જણાવેલું કે 'મારો આપને ચાલીને વર્ધામાં મળવા આવવાનો વિચાર છે; આપની સાથે વાત કરવા પૂરતું જ હું મૌન તોડીશ. ચાલતોચાલતો થોડેક મહિને આપની પાસે આવી પહોંચીશ.' મારા જેવાને તો ભય હતો કે ગાંધીજીના કાર્યક્રમો અનિશ્ચિત રહ્યા, એટલે આ મુલાકાત કદી થવાની જ નથી. પણ ત્યાગી ભણસાળીને એવી શંકા નહોતી, એટલે એ તો આવી પહોંચ્યા. ઉઘાડે શરીરે ને ઉઘાડે પગે તેમણે મહિનાઓ સુધી પગપાળા પ્રવાસ કર્યો હતો. એમની પાસે જગતમાં પોતાની કહેવા જેવી એકે ચીજ રહી નથી. એ આવીને અમારી પાસે બેઠા. એ સ્વજન છતાં અમારાથી કેટલા જુદા દેખાતા હતા! એમને કંઈ પ્રશ્નો પૂછવાના નહોતા, કશી જિજ્ઞાસા તૃપ્ત કરવાની નહોતી. પ્રશ્નો ને જિજ્ઞાસા તો અમને જ હતાં. કોઇ આપે તો પાણીમાં પલાળેલો લોટ ને લીમડાનાં પાંદડાં ખાઇને શરીરનો નિર્વાહ કરવાની ટેવ એમણે વરસોથી પાડી છે. આવીને એક ખૂણામાં બેઠા. કોઇને એમણે ખલેલ ન કરી; કોઇ એમની શાંતિમાં ખલેલ પાડી શકે એમ નહોતું. એમણે જિજ્ઞાસાને જીતી હોય, પણ અમે નથી જીતી, ગાંધીજીએ નથી જીતી; એટલે ગાંધીજીએ બે દિવસ સાંજે પ્રાર્થના પછી એમને બોલાવ્યા, ને પોતે લખીને પ્રશ્નો પૂછ્યા ને તેના જવાબ માગ્યા. ભણસાળીએ ત્રણ વરસે મોઢું ઉઘાડ્યું.

'તમને આ ખોરાક માફક આવે છે?'

'હા જી, બરાબર.'

'કદાચ લીમડાનાં પાનથી ઘણી મદદ થતી હશે.'

'હાસ્તો. શિયાળામાં મારે પાન છોડી દેવાં પડે છે; કેમકે આ શરીરમાં સંધિવાની અસર છે.'

'પાંદડાં બહુ કડવાં નથી લાગતાં?'

ભણસાળી હસ્યા: 'લીમડામાં પણ અનેક જાતો હોય છે. કેટલાંક પાંદડાં કડવાં હોય છે, કેટલાંક નથી હોતાં. જીભ આ ખોરાકથી ટેવાઇ જાય છે; એટલે સુધી કે જીભને એ ભાવવા માંડે છે. ત્યાં પણ સ્વાદેંદ્રિયના નિગ્રહનો સવાલ આવીને ઊભો રહે છે!'

'તમે સૂઇ ક્યાં રહો છો? તમારી પાસે ઓઢવાપાથરવાનું તો કશું નથી.'

'જ્યાં હોઉં છું ત્યાં સૂઇ જાઉં છું; જે મળે તે ઓઢુંપાથરૂં છું.'

'ગાદલું, ચાદર ને ઓઢવાનું આપીએ તો તમને વાંધો તો નહિ આવેને?'

'ના જી. પણ હું ઘણીવાર ઝાડ નીચે, ઘણીવાર ખુલ્લી ધરતી પર ને આકાશ નીચે, ને ઘણીવાર સ્મશાનમાં સૂઇ રહ્યો છું.'

'સાપનો કે વ્યાઘ્રાદિનો ઉપદ્રવ કદી થાય છે ખરો?'

'ભાગ્યે જ. એકવાર વીંછી કરડેલો, પણ એ મંકોડી કરડી હોય એથી વધારે ન લાગ્યું. સાપ મને ઘણી વાર મળ્યા છે. એકવાર ચિત્તો પણ મળેલો. પણ એમને મારી સામે શત્રુતા નહોતી; ને મને ભય પણ લાગ્યો નહોતો.'

'સ્મશાનમાં કંઇ વિચિત્ર અનુભવો થએલા?'

'મારે એટલું કહેવું જોઇએ કે અશરીર જીવોની યોનિ છે ખરી, પણ એના પર આસ્થા રાખવાની જરૂર નથી. એવા જીવો મને મળ્યા છે, ને એનો ભય મને કોઇકોઇવાર લાગે છે ખરો; પણ તરત જ હું સ્વસ્થ થઇ જાઉં છું.'

'લોટની ભિક્ષા માગવાને પણ તમારે બોલવું પડે છે ખરૂં?'

'ના જી.'

'લોટ હમેશાં મળી રહે છે?'

'ના જી; કેટલીવાર મારે ભૂખ્યા રહેવું પડે છે. એકવાર તો લાગલાગટ ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડેલું કેટલાક લોકો મને ખુશીથી ખવડાવે છે, પણ બીજા કેટલાક મને સાચો નથી માનતા. કેટલાકે મને ધુતારો માન્યો છે, કેટલાકે છૂપી પોલીસનો માણસ પણ ગણ્યો છે.'

'જે જૂના મિત્રો ને સગાંની તમને એકવાર ચિંતા થતી તેમનો વિચાર કદી આવે ખરો?'

'કદી નહિ; બધું ભૂલી ગયો છું.'

'ગામડાંની કંગાલિયત જોઇને તમને દુઃખ થાય છે ખરૂં?'

'થાય છે. એ જોઇને આપે એ વિષે લખ્યું છે તે બધું મને યાદ આવે છે. આપે 'યંગ ઇંડિયા'માં લખેલા 'પતંગનૃત્ય' જેવા હૃદયભેદક લેખો મને યાદ આવે છે, ને થાય છે કે પતંગનૃત્ય તો ચાલી જ રહ્યું છે, એની ભીષણતા વધતી જાય છે. એ જોઉં છું ને મને થાય છે કે હું મૂઠી લોટ ખાઉં છું તે ખાવાનો પણ મને અધિકાર નથી મને સંતોષ એટલો જ છે કે હું એથી વધારે કોઇની પાસેથી લૂંટતો નથી. અને સ્મશાન-માં મૃત્યુનું પ્રત્યક્ષ દર્શન થાય છે એ પણ આશ્વાસનરૂપ છે.'

'ત્યારે તમે કોઇ દિવસ પાછા મારી પાસે આવશો, ને તમારે વિષે મેં સેવેલું સ્વપ્નું હજુ પૂરૂં કરશો, નહિ?'

'હું ઇચ્છું તો છું કે હા કહી શકું. પણ મને ખબર નથી. ભગવાન જ જાણે છે. કદાચ એમ બને. ઝાંખો સંભવ છે ખરો.'

'આખો દિવસ શાનો વિચાર કરો છો?'

'મંત્રનો જપ કરું છું. મને કશાથી ક્ષોભ થતો નથી, કશાથી ગ્લાનિ ઊપજતી નથી.'

'ત્યારે બધો ભય ગયો છે એમ કહી શકાય?'

'હા જી. હું તો શાંતિના સાગરમાં તરૂં છું. એ બધા આપના જ પ્રતાપ છે. આપે મને આ બધું શીખવ્યું છે. હું મારો ભૂતકાળ ઘણોખરો ભૂલી ગયો છું. પણ આપ ગીતા પર અને 'ભક્તરાજની યાત્રા' પર જે પ્રવચનો આપતા એ હું ભૂલ્યો નથી. મને અખંડ શાંતિ પ્રાપ્ત થઇ છે. ઊંઘમાં સ્વપ્નાં ભાગ્યે જ ખલેલ પાડે છે. લોકો ઘણીવાર મારી મશ્કરી કરે છે, મારો તિરસ્કાર કરે છે. એથી મને આનંદ થાય છે; ઘણીવાર હું એની ઝંખના પણ કરૂં છું. એ ઝંખનાનું પણ શમન થઈ જાય એટલું જ હવે ઇચ્છું છું. પ્રશંસાથી મને આનંદ ન થાય તો હાંસીથી શા સારૂ થવો જોઇએ? મારે એ અવિચળ સમતા જોઇએ—માન અપમાન વિષે સમત્વ જોઇએ પણ બાપુ, એકવાર હું કેવો વિલાસી હતો! અરે કેવા એ વિલાસી-પણાના દિવસો હતા! બધી મનની જ માયા છે. અત્યારે મારી શાંતિનો પાર નથી ને છતાં એક વખતે હું કેટલો મોજ-શોખમાં પડેલો હતો!' કહીને એ ખડખડાટ હસી પડ્યા.

'તમે આખો દિવસ ક્યાં બેસો છો?'

'નીચે ઓરડીમાં. ભાઇઓ આવે છે ને જાય છે. મને જરાયે ખલેલ નથી થતી કોણ આવે છે ને જાય છે એ પણ જાણતો નથી.'

'એ જ ખરો વિજય છે.' ગાંધીજીએ લખ્યું.

અહીં આ સંવાદ પૂરો થયો, ને અમે ઊઠ્યા.

(હરિજનબંધુ) —મહાદેવ હરિભાઇ દેસાઇ

સાણાનો ડુંગર

*** આપણા પ્રાંત અને દેશનાં વિવિધ વિશિષ્ટ સ્થાનોના આવા ટૂંકા, મુદ્દાસરના અને માહિતીપૂર્ણ પરિચયો જ્ઞાનદાયી ઉપરાંત ઘણાને પરિભ્રમણો કરવા પ્રેરે. તમે તમારી જાણનાં એવાં સ્થળો વિષે લખી મોકલોને!

સૌરાષ્ટ્રના ગીર પ્રદેશમાં જે ગિરિમાળાઓ છે તેમાં ખાસ કરીને નાંદીવેલો અને તુળશીશ્યામ સમીપના ડુંગરાઓ ખૂબ આકર્ષક છે. આનું કારણ એ છે કે આ ડુંગરાઓ વન-સ્પતિ અને મોટાં વૃક્ષોથી ભરચક હોવાથી દૂરથી પણ રળિયા-મણા લાગે છે પણ માત્ર જૂનાગઢ સ્ટેટના ટીંબી ગામ પાસેનો સાણાનો ડુંગર જ એક એવો છે કે જેના ઉપર બીલકુલ વન-સ્પતિ કે વૃક્ષો નજરે પડતાં નથી તે આ બધા ડુંગરોથી દેખાવમાં જુદો જ તરી આવે છે. આસપાસ દસદસ માઈલના અંતરેથી ખાલી મધપૂડાના ખોખાના આકાર જેવો તે દેખાય છે. આ ડુંગરામાં અસંખ્ય નાનાંમોટાં ભોંયરાં છે. હિંદના આ પ્રકારનાં બધાં સ્થળો વિષે જે દંતકથા હોય છે તેવી

આને વિષે પણ છે કે પ્રાચીન સમયમાં પાંડવો વનવાસ ભોગવતા હતા તે સમયે તેમણે અહીં નિવાસ કરેલો! પણ એટલું તો ચોક્કસ છે કે આ ભોંયરાં ખૂબ પુરાતની છે. ડુંગર બહુ ઊંચો નથી. એના ઉપર ચડવા માટે પગથીઆં પણ નથી; માત્ર છૂટીછવાઇ કેડીઓ છે અને આ કેડીઓના રસ્તેથી વગર-અડચણે તેના ઉપર ચડી શકાય છે. આ ડુંગરની તળેટીમાં સુંદર સ્વચ્છ પાણીનું એક ઝરણું વહે છે. ડુંગર ઉપર પણ સ્વચ્છ મીઠા પાણીનાં બે ટાંકાં છે, અને તેમાંથી કદી પાણી ખૂટતું નથી. ભોમીઓ આપણને ભોંયરાંઓમાં ભીમની પૂજાનું શિવલિંગ નામનો પાંચસાત માણસની બાથમાં માંડમાંડ આવી શકે તેટલા ઘેરાવાવાળો અને લગભગ બારેક ફૂટ ઊંચો પથ્થર બતાવે છે. તેમજ ભીમની ચોરીનો મંડપ, પાંડવોનો સભામંડપ વગેરે દેખાડે છે. આ ભોંયરાનો બહારનો દેખાવ બહુ ધ્યાન ખેંચે એવો નથી, પણ અંદરનો દેખાવ જોઇ મન રંજન પામે છે સભામંડપમાં ચારે બાજુ પથ્થરથી જડેલી સુંદર બેઠક છે અને આખા મંડપમાં પથ્થરના સ્તંભો ઊભા કરેલા દેખાય છે. વળી કેટલાંક ભોંયરાંઓમાં પ્રવેશદ્વાર અને બહાર નીકળવાનાં દ્વાર જુદાંજુદાં છે. બહુ ઊંડાં અને અંધારા-વાળાં ભોંયરાંમાં ચામાચીડિયાં વગેરેના વસવાટથી તેમની હગાર આદિને લીધે પુષ્કળ ખરાબ વાસ આવે છે, કેટલાંક ભોંયરાં ગુફા જેવાં છે જેમાં પેટભર ચાલીને જ અંદર જવાય છે પરંતુ અંદર ગયા પછી હવા ઉજાસ માટે જાળિયાંની માફક નાકાં બાકાં હોવાથી મૂંઝવણ થતી નથી. આ ભોંયરાં માંહેના કોઇકોઇ તો એટલાં વિશાળ છે કે તેમાં હજારો માણસો સહે-લાઇથી સમાઇ જાય. આ પ્રદેશમાં અગાઉ થઈ ગએલા બહાર-વટીઆ, ચોર, લૂંટારા વગેરે લોકો દિવસોના દિવસો સુધી કોઇ પણ પ્રકારની પકડાવાની ધાસ્તી વગર નિર્ભયરીતે અહીં રહેતા. ચોમાસાના વખતમાં જ્યારે હેલીબંધ વરસાદ વરસતો હોય છે ત્યારે આજુબાજુના ગામના ભરવાડ, રબારી લોકો પોતાનાં ઘેટાંબકરાંના મોટાં ટોળાંઓ સાથે અહીં રહે છે. કેટલાંક ભોંયરાંમાં હિંસક પશુઓ ઘણીવાર જોવામાં આવે છે તેથી જોવા જનારે ભોમિયાની સાથે જવું હિતકર છે.

(જાફરાબાદ) —કેશવલાલ જટાશંકર મહેતા.

અરધો છોકરો-જહૉની એક

દુનિયાભરમાં અનન્ય એવા, કુદરતના ચમત્કારરૂપ આ અરધા છોકરાનો જન્મ આજથી એકવીસ વરસ પહેલાં બાલ્ટિ-મોરમાં થયો હતો. એનો જોડીઓ ભાઇ તમે ચિત્રમાં જુઓ છો તેવો સર્વાંગસંપૂર્ણ છે. પરંતુ જહૉની જન્મ્યો ત્યારથી જ એ ભાઇસાહેબનું છાતી નીચેનું અંગ જ નથી. એટલે હરવાફરવામાં પગ વિના પડતી મુશ્કેલીનો નિવેડો એણે હાથના ટેકા લઇ આણ્યો. યોગીઓના તુલાસન પેઠે પોતાના હાથ પર સમતોલ-પણું જાળવવાની ટેવ એણે વરસ દિવસમાં બરાબર હસ્તગત કરી. ઘણા એમ માને છે કે એવી રીતે નિરંતર હરફર કરવાથી



જહૉનીના હાથ મજબૂત અને કઠણ થયા હશે; પણ એમ નથી.

સામાન્ય બાળકની માફક એને પણ નિશાળે મોકલવામાં આવતો હોવાથી એ કેળવાએલો છે. એણે બાલ્ટિમોરની સ્થાનિક Strayer's Business Collegeમાં વ્યાપારી શિક્ષણ લીધું હતું અને એ કૉલેજમાંથી હજુ સુધી કોઇને પણ નથી મળ્યું એવા સર્વોત્તમ માન સાથે એ સ્નાતક થયો છે. એણે સંગીતનો પણ અભ્યાસ કર્યો છે, અને સામાન્ય છોકરાઓને આવડતી રમતોમાંની એવી એકેય નથી કે જે જહૉની નહિ રમી જાણતો હોય. બેઇઝબૉલ, રગ, ટેનિસ વગેરે એ સફળતાથી રમી શકે છે અને હાઈડસીકની રમતમાં એ એટલો તો કુશળ છે કે દા' દેનાર એને ખોળી શકતો નથી! તરવામાં એને અપરિમિત આનંદ આવે છે અને પોતે તરી તેમ જ ડુબકી મારી શકતો હોવાથી પાણીમાં એ બીલકુલ અસ્વસ્થ નથી હોતો.

સામાન્ય છોકરાં કરતાં એણે એટલી બધી નિપુણતા મેળવી છે કે એના નૈપુણ્યવિષયોની નામાવલિ વાંચતાં આપણે સહેજે આભા બનીએ. વ્યાપારી શિક્ષણ ઉપરાંત કલાકાર, તરાહકાર, નમૂના રચનાર, સંગીતકાર, જાદુગર, નટ, મર્માળ હસમુખો, ઠઠ્ઠાચિત્રો દોરનાર, ગારૂડી અને ચલચિત્રપટના રૂપધર તરીકે એણે પ્રવીણતા મેળવી છે.

આખું યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડા એ ફરી વળ્યો છે અને આમાંનો ઘણોખરો પ્રવાસ ટ્રાવેલિંગ શો આપવા માટે થયો હતો. શિયાળા દરમિયાન જ્યારે ટ્રાવેલિંગ શોનું કાર્ય મંદ હોય છે ત્યારે નાઇટ ક્લબ્સ, કૉન્સર્ટ અને નાચોમાં એ પોતાનાં રચેલાં ગીતોનું ઓરકેસ્ટ્રા ગોઠવે છે. એમાં યે તે એ જશ મેળવે છે.

એણે કેટલાંક ચલચિત્રપટમાં પણ કામ કર્યું છે. દરેક જણ એને કરોડપતિ વ્યક્તિ તરીકે અચ્છી રીતે પિછાને છે.

સારી ચોપડીઓ માટેની એની પસંદગી ખીનતારીફ છે અને વાચન એ એનો અતિ પ્રિય વિનોદ છે. ઘણાને નવાઇ લાગે છે કે એ શી રીતે ઘરમાં ફરતો હશે! પરંતુ એને માટે એક એવું ખાસ સાધન બનાવવામાં આવ્યું છે કે જેમાં એ શહેર આખામાં ફરી શકે છે. કેટલીક વખત તો એ દૂરનાં ગામોમાં ફરવા પણ જાય છે. જ્યાં જાય ત્યાં એ પોતાનું મિત્ર-મંડળ જમાવે છે અને એ મૈત્રી એ નભાવી રાખે છે!

એની અંગત માહિતી તો એનાં માતાપિતા હયાત છે. એક બહેન અને જોડીઓ ભાઇ એના કૌટુંબિક સુખમાં વધારો કરે છે. શરીરે એ તદ્દન નીરોગી છે. એ બધી વસ્તુઓ ખાઇ શકે છે, પણ એ અલ્પહારી છે. ઘણા માણસો કરતાં એ વધારે સારી રીતે જીવનની મોજ માણી શકે છે. આલમનું આ અજાયબ અડધિયું ૧૮ ઇંચ ઊંચું અને વજનમાં ૫૭ રતલી છે. એ પહેલવહેલું ૧૯૨૪માં વૉશિંગ્ટનના ડેપ્યુટી કમિશ્નરની ખાસ પરવાનગીથી જાહેરમાં રજુ થયું હતું

લીમડો

*** મંજરીઓની મીઠી વાસથી મહેકતા લીમડા અને આંબાઓ જ્યારે ફળવા લાગ્યા છે એવી આ ઋતુમાં એમાંના એકનો આ નીચેનો પરિચય ઉચિત નીવડશે.

લીમડો તો કોણે નહિ જોયો હોય? આપણા આંગણાનું એ ઝાડ. એને સંસ્કૃતમાં નિંબ, હિંદીમાં નીમ અને અંગ્રેજીમાં નીંબ અથવા નીમ ટ્રી કહે છે. આખા હિંદમાં એ થાય છે. મુસાફરને શીળો છાંયો અને આરામ મળે એ હેતુથી રસ્તાની બંને બાજુ એને ઉગાડવામાં આવે છે.

એનાં પાન સંયુક્ત અને તેની કોર કરવતના જેવા દાંતાવાળી હોય છે. ઉનાળામાં એને ધોળા રંગની મંજરીઓ જેવાં ઝીણાં ફૂલ બેસે છે. એમાં આછી સુગંધ પણ હોય છે. એ ફૂલ જોકે હોય છે ઝીણાં પણ ઝૂમખાંબંધ પુષ્કળ થાય છે. વખત જતાં એ ફૂલમાંથી અંડાકાર લીંબોળીઓ થાય છે. તેમાં એક મોટો ઠળીઓ હોય છે. શરૂઆતમાં એ કડવી હોય છે, પણ પાકીને પીળા રંગની થાય છે ત્યારે મીઠી બને છે અને રાયણને મળતી લાગે છે. નાનાં છોકરાં તે હોંશે ખાય છે. લીમડાનું ઝાડ વડ તથા ગુલમહોરના ઝાડની માફક પથરાતું નથી, પણ ઘટ્ટ આકારનું ગોળ તંબૂ પેઠે ઊગે છે.

લીમડો ઘણું ઉપયોગી વૃક્ષ છે. આપણે એના બધા ગુણ બરાબર જાણતા નથી, પણ ખરૂં જોતાં તો એ આપણી પૃથ્વી પરનું કલ્પતરૂ કહી શકાય એવું છે. લગભગ ઘણા વ્યાધિમાં એ વૃક્ષ ઉપયોગી છે. એ ઝાડ આજકાલથી નહિ પણ જૂના કાળથી જાણીતું છે. છેક પુરાણા કાળથી આપણા લોકોએ એ ઝાડનાં પાન, ફળ તથા મૂળ વડે અનેક અખતરા કરી એના ગુણનાં ગાન ગાયાં છે. એ ઝાડની આટલી બધી ઉપયોગિતાને લીધે પ્રાચીન શાસ્ત્રકારોએ એક નિયમ ઘડી કાઢ્યો છે કે દર વર્ષે એટલે ચૈત્ર સુદ ૧ ને દિવસે દરેકે નાહી ધોઇ પવિત્ર થઇ, લીમડાનાં કુમળાં પાન તથા ફૂલમાં હીંગ, મરી, આમલી, સિંધવ, અજમો, ગોળ તથા જીરૂ મેળવી પ્રાશન કરવું.

લીમડો સ્વાદમાં જોકે કડવો છે, પણ તેના ગુણ બધા મીઠા અમૃત જેવા છે. લીમડાની છાયા ઘણી જ શીતળ અને નીરોગી મનાય છે. ઘરની આજુબાજુ વાડામાં જો લીમડાનું ઝાડ હોય તો ત્યાંની હવા ઘણી શુદ્ધ રહે છે.

લીમડાનું ઝાડ અતિશય જૂનું થાય તો તેના લાકડામાંથી શુદ્ધ ચંદનના જેવી ખુશબો નીકળે છે. ઇમારતી કામમાં એનાં લાકડાં સારાં ગણાય છે, કારણ કે તેમાં રહેલી કડવાશથી કીડા કે જંતુ લાગી સળી જવાનો ભય ઘણો ઓછો હોય છે.


લીમડાનું ઝાડ ઘણાં વર્ષો સુધી જીવી શકે છે તેમજ એક વાર કપાઈ જાય તો પણ ફરી થોડા વખત પછી એમાંથી નવો ફણગો ફૂટી મોટું ઝાડ થાય છે. કડવો લીમડો ઠંડો, તીખો, ગ્રાહક, લઘુ, વ્રણશોધક તથા બાળકોને ઘણો ઉપયોગી છે. કફ, ઉલટી, કરમ, સોજા, પિત્ત, વાયુ, હૃદયદાહ, કોઢ, તૃષા, શ્રમ, રુધિરસ, અરૂચિ, તાવ વગેરે દર્દો તેમજ ઘા ઉપર તે અતિ ઉપયોગી છે. રક્તદોષ તથા મેહનો એ નાશ કરે છે. લીમડાનાં કુમળાં પાન ગ્રાહક તથા વાતકર છે. આંખના રોગ તથા કોઢ ઉપર તે ઘણાં ઉપયોગી ગણાય છે. પાકાં પાંદડાં મોટે ભાગે વ્રણનાશક ગણાય છે.

લીમડાની છાલ ઘણી કડવી હોય છે. ઉપરાંત એ પાચક તથા ગ્રાહી પણ છે. એનાં પાંદડાં ઘઉંની પોટીશ સાથે વાપરવાથી ગાંઠ બેસી જાય છે. શીતળાનાં ચાઠાં ઉપર લીમડાનાં પાંદડાં વાટીને લગાવવાથી ફાયદો થાય છે.

સ્ત્રીને પ્રસવ થયા પછી પહેલા ત્રણ દિવસ સુધી તેને ખાતાં પહેલાં લીમડાનાં પાંદડાંનો થોડો રસ આપવામાં આવે છે. આથી માતાને દૂધ વધારે આવે છે અને શરીર નીરોગી બને છે. પ્રસૂતાને એ વખતે નાજુક તબિયતને લીધે ઘણા રોગ થવાનો સંભવ હોય છે તથા ઘણી સ્ત્રીઓને સુવારોગ થઇ આવે છે. એ વેળા જો એ લીમડાનાં પાંદડાંનો રસ ત્રણ દિવસ કાળજીપૂર્વક પીધો હોય તો કદી સુવારોગ જેવો ભયંકર રોગ થતો નથી.

એવું કહેવાય છે કે મસુરની દાળને લીમડાનાં પાંદડાંમાં મેળવી ચૈત્ર મહીનામાં દરરોજ ખાવાથી ભયંકર ઝેરી સાપનું ઝેર સુદ્ધાં ચડતું નથી વિયાએલી ગાયને જો લીમડાનાં પાંદડાં ખવડાવવામાં આવે તો તે પણ નીરોગી બની સશક્ત થાય છે અને વધારે પ્રમાણમાં દૂધ આપે છે.

લીમડાની કાચી લીંબોળીમાં આંખના રોગ, રક્તપિત્ત તથા કફના રોગો નાશ કરવાનો ગુણ છે. બહુ ખાંડ ખાવાથી નાનાં બાળકોના પેટમાં કરમ પડે છે તેમને લીમડાનાં પાંદડાંનો રસ પાયો હોય તો પેટમાંથી કરમ નીકળી જાય છે.



પીરની માનતા

ચિત્રકાર : છગનલાલ જાદવ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)